# ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

**Vol. 073 Issue No. 17 Date : 16-05-2026**

## આ અંકમાં

| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શાંતિસેના |
| નારાયણ દેસાઈ | ૦૩ | અહિંસક સંરક્ષણનું સોણલું |
| જવાહરલાલ નેહરુ | ૦૪ | યુદ્ધ : અસત્ય, હિંસા, હેવાનિયત અને વિનાશ |
| કે. અરુણાચલમ્ | ૦૬ | જયપ્રકાશ નારાયણ : જય જગતનો શંખનાદ |
| કાન્તિ શાહ | ૦૭ | યુદ્ધ : આધુનિક સભ્યતાનું એક અંગ |
| સોનલ પરીખ | ૦૮ | ઑલ્ડ મેન સ્ટાર્ટ ધ વૉર્સ, યંગ મેન ફાઇટ ઍન્ડ ડાય |
| યજ્ઞેશ દવે | ૦૯ | યુદ્ધમાં દેખાય છે માણસનો એક વરવો ચહેરો |
| સ્વામી આનંદ | ૧૧ | અણુશસ્ત્રોના ઓળા : માણસ પોતાનો જ મિત્ર ને પોતાનો જ શત્રુ |
| રજની દવે | ૧૪ | એક ઝંખના : વિશ્વશાંતિની |
| રાજુ રૂપપુરીયા | ૧૭ | કહેવાતા વિકાસનો વરવો ઇતિહાસ : ધિ કિલિંગ એજ |
| જયતી ઘોષ | ૧૮ | 'ગેંગસ્ટર સામ્રાજ્યવાદ' |
| ગુજરાત સમાચાર | ૧૯ | આ યુદ્ધ પૂરું થશે પછી અપાર પરિવર્તનો આવશે |
| મહેશ પંડ્યા | ૨૦ | મધ્ય પૂર્વ (ખાડી દેશો)દેશોમાં ચાલતા યુદ્ધથી ગ્લોબલ વોર્મિંગમાં વધારો થશે |
| રજની દવે | ૨૫ | કટોકટી અંગેના પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ |
| દિવ્ય ભાસ્કર | ૨૬ | કોસ્ટ ઓફ વોર |
| પ્રફુલ્લ શાહ | ૨૭ | શસ્ત્રવિહોણો સૈનિક |
| આશા વીરેન્દ્ર | ૨૮ | કોઈ લૌટા દે |

યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org




## આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શાંતિ સેના

**○ વિનોબા ○**

### ■ યૂનો (UNO) શાંતિસેના રાખે

યુદ્ધવિરોધી શાંતિચાહકોની પરિષદે એક પ્રસ્તાવ પાસ કર્યો હતો કે 'વિશ્વ શાંતિસેના'ની રચના કરવામાં આવે. પ્રશ્ન થાય – તે કેવી રીતે બનશે ? તેની પ્રક્રિયા શું હશે ? તે કોણ બનાવશે ? આપ સૌ જાણો છો – આજે દુનિયામાં એક સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO), તે બધા દેશોનો એક સંયુક્ત સમૂહ છે. દુનિયાના બધા દેશોના ઝઘડા અને પ્રશ્નો તેની સમક્ષ રાખવામાં આવે છે. કેટલાક નિર્ણયો તેમાં લેવામાં આવે છે. કેટલાક દેશોને મદદ પણ પહોંચાડવામાં આવે છે. યુનોના આ 'રાષ્ટ્ર પંચ' પાસે શાંતિ સ્થાપવા માટે તેની પોતાની એક નાની સેના પણ હોય છે. સહજ પ્રશ્ન થશે જ કે, અધિક સામર્થ્ય ધરાવવાવાળા દેશો છે, અને તેઓ વિશ્વશાંતિ જાળવવા યુનોમાં આવ્યા છે – સભ્ય બન્યા છે તેઓ યુનોમાં સશસ્ત્ર સેના કેમ રાખે છે ?

ઘણા બધા સમર્થ દેશોની સેના વચ્ચે યુનોની નાનકડી સેના તો હાસ્યાસ્પદ બની જશે. તે શાંતિ સ્થાપવામાં કંઈ વિશેષ નહીં કરી શકે. મેં ઘણી વખત કહ્યું છે કે યુનો સેના (લશ્કર) રાખે છે તે યોગ્ય નથી, ખોટું છે. જો સેના રાખવી જ હોય તો શાંતિસેના રાખવી જોઈએ.

### ■ ભારતના ૧ લાખ શાંતિસૈનિક

ભારતની વસ્તી દુનિયાની વસ્તીનો છઠ્ઠો ભાગ છે. (આજે તે વિશ્વના આશરે ૧૭.૯ ટકા છે) દુનિયાની જનસંખ્યા પ્રમાણે કુલ શાંતિસૈનિક સાત લાખ જોઈએ. જો યુનો મારી વાત સ્વીકારે તો ભારતમાંથી એક લાખ શાંતિસૈનિક ઊભા કરવાની જવાબદારી લઉં અને તેનું નેતૃત્વ કરવાનું કામ કરવા પણ તૈયાર છું.

### ■ વિશ્વશાંતિ મંડળ

વિશ્વશાંતિ માટે આપણા બધા દેશોએ પોતપોતાની શાંતિ- સેનાઓ રચવી પડશે. દેશમાં પોતાનાં રાજ્યોમાં પણ શાંતિસેનાનાં જૂથો હોય. વિશ્વનાં બધાં શાંતિસેનાનાં જૂથો 'વિશ્વ શાંતિ' મંડળ બનાવે. શાંતિસેનાનાં જૂથો વચ્ચે સઘન સંપર્ક રહે.

### ■ વિશ્વશાંતિની વાત : વૈચારિક વસ્તુ

સમગ્ર વિશ્વમાં એક વિચાર ફેલાવવાની વાત કોઈ વિશેષ પુરુષ દ્વારા જ થઈ શકે છે. આ જમાનામાં શાંતિનો પ્રચાર ટોલસ્ટોયે પોતાના સાહિત્ય દ્વારા કર્યો હતો. ગાંધીજીએ પોતાના કર્મ દ્વારા આ કામ કર્યું. આવું કામ સામાન્ય માણસ ન કરી શકે. પરંતુ વિશ્વ-શાંતિસેનાની વાત કરીએ ત્યારે આપણે આ વિચારને આકાર આપવાની વાત કરવી જરૂરી છે. અત્યારની સ્થિતિમાં વધુમાં વધુ જ્યારે કોઈ પ્રશ્ન વિશ્વમાં ઊભો થાય ત્યારે આપણે આપણો વિચાર રજૂ કરીએ અને ટોકનના રૂપમાં જે તે દેશમાં આપણા કેટલાક કાર્યકર્તાઓને મોકલીએ.

જે તે દેશના શાંતિસેનાના સભ્યો અન્ય દેશોમાં જાય અને ત્યાં શાંતિસેના (કે શાંતિચાહક જૂથો) કેવી રીતે કામ કરે છે તેનો અભ્યાસ કરે અને પરિચય વધારે.

**सर्वेषां स्वस्तिर्भवतु (शांति के लिए):**

**ॐ सर्वेषां स्वस्तिर्भवतु, सर्वेषां शान्तिर्भवतु,**
**सर्वेषां पूर्णभवतु, सर्वेषां मङ्गलंभवतु ।**
**ॐ शान्तिः शान्तिः शान्तिः ।।**
अर्थः सभी का कल्याण हो, सभी को शांति मिले,
सभी पूर्णता प्राप्त करें, सभी का मंगल हो।
ॐ शांति, शांति, शांति।



**ॐ द्यौः शान्तिरन्तरिक्षं (वैश्विक शांति):**

**ॐ द्यौः शान्तिरन्तरिक्षं शान्तिः,**
**पृथ्वी शान्तिरापः शान्तिरोषधयः शान्तिः।**
**वनस्पतयः शान्तिर्विश्वेदेवाः शान्तिर्ब्रह्म शान्तिः,**
**सर्वं शान्तिः, शान्तिरेव शान्तिः, सा मा शान्तिरेधि ।।**
ॐ शान्तिः शान्तिः शान्तिः ।।
अर्थः स्वर्ग में शांति हो, अंतरिक्ष में शांति हो,
पृथ्वी पर शांति हो, जल में शांति हो,
ओषधियों में शांति हो। हर जगह शांति हो।

Published on 1st & 16th of Every Month
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
Vol.73 Issue No.17 1957 Date : 16-05-2026
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અને ક્યાંક મોટો પ્રશ્ન પેદા થાય તો દરેક દેશના પાંચ-છ લોકો ત્યાં જાય, દેખાવો કરે. આની પણ અસર પડતી હોય છે.

(વિનોબાજીના પ્રવચનનો ભાવાનુવાદ)

## ■ વિનોબા કહે છે -

આજની સરકારોનો અંતિમ આધાર લશ્કર છે, અને લશ્કરનો આધાર હિંસાબળ છે. તેમ છતાં આજે બધે ઠેકાણે લોકો સરકાર પર શા માટે ભરોસો મૂકે છે ? શું લોકોને હિંસા ગમે છે ? પોલીસનો ડંકો કે બંધૂકનો કુંદો ખાવો મીઠો લાગે છે ? ના, જરાય નહીં. લોકોને હિંસા તો નથી જ ગમતી તેમ છતાં લોકો સરકાર અને લશ્કરને શિરોમાન્ય કરે છે. તેની પાછળનું શું કારણ છે ?

સરકારમાં બીજા ગમે તેટલા દોષ હોય પણ એક ગુણ છે કે એ સર્વવ્યાપક છે. તેમજ પ્રશ્નોને ઉકેલવાની છેલ્લી જવાબદારી સરકાર પોતાના માથે લે છે. આપણું અહિંસાવાળાનું તેથી ઊલટું છે. આપણી અહિંસા અને પ્રેમની વાત લોકોને ઘણી ગમે છે. હિંસા અને બળજબરી કરતાં ચડિયાતી લાગે છે; પણ આપણે તો આપણા આશ્રમની ઝૂંપડીમાં મર્યાદિત કાર્ય લઈને, રેંટિયો પકડીને બેસી જઈએ છીએ, લોકજીવનની સાર્વત્રિક અંતિમ જવાબદારી માથે લેવાની, આજે આપણે અહિંસાવાળા, હિંમત ભીડતા નથી અને તેથી લોકો નાછૂટકે સરકાર અને લશ્કર તરફ વળે છે. આપણી કમજોરીઓ પૈકીની આ એક સહુથી મહત્ત્વની કમજોરી છે. શાંતિસેના તેને દૂર કરવાનો ઉપાય છે. પોષણના પ્રશ્ને ગ્રામદાન મારફત અહિંસાએ પોતાની શક્તિ બતાવી; હવે રક્ષણના પ્રશ્ન વિષે શાંતિસેના મારફત બતાવે. આમ, અહિંસા જેમ જેમ સમાજની એક પછી એક જવાબદારી ધારણ કરતી જશે, તેમ તેમ હિંસાને ખસતાં જ જવું પડશે.

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શાંતિસેના |
| નારાયણ દેસાઈ | ૩ | અહિંસક સંરક્ષણનું સોણલું |
| જવાહરલાલ નહેરુ | ૪ | યુદ્ધઃઅસત્ય, હિંસા, હેવાનિયત અને વિનાશ |
| કે. અરુણાચલમ્ | ૬ | જયપ્રકાશ નારાયણ : જય જગતનો શંખનાદ |
| કાન્તિ શાહ | ૭ | યુદ્ધ : આધુનિક સભ્યતાનું એક અંગ |
| સોનલ પરીખ | ૮ | ઑલ્ડમેન સ્ટાર્ટ ધ વૉર્સ યંગમેન ફાઇટ એન્ડ ડાય |
| યજ્ઞેશ દવે | ૯ | યુદ્ધમાં દેખાય છે માણસનો એક વરવો ચહેરો |
| સ્વામી આનંદ | ૧૧ | અણુશસ્ત્રોના ઓળા : માણસ પોતાનો જ મિત્ર, પોતાનો જ શત્રુ |
| રજની દવે | ૧૪ | એક ઝંખનના : વિશ્વશાંતિની |
| રાજુ રૂપપુરીઆ | ૧૭ | કહેવાતા વિકાસનો વરવો ઇતિહાસ : The Killing Age |
| જયતી ઘોષ | ૧૮ | ગેંગસ્ટર સામ્રાજ્યવાદ |
| ગુજરાત સમાચાર | ૧૯ | આ યુદ્ધ પૂરું થશે પછી અપાર પરિવર્તન આવશે |
| મહેશ પંડ્યા | ૨૦ | મધ્યપૂર્વ દેશોમાં ચાલતા યુદ્ધથી ગ્લોબલ વોર્મિંગમાં વધારો થશે |
| રજની દવે | ૨૫ | કટોકટી અંગેના પુસ્તકનો લોકાર્પણ કાર્યક્રમ |
| દિવ્ય ભાસ્કર | ૨૬ | કોસ્ટ ઑફ વોર |
| દિવ્ય ભાસ્કર | ૨૭ | શસ્ત્રવિહોણો સૈનિક |
| આશા વીરેન્દ્ર | ૨૮ | કોઈ લૌટા દે |


## ■ ભૌતિક યુગ

આપણો આ કાળ મુખ્યત્વે ભૌતિક શક્તિઓની ગંજાવર પ્રગતિનો કાળ સાબિત થયો છે. બે-અઢી હજાર વર્ષ પહેલાં જગતમાં નૈતિક શક્તિઓએ એક જબરી ફાળ ભરી હતી; ભારતમાં બુદ્ધ-મહાવીર, ચીનમાં લાઓત્સે-કન્ફ્યુશસ અને પશ્ચિમમાં સોક્રેટિસ અને ઈસુ પ્રભુ પ્રગટ્યા હતા. છેલ્લાં સાડા ત્રણસો વર્ષથી ભૌતિક યુગ મંડાયો છે. યંત્રવિજ્ઞાનમાં માનવે અભૂતપૂર્વ પ્રગતિ કરી અને તેની અસરો હેઠળ માનવ-સંગઠનનું તંત્ર પણ સજ્જડ થયું. હિંસાએ વિનાશનાં અનેક નવાં હથિયારો ધારણ કર્યાં અને લશ્કરી તંત્રમાં વિદ્યુતનો વેગ પુરાયો.

પણ લશ્કરની શિસ્ત અને ઝડપની તોલે આવે એવું અહિંસા પાસે શું છે ?

## ■ વિજ્ઞાન અને અહિંસાના જન્માક્ષર મળતા આવે છે

જેમને એવો ખ્યાલ છે કે આ સર્વોદયવાળા વિજ્ઞાનના યુગમાં શી રીતે ફાવશે, તો તેઓ કંઈ સમજતા નથી. આજે કેટલાક વિજ્ઞાનીઓ સાથે મારે વાતો થઈ એમને મેં કહ્યું કે લોકોમાં એવા કેટલાક ખ્યાલો ભરાઈ ગયા છે કે સર્વોદય અને વિજ્ઞાન એ બંનેનો તો મેળ જ ન મળે. પણ વાત તેથી તદ્દન ઊલટી જ છે. હિંસક સમાજરચના વિજ્ઞાનની પ્રગતિ માટે અનુકૂળ નથી. જો આપણે વિજ્ઞાનની પ્રગતિને નિરંકુશ તક આપવા માગતા હોઈએ અને વિજ્ઞાનની ગતિને રોકવા ન માગતા હોઈએ, તો વિજ્ઞાનની સાથે અહિંસાનો સંબંધ જોડવો જોઈએ. તેથી પૃથ્વી પર સ્વર્ગ આવશે, પણ જો હિંસાની સાથે વિજ્ઞાનને જોડવામાં આવશે તો માનવનો પણ નાશ અને વિજ્ઞાનનો પણ નાશ થાય; કેમ કે માનવ જ મટી જાય તો વિજ્ઞાન આ દુનિયામાં કોને આધારે ટકશે ? - કોના માટે ટકશે ?

## ■ મન પર અંકુશ

વિજ્ઞાનથી જે સંહારક શક્તિ પેદા થઈ છે તેનું પરિણામ એ આવવાનું છે કે હવે કાં તો વિજ્ઞાન પર માણસ અંકુશ રાખે અને જો એ ન થાય તો પછી માણસે પોતાના મન પર અંકુશ રાખવો પડશે. એ બેમાંથી એક વસ્તુ તો કરવી જ પડશે. વિજ્ઞાન પર અંકુશ રાખવાનું તો હવે નથી થઈ શકવાનું તો પછી શું કરીશું ? તો મન ઉપર અંકુશ રાખવો એ જ એક ઉપાય છે.

(સંકલિત)




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અહિંસક સંરક્ષણનું સોણલું



અહિંસામાં માનનારા લોકો માટે એક પડકાર એવો છે કે આક્રમક સેનાના હુમલા વખતે અહિંસાને વરેલો દેશ તેનો સામનો શી રીતે કરે ? ગાંધીજીને અહિંસા પર એટલી શ્રદ્ધા હતી કે આ પ્રશ્નોનો ઉકેલ પણ અહિંસાથી આવે જ એવી ગાંધીજીને ખાતરી હતી. પણ એનો પ્રયોગ કરી જોવાનો અવસર નહોતો મળ્યો.

વિદેશી આક્રમણ વખતે અહિંસક બચાવનો કાર્યક્રમ આજ લગી કોઈ દેશે પોતાની સુરક્ષા-નીતિ તરીકે અજમાવી નથી જોયો. હા, આંતરરાષ્ટ્રીય શાંતિવાદીઓનાં વર્તુળોમાં એ વિષય અવારનવાર ચર્ચાતો રહ્યો છે. અનેક શાંતિવાદી સંશોધકોએ આને અંગે અધ્યયન કરીને લખાણો કર્યાં છે કે પરિસંવાદો યા સંમેલનોમાં એની ચર્ચાઓ કરી છે. ટૂંકમાં આ પ્રશ્ન ઉકેલ્યો નથી, પણ શાંતિ (ચાહકો)નાં વર્તુળોમાં એ જીવતો જાગતો અને વર્ધમાન પ્રશ્ન છે. 'વર્ધમાન' એટલા સારુ કહ્યો કે જુદા જુદા સંશોધકોએ આ બાબત પર અભ્યાસ કરીને વિચારને આગળ વધાર્યો છે.

....ગાંધીજીએ અંગ્રેજોને પોતાની સલામતી ખાતર, ભારતની સલામતી ખાતર અને સમગ્ર વિશ્વની શાંતિ ખાતર ભારત ઉપરનું પોતાનું વર્ચસ્વ છોડવું જોઈએ એમ સૂચવ્યું હતું. જાપાન જો ભારત ઉપર આક્રમણ કરે તો તેની સામે હિંદુસ્તાનના લોકો અહિંસક અસહકાર કરશે એમ કહી એમણે તેની નીચે મુજબ સમજૂતી આપી :

(૧) આક્રમણકારીને લોકો નમે નહીં અને એનો કોઈ હુકમ માને નહીં. (૨) એની પાસે કોઈ લાલચભરી અપેક્ષા રાખે નહીં. એની દીધી લાંચ લે નહીં. છતાં એની પર દ્વેષ રાખે નહીં. અને એનું અહિત ઇચ્છે નહીં. (૩) જો તે ખેતરોનો કબજો લેવા ઇચ્છે તો લોકો મરવું પડે તોય એનો કબજો ન છોડે. (૪) હા, જો તે માંદો પડે કે તરસથી મરતો હોય તો, અને તે મદદ માગે તો એની ના ન પડાય. (૫) જ્યાં અંગ્રેજો અને જાપાની લશ્કર લડતાં હોય ત્યાં હિંદીઓનો આવો અસહકાર નિરર્થક અને બિનજરૂરી હશે.

## ■ ગાંધીજીએ મીરાંબહેનને ઓરિસ્સા મોકલ્યાં

મે (૧૯૪૨) માસમાં મીરાંબહેન ઓરિસ્સા પહોંચ્યાં. લોકોમાં ગભરાટ જોયો. અંગ્રેજોની ગોરી સેના તો ક્યાંય ભાળી જ નહીં. મીરાંબહેનનો વિચાર પૂર્વી મોરચા પર સીધું કામ ઉપાડવાને બદલે ત્યાં ધીરેથી આગળ વધવાનો અને લોકોને અહિંસક પ્રતિકારનો વિચાર પૂરો સમજાવવાનો હતો. (પણ) એમને એવો ભય હતો કે એક સમય એવો પણ આવશે કે જ્યારે મામલો કાબૂ બહાર જશે. ગાંધીજીએ સૂચવ્યું કે સુરક્ષાની જવાબદારી પોતે કે કૉંગ્રેસ ન ઉપાડે; પણ લોકો જ પોતાની મેળે ને પોતાની સૂઝ પ્રમાણે ઉપાડી લે.... આપણે જાપાની સૈન્ય સાથે પૂરો અસહકાર કરવાનો છે. આપણાથી એને કંઈ મદદ ન કરાય. આપણે એને કોઈ ચીજ વેચાતી ન આપી શકીએ. એક ચીજ તેઓ કદાપિ ન કરે - જાપાનીને સ્વેચ્છાએ વશ ન થાય.

## ■ આક્રમણ સામે અહિંસક પ્રતિકારની યોજના

અહિંસક પ્રતિકારની ગાંધીજીની યોજના અંગે 'લિબર્ટી' નામના અમેરિકન માસિકના ૧૯૪૦ના ઑગસ્ટ માસમાં એક લેખ પ્રગટ થયો હતો. એ લેખનું મથાળું હતું 'હિંદનું રક્ષણ કરી શકાય ?'

આ લેખ એવે વખતે લખાયો છે જ્યારે યુરોપમાં જર્મની વિજય-કૂચ કરી રહ્યું હતું. અને એ ઇંગ્લેંડ પર ટૂંક સમયમાં જ હુમલો કરે એવી સંભાવના લાગતી હતી. પોતાની સ્વતંત્રતા મેળવવા સારુ હિંદ જર્મની, રશિયા કે બીજા કોઈ પાસેથી મદદ સ્વીકારશે ?

ગાંધીજીનો આ પ્રશ્ને ચોખ્ખો ને ચટ જવાબ છે : ના.

પ્રશ્ન - પુછાય છે અમેરિકન મિત્ર દ્વારા, ધારી લો કે સ્વતંત્ર હિંદ રાષ્ટ્રની નીતિના સાધન તરીકે સત્યાગ્રહ અને અહિંસા અપનાવે છે તો પણ બીજા કોઈ રાજ્યના સંભવિત આક્રમણ સામે તે પોતાનો બચાવ કેવી રીતે કરશે ?

જવાબ - ''હિંદ આ રીતે પોતાનું રક્ષણ કરશે. હિંદના સ્વતંત્ર રાજ્યના પ્રતિનિધિઓ ચડાઈ કરનારાઓને કશો સામનો કર્યા વિના અંદર આવવા દેશે. પરંતુ હુમલો કરનાર તથા તેના લશ્કરને સરહદ પર તેઓ કહેશે કે, હિંદની પ્રજા કોઈ પણ કાર્ય કે વ્યવસાયમાં સહકાર આપવાનો ઇનકાર કરશે, તેમને ચાહે તો ધમકી આપવામાં આવે કે શિક્ષા કરવામાં આવે તોયે તેઓ હુકમને તાબે થવાનો ઇન્કાર કરશે. એ થયો સત્યાગ્રહ યા સવિનયભંગ. એ હિંદનું રક્ષણ છે. તમને કદાચ એમ લાગશે કે નિષ્ઠુર અને રીઢો થઈ ગયેલો હુમલાખોર આવા પગલાને હસી કાઢશે. તેનો સામનો કરનાર સૈન્યો પર લોખંડી હથિયારો, તોપો અને એરોપ્લેનો વડે તેણે જીત મેળવી છે તો પછી નિઃશસ્ત્ર સૈન્યો પર તો તે રમત વાતમાં જ જીત મેળવશે ! પણ હિંદ તો કરોડોની વસ્તી ધરાવનાર દેશ છે અને તેઓ નિષ્ક્રિય બનીને ઊભા રહે તો આખો દેશ નિષ્ક્રિય બની જાય છે.

હુમલાખોરોને થોડા જ વખતમાં સમજાશે કે સત્યાગ્રહ કે સવિનયભંગ સાચે જ એક અતિશય સબળ હથિયાર છે.

અહિંસક સામનો કરવાની તાલીમ પામેલા હિંદના લોકો નિઃશસ્ત્ર બનીને હુમલાખોરની તોપો માટે ખોરાક (ગન ફૉડર્સ) તરીકે પોતાની જાત અર્પણ કરશે. તેઓ હુમલાખોરોને કહેશે કે, તાબે થવા કરતાં મરણને ભેટવાનું અમે બહેતર ગણીએ છીએ. આ વીરોચિત શબ્દો બીજા દેશોમાં ઉચ્ચારાયા છે; હિંદમાં તે તેના સાચા અર્થમાં અને વિશાળ માનવ-સમુદાયને મુખેથી એકે અવાજે ઉચ્ચારાશે. હુમલાખોરાની ગોળીઓ સામે હિંદના લોકો લાખ્ખોની સંખ્યામાં પોતાની છાતી આગળ ધરશે અને એ એક ભીષણ દૃશ્ય બનશે. તે સર્વોત્કૃષ્ટ નૈતિક કક્ષાનું હશે અને તેમાં ભાગ લેનારાઓને ઉન્નત કરનારું હશે.

('મારું જીવન એ જ મારી વાણી' -તૃતીય ખંડમાંથી) **-નારાયણ દેસાઈ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# યુદ્ધ : અસત્ય, હિંસા, હેવાનિયત અને વિનાશ



*અમેરિકા, યુરોપ સહિતના વિકસિત દેશો દુનિયામાં પોતાનો કક્કો ખરો સાબિત કરવા સતત પ્રયાસરત હોય છે. હાલમાં અમેરિકા-ઇઝરાયલના ઈરાન પરના હુમલામાં એ જ વલણ દેખાય છે. દુનિયામાં વર્ચસ્વ જમાવવાની કવાયતમાં આ દેશો પોતાની ગેરહાજરી જોઈ શકતા નથી; અને તે માટે તેઓ કોઈ પણ હદ સુધી જાય છે. અમેરિકાના વર્તમાન પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પની તાલાવેલી તેવી જ દેખાઈ રહી છે અને તેવું કરવામાં તેઓ દુનિયા સામે અનેક વખત ભોંઠા સુધ્ધાં પડ્યા છે. જોકે મીડિયામાં આવતા અહેવાલોમાં તેમનું વર્તન જરાસરખું પણ બદલાયું નથી. પશ્ચિમી દેશોના આવા વલણ વિશે જવાહરલાલ નહેરુએ તેમના પુસ્તક 'જગતના ઇતિહાસનું સંક્ષિપ્ત રેખાદર્શન' (મૂળ અંગ્રેજી પુસ્તક : Glimpses of the World History) માં લખ્યું છે.*

*યુદ્ધથી વિશ્વભરમાં ખુવારી મચાવતા આ દેશો વિશે અને યુદ્ધનું પરિણામ શું આવે છે તે પણ નેહરુએ પોતાના શબ્દોમાં વ્યક્ત કર્યું છે. અહીં એટલું યાદ રાખવું કે દેશના વડા પ્રધાન બન્યાના બે દાયકા અગાઉ આ પુસ્તક પત્રરૂપે જેલવાસ દરમિયાન લખાયું હતું. આ પત્રો જવાહરલાલ નહેરુએ તેમનાં દીકરી ઇન્દિરાને જેલમાંથી લખ્યા હતા. તે પછી આ પત્રો પુસ્તકરૂપે પ્રકાશિત થયા અને તેમાં વિશ્વનો ઇતિહાસ આલેખિત થયો છે. ૧૪૪ પ્રકરણ અને પોણા સાત સો પાનાંના પુસ્તકમાંથી યુદ્ધ અને પશ્ચિમી દેશોની લાલસા વિશે જવાહરલાલ નહેરુએ જે લખ્યું છે તે અહીં સંપાદિત કરીને મૂક્યું છે.*

**યુ**દ્ધ એ ખર્ચાળ વસ્તુ છે, ભયંકર ખર્ચાળ વસ્તુ છે. કીમતી વસ્તુઓના ડુંગરોના ડુંગરો એ હોઇયાં કરી જાય છે અને કેવળ ભીષણ સંહાર જ એમાંથી નીપજે છે. સંપત્તિ ઉત્પન્ન કરનારી ઘણીખરી પ્રવૃત્તિઓ તે અટકાવી દે છે અને પ્રજાની શક્તિ વિનાશ કરવામાં કેન્દ્રિત કરે છે. આ બધાં નાણાં ક્યાંથી આવવાનાં હતાં ? મિત્રરાજ્યોને પક્ષે માત્ર ઇંગ્લંડ અને ફ્રાંસ એ બેની જ આર્થિક સ્થિતિ સારી ગણાય. તેમણે યુદ્ધના ખરચનો પોતાનો હિસ્સો આપ્યો એટલું જ નહીં પણ તેમને નાણાં ધીરીને તથા સરંજામ આપીને તેમના મિત્ર દેશોનો ખરચ પણ આપ્યો. થોડા વકત પછી પૅરિસ થાક્યું, તેની ખરચી ખૂટી. પછીથી મિત્રરાજ્યોનો યુદ્ધનો ખરચ એકલું ઇંગ્લંડ પૂરો પાડવા લાગ્યું. પરંતુ યુદ્ધના બીજા વરસના અંતમાં લંડન પણ થાક્યું. આમ ૧૯૧૬ની સાલના અંત સુધીમાં ઇંગ્લંડ તથા ફ્રાંસની શાખ તૂટી ગઈ.

પછીથી આર્થિક મદદની યાચના કરવાને અર્થે આગેવાન રાજદ્વારી પુરુષોનું બનેલું એક મિશન અમેરિકા ગયું. અમેરિકાએ નાણાં ધીરવાનું કબૂલ કર્યું અને ત્યાર પછી અમેરિકાનાં નાણાંએ મિત્રરાજ્યોની લડાઈ આગળ ચલાવી. મિત્રરાજ્યોનું અમેરિકાનું દેવું કૂદકે ને ભૂસકે આપણને આભા બનાવી મૂકે એટલા આંકડાઓ સુધી વધી ગયું અને એ વધતું ગયું તેમ તેમ નાણાં ધીરનાર અમેરિકાની મોટી મોટી બેંકો તથા શરાફોનો મિત્રરાજ્યોના વિજયમાં સ્વાર્થ વધતો ગયો. મિત્રરાજ્યોને જો જર્મની હરાવે તો પછી અમેરિકાએ તેમને ધીરેલી જબરદસ્ત રકમની શી વલે થાય ? એ વસ્તુએ અમેરિકન શરાફોના ગજવાને સ્પર્શ કર્યો અને તેમણે એ અનુસાર વલણ ધારણ કર્યું. મિત્રરાજ્યો સાથે અમેરિકા યુદ્ધમાં જોડાય એવી લાગણી વધવા પામી અને આખરે અમેરિકાએ તેમ કર્યું પણ ખરું.

ચાર વરસ સુધી યુરોપને તથા એશિયા અને આફ્રિકાના કેટલાક ભાગોને ખેદાન-મેદાન કરી નાખનાર, ભરયુવાનીમાં કરોડો તરુણોનો ભોગ લેનાર તથા જેને મહાયુદ્ધ કે વિશ્વયુદ્ધ તરીકે ઓળખવામાં આવે છે, તે યુદ્ધ વિશે હું તને શું લખીશ વારુ ? વિગ્રહ એ વિચાર કરવા જેવો મજાનો વિષય નથી. એ તો કદરૂપી ચીજ છે. પરંતુ ઘણી વાર એનાં વખાણ કરવામાં આવે છે તથા એને ભભકાદાર રંગોમાં ચીતરવામાં આવે છે. વળી એમ પણ કહેવામાં આવે છે કે, અગ્નિ જેમ કીમતી ધાતુઓને શુદ્ધ કરે છે તેમ વધારે પડતા એશઆરામ તથા જિજીવિષાને કારણે કોમળ અને દૂષિત થઈ ગયેલી સુસ્ત પ્રજાઓને તે શક્તિશાળી બનાવે છે. જાણે કે વિગ્રહ જ એ સદ્‌ગુણો પેદા કરતો હોય તેમ અપૂર્વ ધૈર્ય અને હૃદયને હલમલાવનારાં બલિદાનોનાં દૃષ્ટાંતો આપણી આગળ ટાંકવામાં આવે છે.

આમ યુરોપમાં તેમ જ અન્યત્ર સેંકડો માઈલના લડાઈના મોખરા ઉપર ભયંકર ખૂનરેજી ચાલી રહી હતી તે વખતે, એ હત્યાકાંડનું સમર્થન કરવાને તથા લોકોને છેતરવાને દેશમાં મોટા મોટા રૂડારૂપાળા શબ્દો યોજવામાં આવતા હતા. એ સ્વતંત્રતા અને આબરૂ જાળવી રાખવા માટેનું; 'યુદ્ધનો સદંતર અંત લાવવા માટેનું', લોકશાહી સલામત રાખવા માટેનું આત્મનિર્ણય માટેનું, અને નાની પ્રજાઓની સ્વતંત્રતા માટેનું યુદ્ધ છે, વગેરે વગેરે.

મહિનાઓ અને વરસો સુધી યુદ્ધ ચાલતું ગયું તેમ તેમ વધારે ને વધારે દેશો તેમાં ઘસડાયા. ગુપ્ત રીતે લાંચ આપવાની કરીને ઉભયપક્ષે તટસ્થ દેશોને પોતાની તરફેણમાં ખેંચવાનો પ્રયત્ન કર્યો. જાહેર રીતે એમ કરવા જતાં તો છાપરે ચડીને પોકારવામાં આવેલા રૂડારૂપાળા શબ્દો તથા આદર્શોનું પોગળ ફૂટી જાય.

ભારે ધગશભર્યા રાષ્ટ્રવાદના આ વંટોળમાં સૌ સપડાયા. આંતર-રાષ્ટ્રીયતાની જોરશોરથી વાતો કરનારા સામ્રાજ્યવાદીઓ, તથા મૂડીવાદના સર્વસામાન્ય દુશ્મનની સામે સમગ્ર દુનિયાના મજૂરોને એકત્ર થવાની હાકલ કરનારા માર્ક્સના અનુયાયીઓ સુધ્ધાં, આ વંટોળમાં સપડાયા અને મૂડીવાદીઓના વિગ્રહમાં ઉત્સાહી દેશભક્તો તરીકે જોડાયા. આ વંટોળની સામે માત્ર ગણ્યાગાંઠ્યા માણસો ટકી રહ્યા. પરંતુ તેમને ધિક્કારી કાઢવામાં આવ્યા, દબાવી દેવામાં આવ્યા અને કેટલીક વાર તેમને શિક્ષા પણ કરવામાં આવી. દુશ્મન પ્રત્યેના દ્વેષથી મોટા ભાગના લોકો ગાંડાતૂર બની ગયા. અંગ્રેજ અને જર્મન મજૂરો એકબીજાનાં ગળાં રેંસી રહ્યા હતા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ત્યારે એ બંને દેશોના તથા અન્ય દેશોના વિદ્વાનો, વિજ્ઞાનીઓ અને અધ્યાપકો એકબીજા ઉપર ગાળો વરસાવતા હતા તથા એકબીજા વિશેની અતિશય ઘોર વાતો સાચી માનતા હતા.

આમ, મહાયુદ્ધ આવતાં ૧૯મી સદીનો યુગ પૂરો થાય છે. પશ્ચિમની સંસ્કૃતિની ભવ્ય અને શાંત ગંગા એકાએક યુદ્ધના વમળમાં ઝડપાઈ ગઈ. જૂની દુનિયાનો હંમેશને માટે અંત આવ્યો. ચાર વરસ કરતાં વધારે સમય પછી એ વમળમાંથી કંઈક નવીન વસ્તુ બહાર આવી.

ધીમે ધીમે યુરોપમાં યુદ્ધનો ડર ફેલાઈ ગયો અને સ્વરક્ષા માટે ત્યાંની સત્તાઓએ એકબીજાની મૈત્રી ખોળવા માંડી. મોટી સત્તાઓ બે સમૂહોમાં વહેંચાઈ ગઈ; જર્મની, ઑસ્ટ્રિયા તથા ઈટાલીનું ત્રિપક્ષી જોડાણ થયું અને ઇંગ્લંડ, ફ્રાંસ તથા રશિયાની ત્રિપક્ષી મૈત્રીના કરારો થયા. ઇટાલી ત્રિપક્ષી જોડાણનું બહુ મોળું સભ્ય હતું અને વાસ્તવમાં યુદ્ધ શરૂ થતાં વચનભંગ કરીને તે બીજા પક્ષ સાથે જોડાયું. ઑસ્ટ્રિયાનું સામ્રાજ્ય દૂબળું હતું. નકશા ઉપર તેનો વિસ્તાર તો મોટો હતો પરંતુ તે અનેક વિરોધી તત્ત્વોથી ભરેલું હતું. વિયેનાનું રમણીય નગર તેનું પાટનગર હતું અને તે વિજ્ઞાન, સંગીત તથા કળાનું મોટું ધામ હતું. આમ, વાસ્તવમાં ત્રિપક્ષી જોડાણ એટલે એકલું જર્મની જ હતું. પરંતુ કસોટીની ઘડી આવે ત્યારે ઇટાલી અને ઑસ્ટ્રિયા શું કરશે તેની કોઈને પણ ખબર નહોતી.

આમ યુરોપ ઉપર ભયનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું અને ભય એ તો ભીષણ વસ્તુ છે. દરેક દેશે યુદ્ધ માટેની તૈયારી કરવા માંડી અને બની શકે એટલા પ્રમાણમાં તે શસ્ત્રસજ્જ થવા લાગ્યો. શસ્ત્ર-સરંજામની હરીફાઈ શરૂ થઈ અને હરીફાઈની વિચિત્રતા એ હતી કે, એક દેશ પોતાનો શસ્ત્રસરંજામ વધારે તો બીજા દેશોને તેમ કરવાની પરાણે પણ ફરજ પડે છે. શસ્ત્રસરંજામ, એટલે કે, તોપો, યુદ્ધજહાજો, દારૂગોળો તથા લડાઈમાં વપરાતી બીજી બધી વસ્તુઓ ઉત્પન્ન કરનાર ખાનગી પેઢીઓને સ્વાભાવિક રીતે જ એથી ભારે નફો થયો અને તે માતબર બની. એ પેઢીઓ એથીયે આગળ વધી અને દેશો તેમની પાસેથી વધારે શસ્ત્રો ખરીદવાને પ્રેરાય એટલા ખાતર ખરેખાત તેમણે યુદ્ધની ભયજનક અફવાઓ ફેલાવવા માંડી.

શસ્ત્રસરંજામ ઉત્પન્ન કરનાર આ પેઢીઓ ભારે ધનાઢ્ય અને બળવાન હતી તથા ઇંગ્લંડ, ફ્રાંસ અને જર્મનીના તથા અન્ય દેશોના મોટા મોટા અમલદારો તથા પ્રધાનમંડળના સભ્યો એના શૅરો ધરાવતા હતા અને એ રીતે તેની સમૃદ્ધિમાં તેમનો સ્વાર્થ રહેલો હતો. યુદ્ધની ભયજનક અફવાઓ દ્વારા કે યુદ્ધ દ્વારા જ શસ્ત્રસરંજામની પેઢીઓ સમૃદ્ધ થઈ શકે. ઘણી સરકારોના પ્રધાનો તથા મોટા મોટા અમલદારોનું આ રીતે યુદ્ધમાં આર્થિક હિત સમાયેલું હતું, એ ભારે ગજબ પરિસ્થિતિ હતી ! જુદા જુદા દેશોને યુદ્ધ અંગેના ખરચમાં વધારો કરવાને પ્રેરવાના બીજા ઉપાયો પણ આ પેઢીઓએ અજમાવ્યા. લોકમત ઉપર અસર પહોંચાડવાને તેમણે છાપાંઓ ખરીદી લીધાં. ઘણી વાર સરકારી અમલદારોને લાંચો આપી તથા પ્રજાને ઉશ્કેરવાને માટે ખોટી વાતો પણ ફેલાવી. બીજાઓનાં મરણ ઉપર જીવનાર અને પોતાને નફો થાય એટલા ખાતર યુદ્ધની ભીષણતાઓને ઉત્તેજન આપનાર તથા એ ભીષણતાઓ પેદા કરતા પણ ન અચકાનાર આ શસ્ત્રસરંજામનો ઉદ્યોગ એ કેવી ભયંકર વસ્તુ છે ! ૧૯૧૪નાં યુદ્ધોને ત્વરિત કરવામાં આ ઉદ્યોગે કેટલેક અંશે ફાળો આપ્યો હતો. આજે પણ આ ઉદ્યોગ એ જ રમત રમી રહ્યો છે.

એ યુદ્ધમાં ઈરાને પોતાની તટસ્થતા જાહેર કરી. પરંતુ નબળાની જાહેરાતની સબળા ઉપર ઝાઝી અસર થતી નથી. લાગતાવળગતા બધા પક્ષોએ ઈરાનની તટસ્થતાની ઉપેક્ષા કરી અને રાંક બિચારી ઈરાનની સરકારનું એ બાબતમાં શું માનવું છે, એની કશીયે પરવા કર્યા વિના વિદેશી લશ્કરો ત્યાં આવ્યાં અને એકબીજા સાથે લડવા લાગ્યાં. ઈરાનની આસપાસના બધા જ દેશો લડાઈમાં પડ્યા હતા. એક બાજુએ ઇંગ્લંડ અને રશિયા બંને મિત્રરાષ્ટ્રો હતાં. તૂર્કી કે જેના મુલકમાં ઇરાક કે અરબસ્તાનનો સમાવેશ થતો હતો તે જર્મનીના પક્ષમાં હતું. ૧૯૧૯ની સાલમાં યુદ્ધનો અંત આવ્યો અને ઇંગ્લંડ, ફ્રાંસ તથા મિત્ર-રાજ્યોનો તેમાં વિજય થયો. હવે બ્રિટિશ લશ્કરે આખા ઈરાનનો કબજો લીધો. અને ઇંગ્લંડ ઈરાનને રક્ષિત રાજ્ય - ખાલસા કરવાનો એ એક હળવો પ્રકાર છે - જાહેર કરવાની તૈયારીમાં હતું અને ભૂમધ્ય સમુદ્રથી છેક બલૂચિસ્તાન અને હિંદ સુધી વિસ્તરેલું મધ્યપૂર્વનું બ્રિટિશ સામ્રાજ્ય સ્થાપવાનાં સ્વપ્નો સેવાવા લાગ્યાં. પરંતુ એ સ્વપ્નો ફળ્યાં નહીં. બ્રિટનને કમનસીબે ઝારશાહી રશિયા નષ્ટ થયું હતું અને તેની જગ્યા સોવિયેટ રશિયાએ લીધી હતી. વળી ઇંગ્લેંડને કમનસીબે, તુર્કીમાં પણ તેની યોજના ઊંધી વળી અને કમાલ પાશાએ મિત્રરાજ્યોના પંજામાંથી પોતાના દેશને ઉગાર્યો.

મહાયુદ્ધે દરેક વસ્તુને તથા દરેક વ્યક્તિને પાયામાંથી હચમચાવી મૂકી હતી. મહાયુદ્ધે જૂની દુનિયાને બિલકુલ ઊંધી વાળી દીધી ત્યારથી બિચારી આપણી જૂની દુનિયા, ફરીથી બેઠી થવાને પરિશ્રમપૂર્વક મથી રહી છે. પણ એમાં એને ઝાઝી સફળતા મળી નથી. જેમાં આપણે ઊછર્યા છીએ તે આખી વિચારસૃષ્ટિ તેણે હચમચાવી મૂકી અને આધુનિક સમાજ તથા સભ્યતાના ખુદ પાયાની બાબતમાં આપણને શંકા કરતાં મૂક્યાં છે. આપણે તરુણોનો ભીષણ સંહાર જોયો, આપણે સત્ય, હિંસા, હેવાનિયત અને વિનાશ પણ નિહાળ્યાં અને આશ્ચર્યચકિત થઈને વિચારવા લાગ્યાં કે, સભ્યતાનું ધ્યેય આ જ છે કે શું ? રશિયામાં સોવિયેટનો ઉદય થયો. એ એક નવી જ વસ્તુ હતી, નવી જ સમાજવ્યવસ્થા હતી. જૂની દુનિયાની સામેનો એ પડકાર હતો. બીજા વિચારો પણ વાતાવરણમાં ફેલાઈ રહ્યા હતા. એ વિગઠનનો કાળ હતો, પુરાણી માન્યતાઓ તથા રૂઢિઓ તૂટી પડવાનો કાળ હતો; સંશય તથા શંકાકુશંકાઓનો આ પ્રશ્ન ઉઠાવવાનો યુગ હતો. સંક્રાંતિ તથા ઝડપી પરિવર્તનોના કાળમાં હંમેશાં શંકાઓ અને પ્રશ્નો પેદા થાય છે જ.

આપણે સૌ અથવા કંઈ નહીં તો આપણામાંના વિચારશીલ લોકો, પોતાનું સ્વરૂપ પ્રકટ કરીને વર્તમાનકાળમાં ફેરવાઈ જતા ભવિષ્યકાળ તરફ આશાભરી દૃષ્ટિથી નિહાળી રહ્યા છે. ભાવિની કેટલાક લોકો આશાથી અને બીજા કેટલાક ભયભીત થઈને પ્રતીક્ષા કરી રહ્યા છે. ભાવિ દુનિયા, જેમાં જીવનની સારી સારી વસ્તુઓ ગણ્યાગાંઠ્યા લોકોને માટે અનામત રાખવામાં આવી નહીં હોય, પરંતુ સમગ્ર જનતા



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છૂટથી તેનો ઉપભોગ કરી શકે, એવી સુંદર અને સુખમય થશે કે પછી ઝનૂની અને સંહારક યુદ્ધોને પરિણામે આધુનિક સુધારાની ઘણીખરી સુખસગવડો નષ્ટ થઈ હોય એવી આજના કરતાંયે વધારે કરાલ થશે ? આ બે અંતિમ પરિસ્થિતિઓ છે. એ બેમાંથી ગમે તે એક સંભવી શકે છે. એમાંથી કોઈ વચલો માર્ગ નીકળે એવો સંભવ જણાતો નથી.

ભાવિનું નિરીક્ષણ તથા તેની પ્રતીક્ષા કરતાં કરતાં આપણે જેને માટે ઝંખીએ છીએ તેવા પ્રકારની દુનિયા નિર્માણ કરવાને માટે આપણે કાર્ય કરીએ છીએ. લાચાર બનીને પ્રકૃતિને વશ થઈને માનવીએ પશુ અવસ્થામાંથી પોતાની પ્રગતિ નથી કરી. પરંતુ તેનો સામનો કરીને તથા માનવી હિતને ખાતર તેના ઉપર પ્રભુત્વ મેળવવાની ઇચ્છાથી ઘણી વાર તેણે પ્રગતિ સાધી છે.

આજની સ્થિતિ આ છે, આવતી કાલ નિર્માણ કરવાનું કાર્ય તારું તથા તારી પેઢીના દુનિયાભરનાં કરોડો બાળક-બાળાઓનું છે. તેઓ મોટાં થઈ રહ્યાં છે અને આવતી કાલનું ઘડતર કરવા માટેની તાલીમ લઈ રહ્યાં છે.

મારા છેવટના પત્રમાં, આજની દુનિયાની વિષમતાઓ, એટલે કે, તેમાં રહેલાં પરસ્પર વિરોધી તત્ત્વો તથા હરીફાઈઓ તરફ તેમ જ ફાસીવાદ અને નાઝીવાદના ઉદય તરફ મેં તારું લક્ષ ખેંચ્યું હતું. આ પાંચ વરસો દરમ્યાન એ હરીફાઈઓ અને સંઘર્ષો વધારે તીવ્ર બન્યાં છે અને જોકે આજ સુધી જગદ્‌વ્યાપી યુદ્ધને ટાળવામાં આવ્યું છે, પરંતુ આફ્રિકા, યુરોપ તથા એશિયાના છેક પૂર્વના ભાગમાં ભીષણ અને સંહારક યુદ્ધો થવા પામ્યાં છે. દર વરસે અને કેટલીક વાર તો દર મહિને નવા આક્રમણની અને અત્યાચારોની વાતો સાંભળવામાં આવે છે. દુનિયા દિવસે દિવસે વધુ ને વધુ અસ્તવ્યસ્ત થતી જાય છે.

આંતરરાષ્ટ્રીય સંબંધોમાં અરાજક તત્ત્વ વ્યાપતું જાય છે અને પ્રજાસંઘ તથા આંતરરાષ્ટ્રીય સહકાર માટેના બીજા પ્રયાસો સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યા છે. શસ્ત્રસંન્યાસ અથવા તો નિઃશસ્ત્રીકરણ એ ભૂતકાળની વસ્તુ બની ગઈ છે. અને દરેક રાષ્ટ્ર પોતાની સમગ્ર શક્તિ ખરચીને દિવસરાત શસ્ત્ર-સજ્જ થવામાં આંખ મીંચીને મંડી પડ્યું છે. ભયે દુનિયાનું ગળું પકડ્યું છે અને આક્રમણકારી તથા વિજયી નીવડેલા ફાસીવાદ તથા નાઝીવાદના ફટકાથી ઉત્તેજિત થયેલા યુરોપની ઝડપથી અવનતિ થતી જાય છે અને તે બર્બર અવસ્થા તરફ જવાનો માર્ગ અખત્યાર કરે છે.

(સાભાર : 'નવજીવનનો અક્ષરદેહ') **– જવાહરલાલ નેહરુ**






# જયપ્રકાશ નારાયણ : જય જગતનો શંખનાદ

**જે.**પી. વીસમી સદીના વિશ્વના નેતાઓ પૈકી એક છે. વિશ્વ અંગેનું એમનું ચિંતન, દુનિયાના વિચારોને એમની વિશેષ દેણ હતી. પીડિત માનવતાની એમણે કરેલી સેવાએ ૧૯૬૫માં તેમને મેગ્સેસે પુરસ્કારને યોગ્ય ઠેરવ્યા હતા.

જે.પી.ની. રગેરગ સ્વાતંત્ર્યસેનાનીની હતી. સૌથી વધુ તો તેઓ સ્વાતંત્ર્યપ્રેમી હતા. ૧૯૨૦ની ૧૮ વર્ષની કુમળી વયે તેઓ મહાત્મા ગાંધી દ્વારા આરંભાયેલ અહિંસક અસહકારની લડતમાં જોડાયા હતા. ત્યારે તેઓ ઇંટરમાં ભણતા વિદ્યાર્થી હતા. તેમણે બ્રિટિશ સરકારની કૉલેજ છોડી. પાછળનાં વર્ષોમાં જે.પી.એ કહ્યું – ''સમયના વીતવા સાથે મારે મન સ્વાતંત્ર્યનો અર્થ માત્ર પોતાના દેશની આઝાદી એટલો જ ન રહ્યો, પણ માનવમાત્રની સર્વ પ્રકારનાં બંધનોમાંથી મુક્તિ અને તેનાથીયે આગળ વધીને માનવવ્યક્તિત્વની સ્વતંત્રતા, માનવચિત્તની સ્વતંત્રતા, માનવહૃદયની સ્વતંત્રતા એવો થઈ ગયો. એ સ્વતંત્રતા મારી એક જીવનનિષ્ઠા બની ગઈ છે. તેમણે 'જયહિંદ' થકી 'જયજગત' તરફ પ્રયાણ કર્યું હતું.

○ જે.પી. ૧૯૬૪ના નાગોલેન્ડ શાંતિ મિશન લઈને ગયા અને ત્યાં યુદ્ધવિરામ લાવી શક્યા.

○ કશ્મીરમાં શેખ અબ્દુલ્લાને છોડાવ્યા. કશ્મીરના કોમવાદી લોકોને સમજાવવા અથાગ મહેનત કરીને એમને ગળે ઉતાર્યું કે ૧૯૬૫ના યુદ્ધ પછી ભારતની કોઈ પણ સરકાર એવા કોઈ ઉકેલને માન્ય કરી જ ન શકે, જેમાં કશ્મીરને ભારતના સંઘશાસનની બહાર ગણવામાં આવે.

○ રશિયાએ ૧૯૬૫માં હંગેરી પર આક્રમણ કર્યું. ભારત સરકાર તરફે આનો કશો વિરોધ કરવામાં ન આવ્યો. સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પણ ભારતના પ્રતિનિધિએ આવા નાનકડા દેશ પર આવા હીચકારા હુમલાને વખોડ્યો નહીં. પણ એક સામાન્ય નાગરિક તરીકે શ્રી જયપ્રકાશે એને અંગે અવાજ ઉઠાવ્યો. તેમણે કહ્યું – એક ભારતીય નાગરિક તરીકે મારું માથું એ જોઈ શરમથી ઢળી પડે છે કે મારા દેશના પ્રતિનિધિએ સત્ય, આઝાદી અને શાંતિના પાયાના સિદ્ધાંતોની આવી નાસ્તિકતા-ભરી અવહેલના કરી.

○ તિબેટ પર જ્યારે ચીનનું આક્રમણ થયું ત્યારે જે.પી.એ એને વખોડી કાઢ્યું એટલું જ નહીં, પણ તિબેટ પર તેમણે દિલ્હીમાં એક આંતરરાષ્ટ્રીય સંમેલન બોલાવ્યું. એમણે કહ્યું – આપણે ચીનને તિબેટ પર હુમલો કરતાં ભલે રોકી ન શક્યા પણ આક્રમણ અંગે મૂંગા રહીને આપણે શાંતિનું હિત સાધતા નથી.

જે.પી. એ રીતે આખી દુનિયામાં માનવની મુક્તિના રખેવાળ હતા. તેઓ એક સિદ્ધાંતનિષ્ઠ પુરુષ હતા અને ક્યાંય પણ લોકોની આઝાદીને જોખમ પહોંચે એને સહી લેવા તૈયાર ન હોતા.

(મૂળ લેખમાંથી ટૂંકાવીને, સાભાર : 'જયપ્રકાશ' ગ્રંથ) **– કે.અરુણાચલમ્**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# યુદ્ધ : આધુનિક સભ્યતાનું એક અંગ



**આ**જની આધુનિક સભ્યતા અને તેની પાછળની ફિલસૂફી માણસને કાયમ હિંસાના દોજખમાં સબડાવી રાખનારી છે. તેને લીધે શાશ્વત સંઘર્ષ જ માણસને પલ્લે પડશે. આ સભ્યતાની રચના - વ્યવસ્થામાં હિંસાનાં તત્ત્વો અંતર્ગત (inbuilt) છે.

આરંભથી જ યુદ્ધ આ સભ્યતાનું એક અંગ બની ગયું છે ! ઔદ્યોગિક અને સમૃદ્ધ બનતા જતા દેશો પ્રકૃતિને અને દુનિયાને લૂંટવા બહાર પડેલા. એ લૂંટમાં સ્વાભાવિક રીતે જ પરસ્પરનો હિતવિરોધ ઊભો થતો રહ્યો. સ્પર્ધા અને ગળાકાપ હરીફાઈનું સ્વાભાવિક પરિણામ આ દેશો વચ્ચે યુદ્ધો થયાં. લગભગ એક કરોડ માણસો યુદ્ધના ખપ્પરમાં હોમાયા. અને વીસમી સદીના પૂર્વાર્ધમાં બે વિશ્વ યુદ્ધોએ ૬ કરોડ માણસોનો ભોગ લીધો.

હવે તો યુદ્ધનું સ્વરૂપ જ સાવ બદલાઈ ગયું છે. માત્ર સૈનિકો જ યુદ્ધ મેદાનમાં લડતાં લડતાં વીરગતિ નથી પામતા. હવે તો આ ટોટલ વોર - સંપૂર્ણ યુદ્ધ હોય છે, જે સર્વત્ર ખાનાખરાબી અને ખૂના-મરકી સરજે છે. આ બે વિશ્વયુદ્ધમાં જે ૬ કરોડ માણસો યુદ્ધના ખપ્પરમાં હોમાયા, તેમાં અડધોઅડધ નાગરિકો હતા ને અડધા સૈનિકો હતા. વળી, એક જ અણુબોમ્બથી હિરોશીમામાં ૧ લાખ, ૪૦ હજાર અને નાગાસાકીમાં ૭૦ હજાર સાવ નિર્દોષ માણસો ઘડીના પલકારામાં માર્યા ગયા અને બીજા હજારો દારુણ વેદનામાં સડબતા મરવા વાંકે જીવતા રહ્યા અને વરસો સુધી નરકયાતનામાં રિબાઈ રિબાઈને મર્યા. આજે દુનિયામાં અણુ શસ્ત્રોનો ખડકલો એટલો બધો થઈ ગયો છે કે આવો વિનાશ એક વાર નહીં અનેક વાર કરી શકાય.

છેલ્લાં ૫૦ વરસમાં એશિયામાં અમેરિકાએ પોતાનો પગદંડો જમાવવા માટે તેમજ પોતાનો જ કક્કો ખરો કરવા માટે વિયેતનામ, કોરિયામાં, લાઓસમાં, કમ્બોડિયામાં, અફઘાનિસ્તાનમાં, ઇરાકમાં જે યુદ્ધો ચલાવ્યાં તેમાં એક કરોડ કરતાં વધુ માણસોનો ભોગ લેવાયો છે.



શસ્ત્રોનાં કારખાનાં સભ્યતાનું અને અર્થતંત્રનું મહત્ત્વનું અંગ બની ગયાં છે. લગભગ ૨૫ ટકા લોકો અને વિજ્ઞાનીઓ શસ્ત્રાસ્ત્ર-ઉત્પાદનના ઉદ્યોગોમાં રોકાયેલા હોય છે. બ્રિટનમાં ૯૦ લાખ લોકો આ ઉદ્યોગમાંથી રોજી-રોટી મેળવે છે.

આવા લોકોને મોતના સોદાગર બનવામાં કશી શરમ કે ખચકાટ નથી લાગતો! દુનિયામાં થતા શસ્ત્રાસ્ત્રોના વેપારમાં ૫૦ ટકા વેપાર એકલા અમેરિકાના હાથમાં છે. (આમાં બદલાવ આવતો રહે છે)

યુદ્ધની હિંસા સ્થૂળ હોય છે. દેખાય તેવી હોય છે. પરંતુ સમાજ-રચનામાં તથા રાજકીય-આર્થિક-ઔદ્યોગિક વ્યવસ્થા વગેરેમાં રહેલી હિંસા ઘણી સૂક્ષ્મ હોય છે અને ઝટ ખ્યાલમાં આવે એવી નથી હોતી. તેને માટે વધારે ઊંડાણથી અને ઝીણવટથી જોવા વિચારવાની જરૂર છે.

ભૌતિક વિકાસ પાછળની આંધળી દોટમાં ખુદ માણસની ઘોર ઉપેક્ષા થઈ રહી છે. બેફામ યંત્રીકરણને કારણે માણસ નગણ્ય બનતો ગયો. આખીયે વ્યવસ્થાના પાયામાં માણસનું નિર્દય શોષણ રહેલું છે. પહેલાં પોતાને ત્યાંના ગરીબ મજદૂર વગેરેનું શોષણ કરવામાં આવ્યું અને પછીથી આવી દુનિયામાં ફેલાયેલી ગરીબ પ્રજાનું નિર્લજ્જ શોષણ કરવામાં આવ્યું. આફ્રિકાથી ગુલામોને પકડી પકડીને લઈ ગયા. તેનો ઇતિહાસ તો ભયંકર છે ! ૧૯૩૫ સુધીમાં યુરોપનાં આ બધાં રાષ્ટ્રોએ પૃથ્વીની ૮૫ ટકા ભૂમિ ઉપર અને ૭૦ ટકા પ્રજા ઉપર ઔદ્યોગિક દેશોએ પોતાનું રાજકીય સામ્રાજ્ય જમાવી દીધું હતું.

આ સભ્યતાની ફિલસૂફીમાં બીજું એક હિંસક માનસ ઘર કરી ગયું છે. અને તે ગોરી પ્રજાના ઘમંડનું. ગોરી પ્રજા એવી ભ્રાંતિમાં છે કે પોતે જ સર્વશ્રેષ્ઠ છે અને બીજા બધા અસભ્ય ને પછાત છે. આ પછાત લોકોને સુધારવાની દૈવી જવાબદારી પોતાના ઉપર છે અને દુનિયાને સુસભ્ય બનાવવા જતાં આ જંગલી લોકોનું નિકંદન કાઢવું પડે તો પણ કાઢી નાખવું.

કોલંબસ અમેરિકા પહોંચ્યો ત્યારે અમેરિકન આદિવાસી રેડ ઇન્ડિયન્સની સંખ્યા ૧૧ કરોડ હતી. લગભગ તે તમામનું યોજનાપૂર્વક નિકંદન કાઢી નાખવામાં આવ્યું ! આજે અમેરિકામાં મૂળ આદિવાસીઓના વંશજ માંડ હજારોની સંખ્યામાં બચ્યા હશે !

(સાભાર - 'હિંદ સ્વરાજ : એક અધ્યયન'માંથી ટૂંકાવીને) **- કાન્તિ શાહ**

## એક ડાળનાં પંખી : બાળ શિબિર

- **૧૨ થી ૧૫ વર્ષનાં ગુજરાતી જાણતાં બાળકો માટે તા. ૨૭ મે ૨૦૨૬ થી ૩૦ મે ૨૦૨૬ સુધી વિવિધ વિષયોનું જ્ઞાન અને કલા શીખવતી શિબિર જેવી કે, ૦ પર્યાવરણ જાગૃતિ ૦ પ્રેરક વાર્તાલાપો ૦ વિવિધ રમતો ૦ ફિલ્મ દર્શન વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.**
- શિબિર સ્થળ : ગ્રામ સ્વરાજ સંઘ - સોનટેકરી, નીલપર, રાપર પાસે, કચ્છ
- કુદરતી વાતાવરણ, સાદી સગવડ, સ્વાવલંબી જીવન
- સંપર્ક : નકુલભાઈ ભાવસાર, મો. ૯૮૨૫૦ ૧૪૦૭૪૨

**રસ ધરાવતા વાલીઓએ ૨૪ મે ૨૦૨૬ સુધીમાં સંપર્ક કરવો.**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઑલ્ડ મેન સ્ટાર્ટ ધ વૉર્સ, યંગ મેન ફાઈટ ઍન્ડ ડાય



ગઈ સદીએ બે વિશ્વયુદ્ધ જોયાં છે. આ સદી ત્રીજું વિશ્વયુદ્ધ જુએ તો નવાઈ નહીં. એ પછી ચોથું વિશ્વયુદ્ધ થાય છે કે નહીં તે જોવા બહુ ઓછા બચશે, પણ બચશે એટલા ફરી નવા યુદ્ધ માટે પ્રવૃત્ત થયા વિના નહીં રહે એ નક્કી, પછી ભલે એ યુદ્ધ આઈન્સ્ટાઈન કહેતા એમ પથ્થરોથી લડાય.

માણસ આટલો યુદ્ધ-ઉત્સુક કેમ હશે ? કાળના મહાપ્રવાહમાં માણસની ૭૦-૮૦ વર્ષની હસ્તી એક નાના એવા પરપોટા જેટલી પણ નથી, છતાં સત્તાની લાલસા, વર્ચસ્વની પિપાસા અને યુયુત્સાની તૃપ્તિ એને કેવાં ભયાનક યુદ્ધો કરવા પ્રેરે છે ! યુદ્ધોના ઘડનારાઓ ઑફિસોમાં બેસી યુદ્ધો શરૂ કરે છે અને નવલોહિયા સૈનિકો રણભૂમિ પર કોઈ નિજી મહત્ત્વાકાંક્ષા વિના પોતાના જેવા જ અજાણ્યા યુવાનોને હણતાં હણતાં પોતે ખલાસ થઈ જાય છે. કેટલીય માતાઓ, બહેનો, પત્નીઓ, પ્રેયસીઓ અને સંતાનો બરબાદ થઈ જાય છે. જેમનું કોઈ સરહદ પર ન ગયું હોય એ લોકો પણ અનેક પ્રકારની વિષમતાઓના શિકાર બને છે.

એક આફ્રિકન કહેવત છે, 'વૉર ઇઝ ક્રિએટેડ બાય ધ પીપલ ટૂ ઑલ્ડ ટુ ફાઈટ ફોર ધોઝ ટૂ યંગ ટુ ડાય'. એક હૃદયસ્પર્શી ગીત આજકાલ સોશિયલ મીડિયા પર ફરી રહ્યું છે : 'સૂટ પહેરેલો એક માણસ લાકડાના કીમતી ટેબલ પરથી સ્વતંત્રતાનો હવાલો આપી યુદ્ધની ઘોષણા કરે છે. એ માણસ ક્યારેય વરસતા ગોળા વચ્ચે ગયો નથી, પણ એને તરુણોને આગમાં ઓરતાં આવડે છે - 'ઓલ્ડ મેન સ્ટાર્ટ ધ વોર્સ, યંગ મેન ફાઈટ ઍન્ડ ડાય, રિચ મેન કાઉન્ટ ધ પ્રોફિટ્સ વ્હાઈલ ધ પુઅર મેન ક્રાય, વ્હેન વિલ વી વેક અપ, વ્હેન વિલ વી સી થ્રુ, ધ ઓન્લી વૉર વર્થ ફાઇટિંગ ઈઝ ધ વન ફોર મી ઍન્ડ યુ....' 'આપણને રંગ, ધર્મ અને જાતિઓમાં વહેંચતો એ માણસ - એની મહેચ્છા પૂરી કરવા આપણે આપણા પ્રિયજનોને છોડીને લડવા જવાનું ? સ્વજનો ગુમાવવાનાં ? હાથપગ કપાવવાના ? વિસ્થાપિત થવાનું ? ઉન્માદના શિકાર થતા રહેવાનું ?.... બટ વી કેન વેક અપ, યસ, વી કેન સી થ્રુ, ધ ઓન્લી વૉર વર્થ ફાઇટિંગ ઇઝ ધ વન ફૉર મી એન્ડ યુ....'

ઈ.સ. પૂર્વે ૨૩૦૦માં સુમેર (હાલનું ઇરાક)ની એક કવયિત્રીએ લખ્યું હતું, 'હે રાજવીઓ, તમે પર્વતો પરથી વહી રહેલું રક્ત છો; ધિક્કાર, લોભ અને ક્રોધની આગ છો...' એ પછી હજારેક વર્ષો પછી હોમરે 'ઇલિયડ'માં યુદ્ધ એ 'મહાન યોદ્ધાઓને ખલાસ કરતી' અને તેમના 'સડતા માંસને ગીધ અને શ્વાનની મિજબાની' બનાવતી વિભીષિકા છે, એમ કહ્યું હતું. ૭૫૦ ઈ.સ.માં ચીની કવિ લિ પોએ કહેલું, 'માનવીઓનાં ક્ષતવિક્ષત શરીર રણના ઘાસને લોહિયાળ કરી રહ્યાં છે. સેનાપતિઓ કશું હાંસલ કરી શક્યા નથી.'

શેલી, ટેનિશન, યિટ્સ, એમર્સન, થૉમસ હાર્ડી, રૂડ્યાર્ડ કિપ્લિંગ આ બધાએ ખુવારી વેઠી હતી, પણ રણમેદાનમાં જઈ યુદ્ધનો ખરો અનુભવ લીધો ન હતો, પણ પહેલા વિશ્વયુદ્ધના મોટા ભાગના યુદ્ધકવિઓ સૈનિક હતા. ૨૫ વર્ષની ઉંમરે માર્યા ગયેલા વિલ્ફ્રેડ ઓવેનનું કાવ્ય લોહિયાળ કીચડમાં કૂચ કરતા સૈનિકો, ગાડામાં ફેંકાઈ ગયેલું શરીર અને ચહેરામાં ફરતી રહી ગયેલી સફેદ આંખો જેવાં ચિત્રાત્મક વર્ણનોથી આઘાત આપે છે. બ્રિટિશ કવિ સેફ્રિજ સેશન કહે છે, 'સવાર પડે અને ધૂળ ઉડાડતું દળ સૂર્યના રક્તિમ ઉજાસને ઢાંકી દે છે. સાંજ એક વિસ્ફોટ સાથે આથમે છે... ઈશ્વર, અટકાવ હવે આ દૃશ્યોને.'

યુદ્ધમાં ભાગ લીધો ન હોય, પણ કવિએ યુદ્ધના સાક્ષી કે કેદી તરીકે દમન અથવા માનવઅધિકારના હનનનો ભોગ બનીને લખ્યાં હોય એવાં કાવ્યો 'પોએટ્રી ઑફ વિટનેસ' કહેવાય છે. તેમાં શૌર્યની ગાથા કરતાં પીડાનું આલેખન અને સામાજિક નિસબત વધારે હોય છે. પ્લેટોએ કહ્યું છે, કવિની જવાબદારી છે કે તેણે સાક્ષી હોવાની પીડા ઝીલવી અને વર્ણવવી. અમેરિકન સિવિલ વૉર વખતે ૮૦,૦૦૦ ઘાયલોની પરિચર્યા કરનાર વૉલ્ટ વ્હીટમેન લખે છે, 'કપાઈ ગયેલા હાથના ખભા પરથી, હું ચોંટી ગયેલું કપડું ઉખેડું છું અને સડેલું માંસ કાપી લઈ લોહી અને કચરો ધોઉં છું.' ચિલીના કવિ પાબ્લો નેરુદા સ્પેન સિવિલ વૉર સમયનાં એમનાં જુગુપ્સાજનક છતાં સંવેદનશીલ કાવ્યો માટે જાણીતા છે. અમેરિકાના હોલોકાસ્ટ મ્યુઝિયમમાં નાઝી કેમ્પોમાં લખાયેલાં કાવ્યોનો મોટો સંગ્રહ છે. જાપાનના કવિ શોડા શિનોએ એટમબોમ્બ વેરેલા સર્વનાશનાં કાવ્યો લખ્યાં છે. ક્રોએશિયન કવિ મારિઓ સુસ્કોએ બૉસ્નિયાના યુદ્ધમાં કરપીણ ચિત્રકાવ્યો આલેખ્યાં છે. અમેરિકાએ ઈરાક પર આક્રમણ કર્યું ત્યારે યુદ્ધ-વિરોધી કવિઓએ વ્હાઈટ હાઉસના દરવાજે કાવ્યપઠન કરેલું. આની વૈશ્વિક અસર પડી અને અનેક કાવ્યપઠનો યોજાયાં અને એક દસ્તાવેજી ફિલ્મ તેમ જ ૧૩૦૦૦ કવિઓની એક વેબસાઈટ બની.

યુદ્ધનું નુકસાન માપી શકાય એવું હોતું નથી. કેટલાક કિસ્સામાં તો તે ભરપાઈ પણ નથી થઈ શકતું, જેવું હિરોશીમા અને નાગાસાકીના કિસ્સામાં થયું છે. યુદ્ધ સ્થાયી નુકસાન પહોંચાડે છે અને તે નુકસાન અતિસમૃદ્ધ દેશો પણ ખમી શકતા નથી, અમેરિકા અને રશિયા જેવા સુપરપાવર કહેવાતા દેશો પણ નહીં. છતાં યુદ્ધ થયા કરે છે. અડધે પહોંચવા આવેલી એકવીસમી સદી વિશ્વયુદ્ધના ઓથાર નીચે હાંફી રહી છે.

૧૯૫૯માં મનોચિકિત્સક સિગમંડ ફ્રોઈડે આઇન્સ્ટાઇનને લખ્યું હતું. 'આજની દુનિયામાં ન્યાય એ પશુબળના પાયા પર ઊભેલો છે, ને હિંસા દ્વારા જ નિભાવાઈ રહ્યો છે. માણસ યુદ્ધની મહામારીના ચેપનો ખૂબ જલદી ભોગ થઈ પડે છે - લાગે છે કે એનામાં સ્વયંસ્ફૂર્ત એવી ધિક્કાર અને ક્રૂરતાની વૃત્તિ પડેલી હોવી જોઈએ, જે તક મળતાં જ વિફરી ઊઠે છે. આ વૃત્તિને આપણે કચડી નાખી શકવાના નથી. આપણે જો કંઈ વિચારવાનું હોય તો તે એટલું જ કે, એની એ વૃત્તિઓને યુદ્ધ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સિવાયના બીજા માર્ગોએ વાળવી શી રીતે ?' અને ઉકેલ આપે છે, 'જો આક્રમકતા અને વિનાશ કરવાની વૃત્તિ માણસને યુદ્ધ તરફ ધકેલી લઈ જતી હોય, તો એની સામા છેડાની વૃત્તિને - અર્થાત્ સર્જનની વૃત્તિને આપણે હાથમાં લેવી જોઈએ.'

ઇતિહાસમાં લગભગ દરેક યુદ્ધ સાથે યુદ્ધવિરોધી આંદોલનો થયાં છે. ૧૯૨૦માં લીગ ઑફ નેશન્સ કોવેનન્ટે સભ્ય દેશોને નવ મહિના સમાધાનનો પ્રયાસ કર્યા પછી જ યુદ્ધનો આશરો લેવા ફરજ પાડી હતી. ૧૯૨૮ના કેલોગ-બ્રાયન્ડ કરારે તેના ૬૩ પક્ષોને યુદ્ધનો રાષ્ટ્રીય નીતિના સાધન તરીકે ત્યાગ કરવાની શરત મૂકી હતી. સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટરે આંતરરાષ્ટ્રીય વિવાદોના શાંતિપૂર્ણ સમાધાનની હિમાયત કરી હતી. આવી ચળવળોનો સરકારોના નિર્ણયો પર પ્રભાવ પડે છે કે નહીં તે વિવાદનો વિષય છે પણ યુદ્ધવિરોધી ચળવળોએ યુદ્ધોને ટૂંકાવ્યાં કે અટકાવ્યાં હોવાના દાખલા બન્યા છે. ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકા દરમિયાન ઉત્તર અમેરિકા અને યુરોપમાં થયેલી યુદ્ધવિરોધી ચળવળો વિયેતનામમાં અમેરિકન હસ્તક્ષેપ અંગે તેમની સરકારોની નીતિઓને આકાર આપવામાં ઘણે અંશે સફળ થઈ હતી. છતાં, યુદ્ધવિરોધ શૂન્યાવકાશમાં ચાલી શકતો નથી. તેને સંવેદનશીલ સરકાર, સ્વતંત્ર-સહાનુભૂતિપૂર્ણ માધ્યમો અને ગ્રહણશીલ પ્રજાની જરૂર હોય છે એ યાદ રાખવું રહ્યું.

યુદ્ધ ગમે ત્યાં થાય, એની અસર આખી દુનિયા પર પડે છે. મખદૂમ મોઈનુદ્દીન લખે છે, 'કૌન દુખિયા હૈ જો ગા રહી હૈ, ભૂખે બચ્ચોં કો બહલા રહી હૈ, લાશ જલને કી બૂ આ રહી હૈ, ઝિંદગી હૈ કિ ચિલ્લા રહી હૈ.... જાનેવાલે સિપાહી સે પૂછો, વો કહાં જા રહા હૈં'. આવો જ વેધક પ્રશ્ન જાવેદ અખ્તરનો છે, 'હમ અપને અપને ખેતોં મેં ગેહૂં કી જગહ ચાવલ કી જગહ યે બંદૂકેં ક્યોં બોતે હૈં.... જબ દોનોં હી કી ગલિયોં મેં કુછ ભૂખે બચ્ચે રોતે હૈં.'

**(સાભાર - જન્મભૂમિ)** **- સોનલ પરીખ**



સાભાર : પુસ્તક जहाँ फव्वारे लहू रोते हैं'

# યુદ્ધમાં દેખાય છે માણસનો એક વરવો ચહેરો

**શિ**યાળાની ઠંડીએ માઝા મૂકી છે. નહોરિયાં ભરતો કાતિલ પવન ચાબુકની જેમ વીંઝાય છે. બે-બે સ્વેટર, કાનટોપી, હાથમોજાં પહેરી હૂંફાળા ટી.વી.ના પડદા પર કશ્મીર, હિમાચલની બરફવર્ષા કે કચ્છની ઠંડીના આંકડા જોયા કરું છું. શિયાળાની આ કાચી કેદ ક્યારે પૂરી થશે તે વિચાર્યા કરું છું. છ ડિગ્રી ટેમ્પ્રેચરે તો હું શિયાંવિયાં થઈ ગયો અને નજર સામે તરવર્યાં આથી ય કાતિલ શિયાળામાં ભૂખ્યાં-નાગાં-થરથરતાં ઊભાં, કામ કરતાં, મરવાની રાહ જોતાં, અપમાન, અવહેલના યંત્રણા અને પીડામાં પીસાતાં લાખો યહુદીઓ, યુદ્ધકેદીઓ.

પીડાનાં એ બધાં પાળેલાં. જોકે સાચું તો એ છે કે તેમણે જ પીડાને પાળેલી-પ્રેમથી પોષેલી. માનવીય જિજીવિષાનો, ભવિષ્યની શ્રદ્ધાનો દીવો એ પીડા-યંત્રણા વચ્ચેય રાણો નહોતો થયો. માણસ કઈ હદે ક્રૂર, નિઘૃણ થઈ શકે છે તેની મિસાલ બીજા વિશ્વયુદ્ધે આપી. 'રમતાં રમતાં લડી પડે ભઈ માણસ છે' એ ઉદારતા ત્યાં ચાલી શકે નહીં. ચંડીદાસે ભલે કહ્યું હોય કે 'સાબાર પર માનુષસત્ય' કે વેદવ્યાસ ભલે કહે કે 'ન માનુષાત્ શ્રેષ્ઠતર હિ કિંચિત' - તેમણે મનુષ્યનો આ પાશવી ચહેરો જોયો નથી. રાવણ, કંસ, દુર્યોધન, દુ:શાસનથી આગળ તેમની દષ્ટિ દોડી નથી. બીજા વિશ્વયુદ્ધે વેદવ્યાસને પણ માણસનો એક ભયંકર વિરૂપ ચહેરો દેખાડ્યો. નરસંહારના એ યુગમાં યુદ્ધના નાદમાં લાખો માણસોની આહ દબાઈ ગઈ-ભુલાઈ ગઈ છે. તુચ્છ મૃત્યુને વરેલાં મરેલાં એ બધાં માનવો જુલમગારને તુચ્છ બનાવી મહાન થઈ ગયેલાં.

જર્મનીનો જ માર્ટિન લ્યુથર એક વ્યક્તિ તરીકે બધાને તારનાર બન્યો તો ઓસ્ટ્રિયાનો સવાઈ જર્મન હિટલર લાખોને મારનારો બન્યો. ઉત્કૃષ્ટ આર્યપ્રજાના અવૈજ્ઞાનિક તરંગી ખ્યાલે લાખો યહૂદીઓની ક્રૂર કતલ કરાવી. દુ:ખ તો એ થાય કે આર્યોનું શુભ અને માંગલ્યદર્શી પ્રતીક 'સ્વસ્તિક' ભય, આતંક અને મૃત્યુનું પ્રતીક બન્યું. યહુદી દ્વેષનો અમલ તો વ્યવસ્થિત રીતે વિશ્વયુદ્ધ પહેલાં જ થવા લાગેલો. સરકારી નોકરીમાંથી તેમને બરતરફ કરવા લાગેલા. જાહેર જગ્યાઓએ સન્માનીય પદો પરથી તેમને ઉતારી મૂકવામાં આવેલા. તેમની મિલકતો જપ્ત કરવામાં આવેલી. વ્યાજખાઉ નિર્દય પ્રજા તરીકે તેમનો વ્યવસ્થિત પ્રચાર કરવામાં આવેલો. વેપાર કરવાની તેમને મનાઈ ફરમાવી હતી. દરેક યહુદીની નોંધણી ફરજિયાત હતી, નાના એવા ગુના માટે આકરી સજા કરવામાં આવતી. તેમની જાતિના ચિહ્નરૂપ પીળો સ્ટાર તેમને ધારણ કરવો પડતો.




યહુદીઓને એકત્રિત કરી ગીચ-ગંદી વસાહતો 'ઘેટો'માં રહેવાની ફરજ પાડી. યહુદીઓના પ્રશ્ન અંગે નાઝીઓનું વલણ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એવું હતું કે, 'છેલ્લો યહુદી જ્યારે અહીંથી જશે ત્યારે જ યહુદીઓનો પ્રશ્ન હલ થશે.' પશુઓના વાડાથીય બદતર હાલતમાં 'ઘેટો'માં તેમને રહેવું પડતું. એક અંદાજ પ્રમાણે એક રૂમમાં સરેરાશ છ યહુદી રહેતાં. તેમની તાવણી, સતામણીની આ તો એક શરૂઆત હતી. આ દોજખમાંથી માત્ર યહુદીઓ જ પસાર થયા છે તેવું નથી. હારેલા દેશ, પ્રદેશના લાખો સૈનિકો, લાખો નિર્દોષ નાગરિકો પણ તેનો ભોગ બન્યા છે.

સમુદ્રમાં વ્યાપારી જહાજોને કે મુસાફર જહાજોને બૉમ્બમારાથી કે સબમરીનથી મધદરિયે ડુબાડ્યાં છે. લાઈફબોટમાં બચવા મથતાં લોકોને દરિયામાં જ ગારદ કર્યા છે. દુશ્મન દેશોના નાગરિકોને પકડી બાનમાં રાખી જર્મન શહેરોમાં ઢાલ તરીકે રાખ્યા છે. વિજેતા ભૂમિ પરનાં ગામોને લૂંટીને લાવ્યાં છે. ખેતરોના ઊભા પાકને સળગાવ્યા છે. પકડાયેલા યુદ્ધ-કેદીઓને રોષે ભરાયેલા નાગરિકોને હવાલે છોડી દેવામાં આવતા. નાગરિકો યુદ્ધકેદીઓને મૂઢ માર મારતા તો પોલીસ ચૂપચાપ જોતી રહેતી. એક વાર આવા અભાગિયા યુદ્ધકેદીઓને લોકોએ સ્કૂલના ભંડકિયા 'સેલર'માં પૂર્યા. સ્કૂલના માસ્તરને ખબર પડી તો એ અડધી પાર્ટી છોડીને આવ્યા. તેમને એ યુદ્ધકેદીઓને લોકો મારે તેનો વાંધો ન હતો. તેમને વાંધો તો સ્કૂલની જગ્યા સામે હતો. સ્કૂલમાં આવી ઘટના બને તો સ્કૂલનાં બાળકો પર શું અસર થાય ! ભંડકિયામાં પૂરેલા એ 'એર-ક્રૂ'ના માણસોને સ્કૂલની બહાર કાઢી ગોળીએ ઠાર દેવાયા. સ્કૂલ માસ્તરે નિરાંતનો શ્વાસ લીધો અને ફરી પાર્ટીમાં જોડાઈ ગયા.

ચેકોસ્લોવેકિયાનું એક ગામડું 'લીડીસે' રાતોરાત જ પૃથ્વીના નકશા પરથી ભૂંસાઈ ગયું. ૧૯૪૨ની ૯મી જૂને નાઝીઓ ત્યાં આવી પહોંચે છે. બધાં ગામવાસીઓને જે કંઈ મૂલ્યવાન છે તે લઈ ઘર છોડી દેવાનો આદેશ છે. એ બધી મૂલ્યવાન વસ્તુઓ રોકડ, જર-ઝવેરાત નાઝીઓ હકથી રોફથી પડાવી લે છે. સ્ત્રીઓ અને બાળકોને ગેસ્ટાપોના માણસો સ્કૂલમાં ગોંધી રાખે છે. પુરુષોને ઢોરવાડામાં ભેગા કરવામાં આવે છે. ત્યાં દસ દસની બેચમાં તેમને ગોળીએ દેવાય છે. પછી તેઓના શિકાર સાથેના ફોટા ખેંચાય છે. સ્ત્રીઓને પ્રાગમાં લઈ જઈ ગોળીએ દેવાય છે કે પછી રેવાન્સબ્રુક કોન્સન્ટ્રેશન કેમ્પમાં ધકેલી દેવાય છે. બાળકોને પ્રાગ હૉસ્પિટલમાં મોકલાવાય છે જ્યાં તેમના નૃવંશશાસ્ત્રીય માપ લેવામાં આવે છે. ચહેરા, હાથ, પગ, માથું માપવામાં આવે છે કે જે બાળક જર્મન માસ્ટર રેઈસના માપદંડ પ્રમાણેનું નીકળે તેને જર્મની મોકલી જર્મન નામ આપી જર્મન ઘરમાં દત્તક દેવાય છે.

સંતાનની માતા જો જીવતી રહી હોય તો તે ક્યારેય જાણી શકતી નથી કે તેનું સંતાન જીવિત છે કે મૃત, અને જો જીવિત હોય તો તે ક્યાં છે. 'લીડીસે' ગામને વ્યવસ્થિત લૂંટ્યા પછી તેની બધી ઇમારતો ધ્વસ્ત કરી દેવામાં આવે છે. ધ્વસ્ત એટલે પૂરેપૂરી ધ્વસ્ત. એક પણ પથ્થર બીજા પથ્થર પર ટક્યો ન હોય તે હદે ધ્વસ્ત કરી દેવાય છે અને છેલ્લે એ ભાંગેલી ભીંતોના પથરા પર બુલડોઝર રોલર ફેરવી તેને સપાટ મેદાન બનાવી દેવાય છે. કૂજતાં, કિલકિલાટ કરતાં અનેક હૂંફાળાં ઘરો રાતોરાત નિર્જન વેરાન મેદાન બની જાય છે. નકશા પરથી ભૂંસાઈ ગયેલું આ ગામ તે વખતે સર્વનાશનું એક પ્રતીક બની ગયેલું. બીજે પણ નાઝીઓ 'લીડીસે'નો દાખલો આપતા.

જર્મનીમાં મજૂરી માટે યુરોપ સિવાય છેક ફ્રેંચ તાબાના અલ્જિરિયા અને મોરક્કોથી નાગરિકો ને યુદ્ધકેદીઓને મંગાવાતા. રશિયાથી તો ટ્રેઈનોની ટ્રેઈનો ને ટ્રકો જર્મનીમાં ઠલવાતી. ઢોર લાવવા માટેના એક ટ્રકમાં ખાધાપીધા વગરનાં રશિયનોને ઠાંસીઠાંસીને ભરવામાં આવતાં. હજારો કિલોમીટરના પ્રવાસ પછી એટલાં તો નંખાઈ ગયાં હોય કે મજૂરી માટે અનફીટ રહેતાં. એવા માંદા-કંગાળ માણસોને કાં તો પાછા રશિયા મોકલાવાતાં અથવા તો કોન્સન્ટ્રેશન કૅમ્પમાં ટ્રાન્સપોર્ટ કરી દેવામાં આવતાં. મોટા ભાગના તો રશિયાથી અહીં પહોંચ્યા પહેલાં જ મરણને શરણ થતાં. કોન્સન્ટ્રેશન કૅમ્પમાં ખસેડવા માટે તેમને માત્ર ઊભા રહી શકે તેટલી જગ્યામાં ઠાંસી ઠાંસીને ખીચોખીચ ભરવામાં આવતાં. એક એક બોગીમાં ૨૦૦ સુધી કેદીઓ ભરવામાં આવતા. જ્યારે ટ્રક કે બોગીનાં બારણાં ખોલવામાં આવતાં તો મડદાંનો ઢગલો ઢોળાઈને ધસી પડતો. એક વાર તો ૩૦ બોગીવાળી ટ્રેઈનમાં ૧૫૦૦ કેદીઓ ભરી મોકલાવેલા. ટ્રેઈન કૅમ્પમાં પહોંચી ત્યારે એક પણ કેદી જીવતો બચ્યો ન હતો.

## નરબલિના હવનકુંડો

હિટલરના શાસન પછીથી તરત જ થોડા સમયમાં જ કોન્સન્ટ્રેશન કૅમ્પ આવી ચૂક્યા હતા. કહો કે બિલાડીના ટોપની જેમ ફાલ્યા હતા. નાઝી વિરોધી લોકોને ત્યાં કેદ કરવામાં આવતા. તેઓને સખત મજૂરી કરવી પડતી. અર્ધમાનવીય દશામાં અપમાન સહન કરવું પડતું. યાતના અને અનિશ્ચિતતાની સ્થિતિમાં જીવવું પડતું. આ બધાં છતાં બીજા વિશ્વયુદ્ધની બર્બરતાથી જગત અજાણ હતું. આવા કૅમ્પોની સફળતા અને લોકોમાં ફેલાતા તેના ભય આતંકથી પ્રેરાઈને બીજા વિશ્વયુદ્ધમાં નાઝીઓએ જર્મની, પોલેન્ડ અને ઓસ્ટ્રિયામાં આવા કૅમ્પોને વ્યવસ્થિત રીતે વિકસાવ્યા. આવા કૅમ્પો વિશે જાણી જોઈને રહસ્ય ઘેરું કરવામાં આવતું તો ભય ઉત્પન્ન કરવા ઑફિસિયલ અફવાઓ પણ ફેલાવવામાં આવતી. બીજા વિશ્વયુદ્ધ પછી પડદો ખૂલ્યો અને એ નારકીય સ્થાનો દેખાયાં. યુરોપના ચહેરા પર તે શીળીના કચકચી ગયેલા દાણા હતા.

પોલેન્ડમાં ઓશવીચ, ટ્રેબ્લીન્કા, બેલસેક, ઓસ્ટ્રીયામાં મૌથૌસેન અને જર્મનીમાં બુશેનવાલ્ડ, રવેન્સબ્રુક અને ડકૌ – થોડા ચોરસ કિલોમીટરના આ વિસ્તારો નરબલિના હવનકુંડ બને છે. ૫૦ લાખથી વધુ લોકોનું કબ્રસ્તાન સ્મશાન બને છે. લાગણી, દયા, માનવતાનું આ વેદિ પર માથું વધેરાઈ ગયું છે. આજેય આ સ્થાનોનું નામ પડે છે અને બિહામણાં ક્રૂર, દયનીય દશ્યો નજરે ચડે છે. પ્લેન્ચેટ પર એક એક મૃતક આવીને જાણે તેની ક્રૂર કરુણ કથની કહે છે. પીડાનાં, માનવીય જિજીવિષાનાં શ્રદ્ધાનાં, સન્માનનાં એ બધાં પવિત્ર સ્થાનકો છે. ભયાનક પિક્ચરનું આ છે કશીય સનસનાટી વગરનું ટ્રેલર.


રશિયાથી ઢોરની જેમ ખીચોખીચ સ્ત્રીઓને પૂરીને લાવવામાં આવતી. રસ્તામાં કોઈ સ્ત્રીને બાળક જન્મે તો તેને બારીમાંથી જ જીવતું બહાર ફેંકી દેવામાં આવતું. પોલીસ સ્ત્રીઓને ફેક્ટરીઓમાં, ખેતરોમાં મજૂરીએ જોતરતી. બાળકોની સંભાળમાં આ અભાગી સ્ત્રીઓનો સમય ન બગડે

(જુઓ પાન નં. ૨૨)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અણુશસ્ત્રોના ઓળા : માણસ પોતાનો જ મિત્ર ને પોતાનો જ શત્રુ



**આજ**ની દુનિયાનો ભણેલગણેલ માનવી એનો પોતાનો જ શત્રુ બની ગયો છે. એને એના ભલાબૂરાનું ભાન રહ્યું નથી. સૃષ્ટિનું સ્વામિત્વ એના સરજનહારની પાસેથી ખૂંચવી લેવાની બળતરામાં આજે એના ઊંઘ-આરામ હરામ બની ગયાં છે. એ જળથળ અંતરાળમાં દિવસરાત આથડે છે; ને કુદરતી બળોને પલાણવા પાછળ જિંદગાનીનો વગડો કરી રહ્યો છે. કલાક વારમાં પૃથ્વી પ્રદક્ષિણા કરી આવે છે.

મિનિટની ફુરસદ વગર ભાગદોડ કરે છે. સાંજે થાકી લોથ થઈ કલબે જાય છે. પાનાં ટીચે છે. દારૂ ઢીંચે છે. અધરાત મધરાત લગણ ખાણાં ખાય છે; કાં નાટક સિનેમા નાચ નાટારંગમાં ડૂબે છે. અકાળે મરે છે, અગર તો જીવલેણ રોગવ્યાધિમાં સડીસબડી બૂરા હાલે જીવતર પૂરું કરે છે.

હા, એની આધુનિક સિદ્ધિઓનું લેખું નથી. એક એક ઉપર સરસાઈ કરે એવી સિદ્ધિઓની કમાણી કરીને એણે ગાંઠે બાંધી છે.

પણ સો વાતની એક વાત પર આવીએ. આ બધી સિદ્ધિઓ ગાંઠે બાંધીનેય એ સુખી થયો ? આજનો એ ચોસઠ વિદ્યાનો જાણકાર ચતુરસુજાણ આદમી સુખશાંતિ-સંતોષની જિંદગી કમાયો ? ભૂખ્યાદુખ્યાની પૃછા કર્યાનો, ભીડ વેળા પડોશીને પડખે ઊભો રહીને એને મદદ કર્યાનો, નમ્રભાવે મોટેરાં આગળ કે શાણા સ્વજન આગળ બે ઘડી બેસી સુખ-દુઃખની વાત કર્યાનો, કે ઘરનાં બઈરાંબાળકો સાથે નિરાંતજીવે બેસી વાર્તાવિનોદ કર્યાનો સંતોષ સાંજ પડ્યે એના ગજવામાં કેટલો પડ્યો ?

અમેરિકા આજે દુનિયા આખીના શિરમોડને સ્થાને છે. એની દુન્યવી સિદ્ધિઓનો સુમાર નથી રહ્યો. પણ એની ઇસ્પિતાલોમાં ભર ઉમ્મરે ખાંગા થએલા નર્વસ બ્રેકડાઉનના કેસો અને એનાં પાગલ-ખાનાંઓમાં ગાંડાઓની સંખ્યા તપાસો; એનાં છાપાંબુલેટિનોમાં માથાદુખણાંની અને મગજતંતુઓને ટાઢા પાડનારી ટ્રાન્કિવલાઈઝર દવાઓની જાહેરાતોનાં પ્રમાણ જુઓ; એ બધા પાછળ અમેરિકન સરકાર વરસોવરસ કેટલા અબજ ખરચે છે તે તપાસો, - તો એ મહાપ્રજાના સુખસંતોષનો અને તનમનની નરવાઈનો તાગ તમને મળે. હરકોઈને પૂછવાનું મન થાય, કુદરત અને વિજ્ઞાન ઉપર માનવીએ મેળવેલા મગરૂબી ઉપજાવે એવા વિજયનો શું આ નતીજો ?

આજના માનવીએ દુનિયાને વાદળીની જેમ દાબીને મૂઠીમાં લઈ લીધી. પણ પોતાના મનમાંહેલા રાગદ્વેષ, અસૂયા અને અંટસ શમાવવાનો ઈલમ એ ન કમાયો. પરિણામે એની કમાણી જ એની રોજિંદા જિંદગીનો ઑથાર બની ગઈ. આજે એ પોતાના જ ભાઈપાડોશીને ધાકે થથરી ઊઠ્યો છે. મૉત કરતાં લટકતા મૉતના ધાક-થથરાટ વધુ ભયાનક હોય છે.

બીજી બાજુ પૃથ્વી ઉપર માનવીની વસ્તી હદબહાર વધી રહી છે. જાણકારો કહે છે કે દુનિયાની વસ્તીને આજને આંકડે પહોંચતાં બે લાખ વરસ લાગ્યાં. પણ હવે તેને બમણી થતાં બીજાં ૩૦-૪૦ વરસ જ લાગશે ! આવી બેસુમાર વસ્તીના અન્નવસ્ત્ર આશરાની જોગવાઈને સારુ માણસે અજબગજબનાં સાધનોય શોધ્યાં છે. પણ એ બધી સામગ્રી માનવીના સુખશ્રેયને માટે વપરાવાને બદલે આજે માનવજાતિનો સંહાર કરી નાંખવા સારુ જ ઢગલા-મોઢે ખડકાઈ રહી છે.

આજની દુનિયાની વસ્તીના માથાદીઠ ૫૦૦ ટન આવે એટલા T.N.T. Trinitro tolume (સ્ફોટક દ્રવ્ય)ના જથ્થા આજે બળવાન પ્રજાઓના કોઠારોમાં મોજૂદ જમા છે; અને છતાં તે બેફામપણે વધાર્યે જવાની તીખી હોડ પોતાને દુનિયાની અગ્રણી કહેવડાવતી મહાપ્રજાઓ વચ્ચે ચાલી રહી છે ! અણુઅસ્ત્રોના ઢગલાઓમાં આ T.N.T. તો એક નાનકડી વાત છે. પણ એની એકલાની જ ૫૦૦ ટનની કિંમત ગણવા બેસીએ તો કદાચ દસ વીસ લાખ રૂપિયા થવા જાય. દુનિયાની ૨૭૫ કરોડ વસ્તીના માથાદીઠ પીરસવા સારુ આટલા રૂપિયાનું મરણ રાંધી મૂકવાને બદલે માણસે પરસેવા પાડીને રળેલું આટઆટલું ધન એ જ પોણીત્રણ અબજ વસ્તીનાં ખાનપાન, સુખાકારી ને કેળવણી પાછળ ખરચાય તો પૃથ્વીને નંદનવન બનતાં કેટલી વાર લાગે ?

પણ આજનો શાણો માનવી આટલી સાદી વાતો સમજતો નથી.

હિંદુઓની ગીતા જીવનયુદ્ધના શાસ્ત્ર તરીકે ઓળખાય છે. અસલમાં એ અરજુનકૃષ્ણ વચ્ચે મહાભારતના રણમેદાન ઉપર થયેલો સંવાદ છે; કહો કે માનવી અને એના કિરતાર વચ્ચેનો. મિત્ર ફિલસૂફ સારથિ શ્રીકૃષ્ણને પૂછે છે :

'હે કૃષ્ણ ! માણસ સમજતો હોય, ઇચ્છતો ન હોય, છતાં કેમ જાણે કોઈ એને ધક્કો મારીને ધકેલતું હોય એવી રીતે, પાપના ધંધા કરતો હોય છે, એનું શું ? શેનો માર્યો એ એમ કરતો હશે ?'

કૃષ્ણ સમજાવે છે : 'કામનો માર્યો; ક્રોધનો માર્યો. માણસના દિલમાં થાણાં નાંખીને પડેલા એ મનમાંહેલા શત્રુ છે. મહા ખાઉધરા, મહા સેતાન, કાળાં કામો કરાવનાર, ને લાંઠ. એ ધાડપાડુઓ દિનરાત માનવીને અવળે રવાડે ચડાવી ભમાવીને ઊંધો નાખે છે. એને જ તું ખરાખરીના શત્રુ ગણ.'

આજના માનવીએ તનની દુનિયાને ઓપી અજવાળીને ઝળાંઝળાં કરી, પણ એના અંતરની દુનિયા અમાસ કાળી-ચઉદશના કબજામાં રહી છે, જેને પરતાપે ગીતાએ કહેલા પેલા લાંઠ ખાઉધરા અંતરશત્રુઓએ ઊભી કરેલી ભૂતાવળ આજે એને ભરખવા બેઠી છે. ભૌતિક સિદ્ધિઓના અભરખામાં ને ઘેનઘેલછામાં એને મનઅંતરની દુનિયાનું જતન કરવાનું ભાન ન રહ્યું.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આધુનિક કાળના વિજ્ઞાને એ આધ્યાત્મિક મૂલ્યાંકનોને વઈજ્ઞાનિક ધોરણે સાબિત કરી બતાવીને અંકે કરી આપવાને બદલે પદભ્રષ્ટ કર્યાં, ને ભઉતિક મૂલ્યોને તેની જગા આપી. બસ, આમાંથી જ આજનો ખોપ ખોદાયો. એ ભઉતિક શોધસિદ્ધિઓના જનક વઈજ્ઞાનિકો જૂના દાર્શનિકો કે ઋષિમુનિઓ જેવા જ દ્રષ્ટા હતા. એમણે જોખમ ઓળખ્યું, ને સંકટની સાંકળ ખેંચવા માંડી. પણ બાણ એમના હાથમાંથી છૂટી ગયું હતું; ને બાજી બધી દેશેદેશના રાજકારણી બાજીગરોના હાથમાં આવી ગઈ હતી !

વિજ્ઞાનના શાસ્ત્રીપંડિતોના કહેવા મુજબ આપણી પૃથ્વી હસ્તીમાં આવ્યાને તો લાખો વરસ વીત્યાં; પણ એનાં જળચર ખેચર ભૂચરોમાં મનુષ્ય નામનો પ્રાણી ઊભો થઈને બે પગે ચાલતો બોલતો ને ભેજું દોડાવતો થયો, એ બીનાને હજુ થોડાં હજાર વરસો જ વીત્યાં છે. તે પછીનો એની બુદ્ધિ શક્તિ ને માણસાઈના વિકાસનો ઇતિહાસ પણ કદાચ પાંચ છ હજાર વરસથી વધુ લાંબો નથી.

આમ છતાં આટલા ટૂંકા ગાળામાં એણે ગજબની સિદ્ધિઓ મેળવી. ધીમેધીમે ચાલતાં બોલતાં વિચારતાં શીખ્યા પછી એણે ફાડી ખાનારાં વનપશુઓ સામે બચવાનાં અને શિકાર કરીને ખોરાક મેળવવાનાં હથિયારો શોધ્યાં. અગ્નિ, ખેતી, પશુપાલન, ચક્ર, ગતિ, એવી એવી શોધ-સિદ્ધિઓની કમાણી કરીને એ મોટમોટાં પાલતુ પશુઓનો તેમ જ માનવસમૂહોનો સ્વામી બન્યો.

બે સિદ્ધિઓ આ આદિયુગને અંતે એણે અંકે કરી. એક પશુઓને પાળીપળોટી પોતાનાં મદદનીશ બનાવ્યાની; અને બીજી હિંસક પશુઓ સામે લડવાનાં હથિયારોનો ઉપયોગ પોતાના જ જાતભાઈઓ સામે કરીને તેમને મારીઝૂડી પોતાને આધીન કરી નાનામોટા માનવસમૂહોને પોતીકા સુખચેનની ખાતર રોળવી ખાવાની.

આમાંની પહેલી સિદ્ધિ એની માણસાઈનો વિકાસ કરનારી હતી, જ્યારે બીજી એની એ માણસાઈનો હ્રાસ કરનારી હતી.

આ પાછલી અન્યાયી અને અકુદરતી વ્યવસ્થા ઠકરાતો, મહાજનશાહી, રાજાશાહી, સામ્રાજ્યશાહી, વગેરે નામોથી ઓળખાઈ; જેની હેઠળ અને જન્મજાત અધિકારવાદને જોરે, સમાજના લાંઠ અને માથાભારે લોકોએ સદીઓ સુધી વિશાળ જનસમૂહોને કશી સ્વતંત્ર હસ્તી પ્રવૃત્તિ કે પુરુશારથની તકોવિહોણા દાસ ચાકર કે રઈયતને નામે પોતાના અંકિત કરીને આશ્રિત ગુલામ જેવા રાખ્યા; ને છોગામાં રક્ષણને નામે મિલકતની જેમ તેમની ઓછીવત્તી સાચવણી કરીને એમને આત્મરક્ષણ જેવી પાયાની બાબતમાં પણ પાંગળા અક્ષમ અને પરાશ્રયી કરી મૂક્યા. અગર તો જે શક્તિ-શૂરાતનવાળા જણાયા, તેમને ચૂંટી કોરે કાઢી પોષી-પળોટીને પોતાના અંગત ઝેરવેરના કજિયાટંટા લડવા સારુ ગમે ત્યારે પોતાના ખપમાં આવે એવાં હુકમી પ્યાદાં બનાવ્યાં.

આ જૂની સામાજિક અન્યાય તેમ જ જન્મજાત ઊંચનીચના ભેદ અધિકારવાળી રાજાશાઈ કે મહાજનશાઈ સમાજવ્યવસ્થા, જેણે વિશાળ માનવસમૂહોને જમાનાઓ સુધી પાયાના માનવી અધિકારોથી વંચિત રાખ્યા અને ઢોરઢાંખરની જેમ રોળવી ખાધા તે વ્યવસ્થા, સાવ વાજબીપણે લોપ પામી અને તેની જગ્યાએ બે વિચારધારાઓ આજે દુનિયાભરનાં માનવીઓનો કબજો લેવા મથી રહી છે. એક સમાજવાદી લોકશાહીની, અને બીજી સામ્યવાદી સરમુખત્યારશાહીની.

આમાંની સમાજવાદી વ્યવસ્થા વ્યક્તિને અને તેના જન્મસિદ્ધ હકોને માન્ય રાખીને, અને બને તેટલા પોષી વિકસાવીને, રાષ્ટ્રીય કે પ્રજાકીય એકમોને નાતે જુદાજુદા સામાજિક સમૂહોનો વિકાસ સાધવાની નેમ રાખે છે; જ્યારે સામ્યવાદી વ્યવસ્થા તેવાં જ બીજાં પ્રજાકીય એકમોને, આજલગણ માનવીએ જોરાવરી અધિકારવાદ તથા અન્યાયોના પાયા પર દુનિયાભરમાં કાયમ કરેલી અસમાનતાઓને, એક ઝાટકે તોડી સાફ કરીને માણસમાત્રને એક આરે કરી એકસરખા હકો અને તકો મેળવી લેવા ઉત્તેજે છે; અને સરમુખત્યારશાહીને જોરે પૃથ્વીને નંદનવનમાં ફેરવી આપવાનાં વાજાં વગાડે છે. આ ધ્યેય સિદ્ધ કરવા સામ્યવાદીઓ હિંસા અહિંસા કોઈ વાતમાં પાછું વળી જોવા માગતા નથી. આવી વ્યવસ્થા હેઠળ માનવી પોતાનું વ્યક્તિગત સ્વાતંત્ર્ય તેમજ વ્યક્તિત્વ ગુમાવી બેસીને એક વિશાળ સાંચાતંત્રનો સ્ક્રુ બની જાય છે, એની એમને પરવા નથી.

આથી ઊલટું, સમાજવાદીઓ શરમેભરમેય સ્વતંત્રતા, સમાનતા, અહિંસાની પૂજાઅર્ચાનો દાવો કરીને દુનિયા આગળ ઊજળે મોઢે ફરવા મથે છે. આમ છતાં બુદ્ધ ઈશુથી માંડીને ગાંધી સુધીના સંસારના તમામ સંતોએ ચીંધેલા પ્રેમઅહિંસાના મારગની શક્તિ ઉપર તેમની આસ્થા ડગુમગુ હોવાને કારણે ઘરઆંગણેની સુલેહશાંતિ જાળવવા, તેમ જ પોતાથી જુદી ખોપરીવાળા સામ્યવાદી કે સરમુખત્યારીવાળા ભાઈપાડોશીઓની કારવાઈઓ સામે રક્ષણની જોગવાઈ તરીકે, લશ્કરો તો રાખે જ છે; ને નભાવે છે.

લશ્કરોની પાછળ કૂચકવાયત, ખાખી ડગલા, વ્યક્તિગત બુદ્ધિપ્રયોગ સામે તાળાબંધી, અને ફરજિયાત હુકમપાલન (Regimentation) આવ્યાં જ. આમ ઊંડે જોતાં ઓછી કે વત્તી હિંસા જોરાવરી અને લશ્કરી મૂલ્યો સ્વીકાર્યા પછી સમાજવાદી તેમ જ સામ્યવાદી વ્યવસ્થા વચ્ચે તફાવત કદાચ છ આની દસ આનીનો જ રહે છે. વળી, ભલે બહુમતીને નામે પણ, હિંસા જોરાવરીને એક વાર વાજબી ગણી, એટલે પછી પોતાના હરીફપડોશી ઉપર નજર નોંધીને તેવી હોડહરોળમાં આગેકદમ રહેવાનું પણ અનિવાર્યપણે આવ્યું જ.

આમ સ્વતંત્રતા, સમાનતા, બંધુતાની આણ માનનારી અને તે કબૂલનારી દુનિયાની પ્રજાઓમાં પણ જુજુત્સુ વૃત્તિને ઉત્તેજન મળ્યે ગયું, અને એકબીજાના અણવિશ્વાસનાં બી રોપાયાં. દરેકે હરીફ ભાઈપાડોશીના અણધાર્યા હુમલા સામે આત્મરક્ષણની જોગવાઈને બહાને શસ્ત્રાસ્ત્રોના ઢગ ખડકવા માંડ્યા. એટલું જ નહિ પણ એકબીજા ઉપર સરસાઈ કરીને સામાનાં અસ્ત્રોને કમજોર અને નકામાં ફેરવે એવાં જોરદાર અને વધુ વધુ કારમાં શસ્ત્રાસ્ત્રો શોધવાની ઘોડદોડ ઊભી થઈ. તે સારુ પ્રજાના રાજકારણી અગ્રણીઓએ મોટા મેધાવી વઈજ્ઞાનિકોને તેમની દેશભક્તિની ભાવનાને જગાડીને જોતર્યા અને તેમની મેધાપ્રતિભાને દોહીવલોવીને આજનાં અણુશસ્ત્રો નિર્માણ કર્યાં.

આ અણુશસ્ત્રોને જોરે આજે હવે એકલા હીરોશીમા જેવાં શહેરો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જ નહિ, પણ સેંકડો હજારો માઈલના વસ્તી કે વગરવસ્તી વાળા વિસ્તારોનાં માણસ પશુપક્ષી જંતુ કીટ અનુકીટ તમામનો ચપટી વગાડીએ એટલી વારમાં કોલસો કરી મેલાય, અગર તો રોગબીમારીથી દુનિયાભરનાં પ્રાણીમાત્ર ઘડીના છઠ્ઠા ભાગમાં તરફડીને મરી રહે, એવે તબક્કે દુનિયાની જોરાવર પ્રજાઓએ આ અણુનું હિંસાશાસ્ત્ર આણી પુગાડ્યું છે. આવાં શસ્ત્રો, અને પૃથ્વી પાણી આકાશ અંતરાળ ચંદ્ર શુક્ર ગ્રહ તારાઓ સુધીના અવકાશ માપી વળવાના કારસા ઊભા કરીને આજનો માનવી પોતાની જ સિદ્ધિઓથી આજે છળી ઊઠ્યો છે; અને પોતાના મૉતની જ મોઢામોઢ ઊભો હોય એમ થથરી રહ્યો છે. કઈ ઘડીએ એનું ને એણે કાયાકલ્પ કરી આપેલ એની દુનિયાનું 'અચ્યુત' થઈ જશે, પોતે જ મેળવેલાં વરદાનોને પરતાપે ઘેલો થઈને નાચી ઊઠેલો માનવી પુરાણોએ વર્ણવેલા ભસ્માસુરની જેમ ક્યારે રાખનો ઢગલો થઈ પડશે, એનું આજે હવે ઠેકાણું રહ્યું નથી.

વસીયતનામામાં વસીયત કરનારો, વસીયતનામું ઘડનારો વકીલ સોલીસીટર, અને તેના લાભાર્થી એવા ત્રણ પક્ષ હોય છે. આ મામલામાં વઈજ્ઞાનિકો અને રાજકારણીઓ ઉપરાંત કરોડો અબજોની સંખ્યાવાળો પક્ષ લાભાર્થીને બદલે મરણાર્થી (!)ઓનો (ના, મરણાર્થી નહિ, કારણ કે દુનિયા આજે કંઈ મરણની ઉમેદવાર નથી) છે, જેમને આજની અણુ-સિદ્ધિઓનાં પરિણામોની વણમાગી નવાજેશ ભલા વઈજ્ઞાનિકોના ધણિયામા થઈ બેઠેલા રાજકારણીઓ આજે ધરાર કરવા બેઠા છે. આ નવાજેશ છે કરોડોના તાત્કાલિક મરણની, અગર તો તેથી યે વધુ બૂરી અણુપ્રયોગોની રજને પરતાપે પેઢી દર પેઢી સુધી પહોંચનારા તરેહવાર જીવલેણ રોગો, બીમારીઓ અને તલતલપૂર થનારાં લાંબે ગાળેનાં મરણોની.

હીરોશીમાનો મારતલ એક હત્યારો અમેરિકન જવાન, કહે છે કે પશ્ચાત્તાપનો માર્યો પાગલ થઈ ગયો, ને મહાભારતના અશ્વત્થામાની પેઠે આજે વસ્તી-વગડે રવડી રહ્યો છે, કાં જેલ કે પાગલખાનાં પૂરી રહ્યો છે. એ જ હત્યારો કે બીજો, એ બીના ચર્ચાસ્પદ બની છે.

અણુશોધોમાં પહેલે નંબરે ગણાતો નોબેલ ઇનામ વિજેતા લાઈનસ પૉલિંગ અને તેના અસંખ્ય સાથી વઈજ્ઞાનિકો પોતાની શોધોના થઈ રહેલા દુરુપયોગ બદલ આજે હાથ ઘસી રહ્યા છે. એમની એ શોધોને જોરે અત્યારે દુનિયાની બે ત્રણ મહાપ્રજાઓ વચ્ચે અણુઅંતરાળની શોધ-સફ્લો અને અખતરાઓની જે હોડ ચાલી છે, તેને પરિણામે દુનિયા આખીને માથે મહાભયાનક સર્વનાશનું જોખમ ઊભું થયું છે.

આથી જ આજે આ અસ્ત્રોના શોધસહાયક વઈજ્ઞાનિકોએ, તેમ જ દુનિયાના રડ્યાખડ્યા શાણા પ્રતિષ્ઠિત અગ્રણી વિચારવંતોએ, આવાં નાશકારી અસ્ત્રોને વગર લેવેદેવે દુનિયાની કરોડો કરોડો નિરુપદ્રવી પ્રજાઓને માથે ઝીંકવાની કારવાઈઓ સામે પોકાર ઉઠાવ્યો છે.

આવા શાણાઓમાં ઇંગ્લંડના બુજરગ આગેવાન ઉમરાવ બર્ટ્રાન્ડ રસેલ છે, જેમણે ૯૦ વર્ષ જેટલી જઈફ઼ ઉમ્મરે સાત્ત્વિક રોષથી ભભૂકી ઊઠીને અણુશસ્ત્રોના અખતરા તેમ જ ઉપયોગ સામે ગાંધીજીની યાદ અપાવે એવી લડત ઉઠાવી છે. પદયાત્રાઓ, નિદર્શનો, લેખનપ્રચાર, ઇ. દ્વારા, તેમ જ અણુઅખતરાવાળી જગાએ વહાણમાં સત્યાગ્રહીઓના જથ્થા મોકલીને, તેઓ પોતાના મૂઠીભર સાથી-સાગરીતોની મદદથી ઝૂઝી રહ્યા છે. એમને તથા એમના સાથીઓને ગાંધીજીની જેમ જ સત્તાવાળાઓએ પરહેજ કર્યા, જેલો આપી. પણ છૂટ્યા પછી પાછા એ જ કામમાં મંડ્યા રહીને સાચા સત્યાગ્રહી તરીકે તેઓ આ દુનિયાવ્યાપી વિરાટ જીવલેણ અનિષ્ટનો વિરોધ કરી રહ્યા છે. રસેલ ભાભા ઇંગ્લંડના એક નામાંકિત ઉમરાવ છે. યૂરોપ અમેરિકાના આંગળીને વેઢે ગણાય એટલા અગ્ર હરોળના લેખકો અને વિચારકોમાં એમની ગણના છે. યૂરોપ અમેરિકા તેમ જ દુનિયાભરની પ્રજાઓનો લોકમત કેળવીને તેને પશ્ચિમની મહાપ્રજાઓના શિરજોર રાજકારણીઓની જમાત ઉપર કારગત કરાવવા આજે તેઓ દિવસરાત લોહીનું પાણી કરી રહ્યા છે. આ લડતમાં દુનિયાભરના વઈજ્ઞાનિકો તેમ જ વિચારવંતોનો એમને ટેકો છે.

## મસાણભોમનાં માનવી

અણુબૉમ્બથી હીરોશીમાના થએલા સર્વનાશ પછી થોડા જ વખતમાં જૉન હરસી નામના એક લેખકે એ ગજબનાક બનાવનું રૂંવાં ખડાં કરે એવું બ્યાન એક અમેરિકન છાપામાં પ્રગટ કર્યું હતું, જે પુસ્તિકારૂપે પણ દુનિયા આખીમાં તાબડતોબ પ્રચાર પામ્યું. આ સર્વનાશમાં થએલી માનવી પ્રાણહાનિના સાચા આંકડા આજ સુધી ભાગ્યે જ દુનિયાને મળ્યા હોય. મળ્યા તે બધા ઉત્તરોત્તર બિનભરોસાપાત્ર પુરવાર થયા. ચાર વરસને છેડે સહુથી મોટો આંકડો ૧,૦૦,૦૦૦થી વધુ નહોતો. પછી અમેરિકાના 'સેટરડે રિવ્યુ' સાપ્તાહિકવાળા શ્રી નૉરમન કઝીન્સે છેલ્લો સત્તાવાર આંકડો ૨,૧૦,૦૦૦ થી ૨,૪૦,૦૦૦ જેટલો જણાવ્યો ! અણુબૉમ્બ જેવી વિનાશક શક્તિ તમામ વર્ગોની લાખો વસ્તીવાળાં શહેરો પર ફેંકવાથી અમેરિકન પ્રજાની માનવીપ્રતિષ્ઠાને જે ધક્કો લાગ્યો તેનું પરિમાર્જન શક્ય નથી.

દરેક વિચારશીલ અમેરિકન આ સમજે છે અને કોઈ ને કોઈ રીતે એને ભૂલવા કે એનો પરિહાર શોધવા મથે છે. આમ કરનારા કેટલાક જાતજાતની સાબિતીઓ શોધી અમેરિકન અપરાધને હળવો કરી દેખાડવાની નેમવાળા હોય છે, જ્યારે કેટલાક જાપાની પ્રજાની થયેલી દુઃખદશા પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારા ને તેને ઝીણીમોટી મદદ કરવા ઇચ્છનારા હોય છે. 'સેટરડે રિવ્યુ'ના લેખક પાછલા વર્ગના હોઈ તેમણે તારાજ થએલ હીરોશીમાની મુલાકાત લઈ એ ગજબનાક બનાવનો અને ચાર વરસના ગાળા બાદ એ માણસભોમનાં માનવીઓના હાલહવાલનો દારુણ તેટલો જ કરુણ ચિતાર આપતો એક લાંબો લેખ લખ્યો. 'લાઈફ' સાપ્તાહિકમાં પણ અણુએ નિપજાવેલા નાશનાં પેઢીઓ સુધી પહોંચનારાં કારમાં પરિણામોની વઈજ્ઞાનિક શોધો આપતા એકથી વધુ લેખો પ્રગટ થયા. આ નીચેનું લખાણ એ લેખોનો તરજુમો નથી, પણ તેમાં આવતાં કેટલાંક વર્ણનોને આધારે તેમ જ તે ઉપરથી ઊઠેલાં સ્વતંત્ર ચિંતવનોને આધારે લખ્યો છે.

અણુબૉમ્બના ઉલ્કાપાતનો પ્રથમ ભક્ષ બનેલું ભસ્મીભૂત હીરોશીમા ચાર વરસ પછી જાણે કોઈ વિકરાળ દઈતે ઉજાડીને ધનોતપનોત કરી મૂકેલી નગરીનું હાડપિંજર આડું થઈને ખેરવિખેર પડ્યું હોય તેવું દેખાય

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

■ **ઈરાન : એક ખૂબસૂરત ગઝલ**

લેખિકા નાસિરા શર્મા તેના પુસ્તક : 'जहाँ फव्वारे लहू रोते हैं'ના પ્રથમ પ્રકરણનું મથાળું બાંધે છે – 'ઈરાન : એક ખૂબસૂરત ગઝલ'.

આ જ, પુસ્તકમાં એક પ્રકરણ છે – 'તેલ કી ધરતી પર રક્ત કી ધારા'.

૨૯ માર્ચ, ૨૦૨૬ના દિ.ભા.માં શ્રી અજયસિંહ ચૌહાણ ઈરાની કવિ શેખ સાદીની વાત કરે છે. આ મહાન સૂફી સંત અને કવિનો જીવનકાળ ૧૨૧૦ થી ૧૨૯૧નો મનાય છે. તેમણે વર્ષ ૧૨૫૮માં તેમનો અમર ગ્રંથ 'ગુલિસ્તાં' તૈયાર કર્યો. તેમાંની હૃદયસ્પર્શી પંક્તિઓ પર નજર નાંખીને આપણે આગળ વધીએ.

*માનવ સર્વે એક દેહનાં અંગ,*
*એક જ આત્મા, એક જ રંગ*
*એકને લાગે દુ:ખનો ઘા,*
*બીજાં હૃદયે ઊઠે વ્યથા*
*એક અંગ રડે પીડા સહે,*
*બીજાં અંગો શાંતિ ન રહે.*
*માનવ દુ:ખે જે ન દ્રવે મન,*
*તેને કેમ કહીએ માનવજન ?*

■ **'તેને કેમ કહીએ માનવજન ?'**

– પોતાનાથી સેંકડો કિ.મી. દૂર રહેલી વ્યક્તિને ત્યાંથી મિસાઈલ્સ તાકીને ખાતમો બોલાવે.

– નાનાં ભૂલકાંઓને રગદોળી નાંખે.

– વણ પહેચાનવાળા માણસોને ધડાકા-ભડાકા કરીને યમસદન પહોંચાડે.

.... તેને કેમ કહીએ માનવજન ?

કુમારપાળ દેસાઈ કહે છે – જેણે યુદ્ધની જ્વાળા જોઈ નથી, તે જ યુદ્ધનો વિચાર કરી શકે. વર્તમાન સ્થિતિ તેમને લખાવે છે –

*'યહાં ઈન્સાન કી સૂરત મેં આદમખોર રહતે હૈં,*
*ચલો જંગલ મે ચલકર હમ કોઈ આદમી ઢૂંઢે.'*


માનવજાત જ્યારે પાગલ બને છે ત્યારે યુદ્ધને નિમંત્રણ આપે છે. (ગુ.સ. ૨-૪-૨૦૨૬)

■ **ભૂમિપુત્રના ૨ વિશેષાંકો**

આપણે ૧૬-૯-૨૦૨૫નો ભૂમિપુત્રનો અંક ૧૧ સપ્ટેમ્બર વિનોબાજીના જન્મદિવસને ધ્યાનમાં રાખીને '**અહિંસાની ખોજ – વિશેષ સામગ્રી**' પ્રગટ કર્યો હતો.

તે અંકમાં ઇઝરાયેલે ગાઝા પટ્ટી – પેલેસ્ટાઈન વિસ્તારમાં ૫૯૦૦૦ લોકોને મારી નાંખ્યા તે વાત નોંધી

# એક ઝંખના : વિશ્વશાંતિની


Published on 1st & 16th of Every Month
BHOOMIPUTRA
Gujarati Fortnightly
Price Rs.10, Annual Sub. Rs.200
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001
ભૂમિપુત્ર
મનને જાણીએ (૨૦)
○ વિનોબા ○
(ગતાંકથી ચાલુ...)
મન-પ્રાણ અને સ્વપ્નમાં મનની પરીક્ષા
અહિંસાની ખોજ - વિશેષ સામગ્રી અંક

હતી, આજે આ આંક ૭૫૦૦૦ પર પહોંચ્યો છે. પરંતુ Lancet Global Health Medical Journal પ્રમાણે બીજાં ૨૫૦૦૦ મોતનો આંક ઉમેરવાની જરૂર છે. ૧૬-૯-૨૦૨૫ના અંકમાં આપણે રશિયા-યુક્રેન યુદ્ધની પણ નોંધ લીધી હતી.

છેલ્લા ૭-૮ મહિનામાં વિશ્વમાં શો માહોલ છે, તેમાં વિશેષ રૂપે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬થી ઈરાન-અમેરિકા-ઇઝરાયેલ વચ્ચે ચાલતા જંગમાં જે કંઈ ચાલી રહ્યું છે તેના પર આ અંકમાં વિશેષ ભાર અપાયો છે.

અખાતી દેશો વિવિધ કારણોસર કેવી રીતે આ યુદ્ધની ઝપટમાં આવ્યા તે પણ સમજવું જોઈએ. જે જે દેશોએ પોતાના રક્ષણ માટે અમેરિકા પાસે લશ્કરી થાણાં સ્થાપવા વિનંતી કરી હશે તે પણ આ યુદ્ધમાં સપડાયા હોઈ શકે. કેટલેક સ્થળે અમેરિકાએ પોતાની તાકાત વાપરીને પણ લશ્કરી અડ્ડા જમાવ્યા હોય.

તા. ૧૬-૯-૨૦૨૫ના અંકમાં આપણે આગળ નોંધ્યું તેમ રશિયા-યુક્રેન યુદ્ધની વાત કરી હતી. અલજઝીરા (Al Jazeera)ના સમાચાર પ્રમાણે ફેબ્રુ. ૨૦૨૨ પછી ૫૫૦૦૦થી ૧ લાખ ૪૦ હજાર સૈનિકો તેમજ ૧૫૦૦૦ નાગરિકો મૃત્યુ પામ્યા છે.

રશિયાએ પણ ૩ લાખ ૨૫૦૦૦ લોકોને ફેબ્રુઆરી ૨૦૨૨ પછી ગુમાવ્યા છે. અમેરિકા-ઇઝરાયેલ જ્યાં ને ત્યાં તોફાની આખલાની જેમ જેને ને તેને શિંગડાં મારે છે. તેને માટે ગમે તેવાં કારણો આગળ ધરે છે. ૩ જાન્યુ. ૨૦૨૬ના રોજ અમેરિકાએ વેનેઝુએલાના પ્રમુખ Nicolas Maduro અને તેનાં પત્નીને અમેરિકા ભેગાં કર્યાં. હાલ તેઓ ડિટેનશન સેન્ટરમાં છે. આમ કરવા જતા. ૧૦૦ લોકો મર્યા. અમેરિકાએ ખુલ્લે આમ આંતરાષ્ટ્રિય કાયદા કાનૂનોનો ભંગ કર્યો છે. અમેરિકા પોતાના કૃત્યને 'War on Drugs' તરીકે ગણાવે છે. વેનેઝુએલામાં લોકશાહીને મજબૂત કરવા આમ કર્યું છે તેમ ગણાવે છે. વાસ્તવમાં માત્ર ને માત્ર વેનેઝુએલાના તેલના વ્યાપારને પોતાના તાબામાં લેવા માટેનું આ પગલું છે.

વેનેઝુએલાની ધરતી તળે ૩૦૩ બિલિયન બેરલ જેટલું ક્રૂડ ઓઈલ ધરબાયેલું છે. વર્ષ ૨૦૨૪માં તેણે પ્રતિ દિવસ ૯ લાખ ૨૧ હજાર બેરલ ક્રૂડ ઓઈલ વેચ્યું હતું. વેનેઝુએલાની આ સંપતિ તેના માટે શ્રાપરૂપ બની ગઈ છે.

■ **અમેરિકા-ઈરાન સંઘર્ષનાં પાયાનાં કારણો**

અમેરિકા દરેક સ્થળે કઠપૂતળી સરકાર રચવા આવી છે. જરૂર પડે સત્તાપરિવર્તન કરાવે છે. લોકશાહી-માનવહક્કો વગેરેના નામે હોબાળો કરાવે છે – Mohmmad Raza Pahlavishah ની સરકાર અમેરિકા તરફી હતી. તેના શાસન સામે ચાલતા આંદોલનને કેવી રીતે દબાવી દેવામાં આવતું હતું તેનું વર્ણન નાસિરા શર્માએ તેમના પુસ્તક 'જહાં ફવ્વારે લહૂ રોતે હૈ'માં કર્યું છે. વર્ષ ૧૯૭૯માં Islamic Revolution ને કારણે શાહ શાસનનો અંત આવ્યો. ૧૧ ફેબ્રુઆરી ૧૯૭૯ના રોજ Khomeini સત્તા પર આવ્યા. અમેરિકા ત્યારથી નાખુશ છે.

ઈરાન સબળ બને તે અમેરિકાને મંજૂર નથી, તેથી વિવિધ પ્રતિબંધો લાદે છે. તે ઇચ્છે છે કે, ઈરાન પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત ન કરે અને તે માટે –

– મિલિટરી પાવર ન વધારે, બેલેસ્ટિક મિસાઈલ્સ પ્રોગ્રામ અટકાવે.

– તેનાં સપોર્ટ ગ્રુપો – મિલિટન્ટ ગ્રુપો Hezbollah - Hamas - Houthis ને કન્ટ્રોલમાં રાખે.

ઈરાન અમેરિકાનું આધિપત્ય સ્વીકારવા તૈયાર નથી. અણુ કાર્યક્રમો અટકાવવા માંગતું નથી. ઈરાને શું કરવું – શું ન કરવું તે અંગે કહેવાનો અમેરિકાને કોઈ હક નથી. જોકે જેમની હત્યા અમેરિકા અને ઇઝરાયેલે કરી છે તે ખામેનાઈએ વારંવાર કહ્યું છે – ઈરાન અણુબોમ્બ નહીં બનાવે. વર્ષ ૨૦૦૦માં ખામેનાઈ સાહેબે મૌખિક ફતવો બહાર પાડ્યો હતો અને જાહેર કર્યું હતું કે પરમાણુ સહિત સામૂહિક વિનાશનાં શસ્ત્રોના ઉત્પાદન અને ઉપયોગને ઇસ્લામિક કાયદા હેઠળ 'હરામ' જાહેર કરવામાં આવે છે.




August 2005 the Fatwa was cited in an official Statement by the Iranian government at a meeting of the International Atomic Energy Agency (AEA) in Vienna.

■ **ખામેનાઈની શહીદી**

ઈરાને વાર્તાના – સંવાદના ટેબલ પર બેસવાની ક્યારેય ના નથી પાડી પરંતુ એક બાજુ વાટાઘાટો ચાલે તે જ સમયે અમેરિકા ઈરાનના નેતાઓને તથા વિજ્ઞાનીઓને તેમના સ્થળ પર જ મોતને ઘાટ ઉતારે તે વાત કોઈ પણ દેશ ન સ્વીકારે. ખામેનાઈ જે સ્થળ પર તેમના પરિવાર સાથે હતા ત્યાં ૩૦ જેટલા બોમ્બ (Munitions) ૨૮ ફેબ્રુઆરીની સવારે દાગવામાં આવ્યા. તેમની દીકરી, પૌત્રી, જમાઈ, પુત્રવધૂ મૃત્યુ પામ્યાં. વિશ્વના મુસ્લિમ સમુદાયમાં આના કારણે શહીદીની લહેર ઊઠી છે.

અમેરિકા કેટલાક સ્થાનિક લોકોને ઉશ્કેરીને સત્તાપલટો કરાવીને ઈરાનના શાહના દીકરાને સત્તા પર લાવવા માંગતું હતું. પરંતુ ખામેનાઈની શહીદીને કારણે એકતાનું વાતાવરણ સર્જાયું છે.

■ **અણુવિજ્ઞાનીઓની હત્યા**

Defense of Democracies ના ૧૪ જૂન ૨૦૨૫ના સમાચાર પ્રમાણે ઈરાનના ૯ વિજ્ઞાનીઓને ઇઝરાયેલ દ્વારા ૧૨-૧૩ જૂન ૨૦૨૫ના હુમલામાં મારી નાંખવામાં આવ્યા હતા.

ઇઝરાયેલ મિડિયા AA ના દાવા પ્રમાણે ૧૭ જેટલા ઈરાનના Nuclear Scientists ને મારી નાંખવામાં આવ્યા છે.

આવી હત્યાઓની યાદીમાં અણુમથકોના ક્ટેલાક નિષ્ણાતો પણ હશે.

અહીં આપણે નોંધવું જરૂરી માનીએ છીએ કે આપણું વલણ સ્પષ્ટ છે. વિશ્વના અણુ ઊર્જામથક અને અણુ બોમ્બની રચનાને આપણે માન્ય નથી કરતા પણ પોતે અણુબોમ્બ ધરાવતા હોય તે બીજાને કેવી રીતે બોમ્બ બનાવતા રોકવા માટે ધમકી આપે ? જો તેમ ન કરે તો ઈરાનને-'Back to the Stone Ages'-બોમ્બનો મારો કરીને પાષાણ યુગમાં ધકેલી દઈશું તેવી ધમકી આપે છે.

■ **ઈરાન : જહાં ઇતિહાસ કરવટેં બદલ રહા હૈ**

નાસિરા શર્મા તેમના પુસ્તક ''જહાં ફવ્વારે...'' માં એક પ્રકરણનું મથાળું બાંધે છે – 'ઈરાન : જહાં ઇતિહાસ કરવટેં બદલ રહા હૈં.' આ બદલેલી કરવટની ઝલક આજે આપણે જોઈ રહ્યા છીએ. ત્યાં આચરવામાં આવતા સત્તાધીશોનાં બધાં પગલાંને આપણે માન્ય ન કરી શકીએ. ખોમેનીની બિનલોકશાહી વર્તણૂકને સ્વીકારી ન શકીએ પણ છેલ્લાં વર્ષોમાં ઈરાનમાં આવેલા બદલાવને સમજવામાં અમેરિકા થાપ ખાઈ ગયું – કદાચ વિશ્વ પણ થાપ ખાઈ ગયું છે. ભારતના વડાપ્રધાન ઈરાન પરના ઇઝરાયેલના હુમલા પહેલાં મોટા ઉપાડે જઈ આવ્યા તે ઘટનાથી ભારતે-ઈરાનના સદીઓથી ચાલતા આવતા સંબંધો પર હથોડાનો ઘા લગાવ્યો છે.

૧૯ માર્ચ ૨૦૨૬ના Indian Express માં શશી થરૂરના લેખનું ટાઈટલ છે – Silence on West Asia War is not moral Surrender, but responsible Statecraft.

શશી આંતરરાષ્ટ્રીય સંબંધોના સારા એવા જાણકાર છે. તેઓ ઈરાન પરના યુદ્ધ અંગે લખે છે–

0 War cannot be justified under international Law.

0 We should have promptly issued condolences on the death of Supreme Leader of Iran.

તરત તો આપણે મૃત્યુ માટે શોકસંદેશ જાહેર ન કર્યો. મોડા મોડા ૫ માર્ચના રોજ આપણા ફોરેન સેક્રેટરી વિક્રમ મીશ્રી ભારતમાં આવેલી ઈરાનીયન એમ્બેસીમાં જઈને શોકસંદેશ લખી આવે છે.

યુદ્ધમાં પક્ષ ન લઈએ પણ ભારત માનવીય વ્યવહાર કરવામાં ચૂક્યું અને આપણા વડાપ્રધાન ગાઝામાં લાખો નિર્દોષ લોકોને મારનારા નેતન્યાહુના પલડામાં જઈને બેઠા. પી.ચિદમ્બરમ્ લખે છે : ઇઝરાયેલ સામ્રાજ્યવાદી દેશ બની ગયો છે. ઇઝરાયલ સાથે સહયોગ સાધીને અમેરિકાએ તે બધા સિદ્ધાંતો જેના પર તેની સ્થાપના થઈ હતી તેને નેવે મૂકી દીધા છે. આગળ કહે છે –

Alas India's self-goals have reduced the country to a rembling supplicant before those who believe might is right. (ભારત આવા લોકો સાથે જોડાઈને ખોટું કરી રહ્યું છે.)

ભારતના વડાપ્રધાન મોદી ૨૫-૨૬ ફેબ્રુ.૨૦૨૬ના ઇઝરાયલના વડાપ્રધાન નેતન્યાહુને મળવા જાય છે. ઇઝરાયલ ૨૮ ફેબ્રુ. ૨૦૨૬ના રોજ ઈરાન

પર હુમલો કરી ખામેનાઈને મારી નાંખે છે. વડાપ્રધાન મોદીનો ઇઝરાયલ જવાનો ખૂબ જ ખોટો સમય હતો. ઉપરાંત હુમલા પછી ઇરાને જ્યાં જ્યાં હુમલા કર્યા તેના ખબર અંતર પૂછે છે. ૨૨ માર્ચ ૨૦૨૬ના સમાચાર છે-

o People of India Stand firmly with Israel :-P.M. Modi to Israeli PM. જોકે ભારતના ઘણા લોકોએ કહ્યું, અમે ઇઝરાયલ સાથે નથી.

બેન્જામીન નેતન્યાહુ - ઇન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટમાં માનવતા સામેના અપરાધમાં ગુનેગાર તરીકે જાહેર થયેલા છે. આવા ટાણે શ્રી મોદી કહે છે - "Israel is the Fatherland, India is Motherland." પોતાના જન્મદિવસના રોજ ભારતે ઇઝરાયલને માન્યતા આપી છે તે વાતનો આનંદ તેમણે વ્યક્ત કર્યો હતો. આ વાંચીને કોઈને શ્રી અરવિંદ યાદ આવે. મહર્ષિ શ્રી અરવિંદે પોતાની જન્મ તારીખ ૧૫ ઑગસ્ટના રોજ ભારત આઝાદ થયું તેને પ્રભુની કૃપા ગણાવી હતી. તેમણે કહ્યું, Sanction and Seal of Divine Force that guides my steps on the Work... પણ શ્રી અરવિન્દે સ્વતંત્રતાના આંદોલનમાં ભાગ લેતાં ૧ વર્ષ કારાવાસ પણ ભોગવ્યો હતો.

## ■ ઇરાન-ઇઝરાયેલ-અમેરિકા યુદ્ધ પછીનું વિશ્વ

૨૩ એપ્રિલે આ નોંધ લખી રહ્યો છું ત્યારે હાલ પૂરતા સીઝફાયર - યુદ્ધવિરામના સમાચાર આવ્યા છે. આ જાહેરાતને અલગ અલગ નજરે જોવાવાળા પણ હશે.

- વિશ્વશાંતિના ચાહકો સદાકળ યુદ્ધવિરામની ઝંખના કરશે.
- રાજકીય ગલીયારીઓમાં વાટાઘાટોનો દોર ચાલશે.
- લુચ્ચા સત્તાધીશો પાછલા બારણે શસ્ત્રો સજાવતા હશે.
- રાજકીય સંબંધોના તાણાવાણા નવા સ્વરૂપે બંધાતા જશે.
- ભવિષ્યમાં તેલની આફત ટાળવાના વિકલ્પો શોધશે.

○ ઇરાન ખાડીના દેશોમાંથી અમેરિકાને ભગાવવા માંગે છે, તેણે જ્યાં જ્યાં નજીકમાં લશ્કરી થાણાં હતાં તેને નષ્ટ કરવાનું કામ તો કર્યું જ છે પણ દુબઈમાંથી મોટી મોટી મલ્ટિનેશનલ કંપનીઓ પર બોમ્બ ફેંક્યા હતા જેમાં બેંક્સ, ઇન્ફોર્મેશન-આઈ.ટી. કંપનીઓ પણ બાકાત રહી ન હતી. ઇરાનના કહેવા પ્રમાણે આ બધી કંપનીઓ યુદ્ધમાં અમેરિકાને મદદ કરતી હતી. આગામી દિવસોમાં દુબઈ તેની હાલની શાન જાળવી શકશે ? -તે એક પ્રશ્ન છે. ઇરાન તેના વર્તમાન ડેવલપ મોડેલને પડકારી શકશે ?

○ શું અમેરિકા સંપૂર્ણપણે ખાડી દેશોમાંથી ઉચાળા ભરશે? ત્યાંના ઘણા અમીરો અમેરિકા સાથે સારી રીતે સંકળાયેલા છે, તે બધા ઇરાનના દબાવમાં કદાચ નહીં આવે. ઇરાન ખાડી દેશોમાં તેની શક્તિનો પંજો આજુબાજુના દેશોમાં ન પણ ફેલાવી શકે. થોડાંક વર્ષો તો યુદ્ધમાં થયેલા નુકસાનમાંથી ઊગરવામાં જશે.

○ વિશ્વભરના લોકોનો મત છે કે ઇઝરાયેલની પ્રજા નેતન્યાહુને આગામી ચૂંટણીમાં જાકારો આપે. તેવી જ રીતે ઘણા અમેરિકનો પણ ટ્રમ્પને જાકારો આપવા ઇચ્છે છે. ટ્રમ્પ ઇઝરાયેલ લોબીના પ્રેશરમાં કામ કરે છે, આ વાત 'નાટો'ના ૩૨ દેશો જાણે છે માટે તેમણે ટ્રમ્પને યુદ્ધમાં મદદ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

○ ચીન-રશિયા આ યુદ્ધમાં પ્રત્યક્ષ નહીં પણ પરોક્ષ રીતે સંકળાયેલા રહ્યા છે. જરૂરી ટેકનોલોજી અને સાધનસામગ્રી ઇરાનને પહોંચાડતા રહ્યા હતા. ટ્રમ્પનું લશ્કર ચીનની તેલની સ્ટીમરને ખાડીમાંથી બહાર આવતાં રોકી નથી શક્યું. આગામી વર્ષોમાં લાગે છે કે વિશ્વજમાદાર તરીકેની અમેરિકાની છબી કદાચ ભૂંસાઈ જાય તો નવાઈ નહીં. ચીન એટલું બધું તાકાતવાન બની ગયું છે કે તેની સામે કોઈ આંખ ઊંચી કરી શકે તેમ દેખાતું નથી. ભારતે આ વાતની અવશ્ય નોંધ લીધી હશે.

○ ભારતે વિશ્વગુરુ બનવાનાં સ્વપ્નોને જાકારો આપવો પડશે. માનવસંખ્યાબળ તે વિશ્વગુરુ બનવા માટેની લાયકાત નથી. પહેલાં તો પોતાના જ ઘરને ગોઠવવાની જરૂર છે. આપણા વડાપ્રધાને આશરે ૯૯ જેટલી પરદેશી યાત્રાઓમાં ૭૫ જેટલા દેશોની મુલાકાત લીધી છે. એક વાત ચોક્કસ છે કે દેશનું બજાર ઘણું મોટું છે તેમાં પણ ડિફેન્સની ખરીદી ખૂબ મોટી હોય. આના કારણે પરદેશના રાજદ્વારીઓ આવે અને મોટામોટા સોદા કરીને જાય તેથી હરખાઈ જવાની પણ જરૂર નથી.

## ■ આપણા વિકાસની ધરી કઈ - Oil base કે Soil Base?

દિલ્હી-સુરત-ઉધના સ્ટેશને પરિવાર સહિત પોતાના વતનમાં ટ્રેઈનમાં જવા માટેની લાંબી લાઈનો અને ધક્કામુક્કી થતી આપણે સમાચાર ચેનલોમાં જોઈ. બંધ થતી હોટેલ, રેસ્ટોરાંની વાતો જાણી. અસંખ્ય કારખાનાં ગેસ ન મળવાથી બંધ થયાં. માર્કેટમાં માંગ ઘટી છે. મૂળમાં ભારતમાં આવતો ગેસનો જથ્થો, તેમજ ક્રૂડ ઓઈલ આવતાં બંધ થતાં આવી ઘટનાઓ સર્જાઈ છે.

ભારત ૮૮ ટકા ક્રૂડ ઓઈલ તથા ૬૦ ટકા એલ.પી.જી. પરદેશથી મંગાવે છે. યુદ્ધ વેળાએ અથવા આંતરરાષ્ટ્રીય સંબંધોમાં તણાવ પેદા થતાં દેશમાં ઊર્જાની કટોકટી સર્જાય છે. આપણે ઊર્જાની સલામતીમાં રાંધણ ગેસ પર ભાર નથી આપ્યો. આના કારણે મોટાં શહેરોમાં પ્રશ્ન સર્જાયો. સુરતમાં ૫૮ ટકા જેટલા માઇગ્રન્ટ શ્રમિકો રહે છે. તેમની પાસે બળતણનો કોઈ અન્ય વિકલ્પ નથી. છેલ્લા ૧૫-૨૦ દિવસમાં ઊર્જા અંગે છાપાઓમાં સારી એવી ચર્ચા ચાલી છે.

## ■ ભારતની ખેતી પર અસર

ખાડી યુદ્ધના કારણે ફર્ટીલાઈઝરની અછત સર્જાતાં યુરિયા ખાતરના ભાવ ડબલ થઈ ગયા. ભારત ૨૫ ટકા યુરિયા પરદેશથી મંગાવે છે. પરદેશથી પૂરતા પ્રમાણમાં ખાતર ન મળે તો ૪ કરોડ ૫૦ લાખ લોકો માટે અનાજની સલામતી જોખમાઈ શકે છે. આપણે આપણું પશુધન ખેતીમાંથી દૂર કરી લીધું છે. ઘર આંગણાના નાનાનાના ખાતરખાડ દૂર થયા છે. એન.પી.કે. આધારિત ખેતી થઈ ગઈ છે. સજીવ ખેતી તરફ સંપૂર્ણ રીતે દેશ વળ્યો નથી. છૂટક છૂટક નમૂનાના ઉત્પાદકો છે. પરંતુ રાસાયણિક ખેતીનો દબદબો ચાલુ જ છે. ખેતપેદાશોના ભાવ મળતા નથી તે તો પડ્યા પર પાટુ ખાવાની વાત છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

■ યુદ્ધ બંને પક્ષને ખુવાર કરે છે

○ તા. ૧૪-૩-૨૦૨૬ના બીઝનેસ લાઈન છાપામાં Desmond Lachman ના લેખનું મથાળું છે - Can U.S. afford Trump's Iran War ? લેખક કહે છે, યુદ્ધના ખર્ચનો હિસાબ કરવો મુશ્કેલ છે. પરંતુ આશરે કહી શકીએ તો રોજના One Billion ડોલર થતો હશે.

○ ટ્રમ્પે યુદ્ધ પહેલાં ડિફેન્સ બજેટ જે વર્ષનું ૧ ટ્રિલિયન ડોલર નક્કી કરવામાં આવ્યું હતું તેમાં ૫૦૦ બિલિયન ડોલર વધારવાની વાત કરી હતી.

○ એવું પણ નથી કે અમેરિકા પાસે પૈસાની રેલમછેલ છે. તેના બજેટમાં ૨ ટ્રિલીયન ડોલરની ખાધ (Deficit) છે.

○ દેવાંગશુ દત્તા કહે છે - U.S. and Israel are spending around 3 to 4 million Dollor every time they successfully shoot down a drone that costs 15000 to 2000 Dollor. (Bus. Std. 21-3-2026)

○ પેન્ટાગોનના જણાવ્યા પ્રમાણે યુદ્ધના ૬ દિવસનો ખર્ચ ૧૧.૩ બિલિયન ડોલર થયો હતો. પ્રો. લિન્ડા બિલેમ્સ (હારવર્ડ ફાઇનાન્સ એક્સપર્ટ) માને છે કે અમેરિકાને આ યુદ્ધમાં ૧ ટ્રિલીયન ડોલર ખર્ચ થશે.

યુદ્ધના ખર્ચના બધા જ આંકડા હાલ મેળવવા મુશ્કેલ છે પણ આપણે ઉપરછલ્લી નજર નાંખી છે. આવા ખર્ચ ન કરતાં પ્રજાલક્ષી ઘણા કાર્યક્રમો કરી શકાય.

ખુવાર થયેલા દેશને ફરી પાછું બેઠું કરવા માટે પણ ખર્ચ તો કરવો જ પડવાનો છે.

■ **વિશ્વશાંતિ સ્થાપવા નવા આયામો**

મોટીમોટી રાજકીય હસ્તીઓ આ કામ કરશે તેવી આશા ભલે રાખીએ પણ જેને આપણે સામાન્ય નાગરિક માનીએ છીએ તે જ્યારે એક અવાજે યુદ્ધને નકારશે ત્યારે વિશ્વશાંતિનાં દ્વાર ખૂલશે તેવી માત્ર એક આશા છે.

- ૨.

# કહેવાતા વિકાસનો વરવો ઈતિહાસ : The Killing Age

**૧૪** માર્ચ ૨૦૨૬ના રોજ Indian Expressમાં શ્રી પ્રતાપભાનુ મહેતાએ પુસ્તક 'The Killing Age' પુસ્તકનો પરિચય આપ્યો છે. કવર પેજ પર નાના અક્ષરોમાં લખ્યું છે, 'How Violence Made the Modern World'. લેખક છે, Clifton Crias. વર્ષ ૨૦૨૫માં આ પુસ્તક તૈયાર થયું છે. લેખક અમેરિકામાં ઇતિહાસના પ્રોફેસર છે.

પ્રતાપભાનુ લખે છે : આધુનિક દુનિયા મોટા પાયે હિંસાના પાયા પર ઊભી થઈ છે. આ પાયામાં પ્રકૃતિ અને માનવોનું શોષણ છે. પુસ્તકમાં આ અંગેની ઐતિહાસિક વિગતો છે-આંકડાઓ છે. આધુનિકતાના મિનારાના ચણતરમાં ગન-બંધૂકનો મુખ્ય રોલ રહ્યો છે. વરાળયંત્રે આધુનિક યુગની રચના કરી તે વાત યોગ્ય નથી બંધૂકોનાં નાળચાંએ એક રસ્તો તૈયાર કર્યો છે. ઇંગ્લેંડે મોટા પાયે બંધૂકોનું ઉત્પાદન ૧૮મી સદીમાં કર્યું. ભારત તેના તાબામાં હતું. ગન પાઉડર બનાવવામાં બિહારમાં મળતા Saltpeter નો ઉપયોગ થવા માંડ્યો. ગુલામો બનાવવાની પ્રથા ઘણી જૂની છે પણ આફ્રિકા અને એશિયામાં બંધુકે મોટા પાયે ગુલામો બનાવ્યા.

Fire Arms દ્વારા સ્થાનિક માણસોને ખતમ કરીને જમીનનો કબજો પ્રાપ્ત કરી શકાતો હતો. તેના દ્વારા વ્હેલનો શિકાર કરી શકો છો. તેનું તેલ દીવો પ્રગટાવવામાં ઉપયોગમાં લેવામાં આવતું થયું જ્યારે કેરોસીન સહજ રીતે ઉપલબ્ધ થયું ન હતું. લાખો બાયસન (Bison) ને ગોળી મારી તેનું ચામડું વાપરી શકો છો. તેનાં હાડકાંમાંથી ખેતી માટે ખાતર બનવા લાગ્યું. તે માટે લાખો બાયસનની કતલ કરવામાં આવી. જમીનને સારા પ્રમાણમાં ફોસફરસ તેનાં હાડકાંમાંથી મળ્યું હતું. ગનના વેપારથી અમેરિકાનું અર્થતંત્ર સારા એવા પ્રમાણમાં સમૃદ્ધ બન્યું.

The most effective globalisation is not that of commerce but gunes. ગનનો વેપાર વિશ્વવ્યાપી બન્યો છે.

યુરોપ બહારના દેશોમાં વર્ષ ૧૭૫૦થી ૧૯૦૦ સુધીમાં નાહકના ૨૦ કરોડ (૨૦૦ મિલિયન) લોકોને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા છે. ૬૦૦ લાખ બાયસનને, ૧૦૦ લાખ હાથીઓને, ૨૦ લાખ વ્હેલને તેમજ અસંખ્ય પશુઓને મારી નાંખવામાં આવ્યાં હતાં.

પુસ્તકના લેખક આધુનિક સભ્યતામાં ચાલતી હિંસાની વાત નોંધે છે. રાજ્યોમાં ચાલતી રાજકીય પ્રવૃત્તિની નોંધ પણ લે છે. ૧૯મી સદીનાં પાછલાં વર્ષોમાં સત્તાધીશો ગનના આધારે પોતાનો વિસ્તાર કરી રહ્યા હતા. તેમણે લોકો પાસેથી શસ્ત્રો - બંધૂકો છીનવી લીધી. રાજ્યનો કંટ્રોલ તેમની પર સ્થાપ્યો. Indian Arms Act 1885 દ્વારા આમ કરવામાં આવ્યું હતું. ૪૦ લાખ પાઉન્ડ ગન પાઉડર આફ્રિકામાં માત્ર ૧ વર્ષમાં મોકલવામાં આવ્યો હતો. બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ મોટા


← અનુસંધાન

પાયે વિશ્વવ્યાપી ગન પાઉડરનો વેપાર કર્યો હતો.

Organised Violence એ Development ના કેન્દ્રમાં છે.

પુસ્તક ૬ વિભાગોમાં વહેંચાયેલું છે.

○ The Business of Death ○ African Holocausts ○ Pirates, Indians and Gentlemen Warlords. ○ The American Ways of Killing ○ Lands of the Dead ○ Empire : Twilight of the War Lords.




૬૦૦ ઉપરાંત પૃષ્ઠનું આ પુસ્તક વિશ્વમાં આચરાયેલી હિંસાનો નગ્ન ચિતાર આપણી સામે મૂકી આપે છે. **- રાજુ રૂપપુરીઆ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# 'ગેંગસ્ટર સામ્રાજ્યવાદ'



ટ્રમ્પની વ્યવહાર-આધારિત પ્રભાવના ક્ષેત્રની ભૂ-રાજકીય અને વૈશ્વિક આર્થિક વિચારસરણી સપાટી પર દેખાય છે તેટલી અણઘડ નથી. ધ્યાનથી જોઈએ તો તેમના વિચારોમાં એક સ્પષ્ટ પેટર્ન દેખાય છે. માદુરોનું અપહરણ કરીને વેનેઝુએલાના તેલભંડાર પર નિયંત્રણ મેળવવા માટે કઠપૂતળી સરકાર સ્થાપિત કરવાના તેમના પ્રયાસોમાં આ બાબત સ્પષ્ટ થાય છે. ટ્રમ્પના 'ડોનોરો સિદ્ધાંત'ના કેન્દ્રમાં એવી માન્યતા છે કે, અમેરિકા તેના સ્વ-ઘોષિત 'પશ્ચાદ્દભૂ'માં નિશ્ચિંત બનીને જે ઇચ્છે તે કરી શકે છે. તેનાથી દુનિયામાં એવો સંકેત ફેલાય છે કે, બીજી મહાસત્તાઓ - ખાસ કરીને ચીન - પણ તેના પોતાના પ્રદેશમાં આવું કરી શકે છે. અમેરિકા ગ્રીનલેન્ડ સહિત જ્યાં પણ ઇચ્છે ત્યાં તેનાં વ્યૂહાત્મક હિતોને આગળ વધારવાનો અધિકાર અનામત રાખે છે.

ટ્રમ્પના આ અભિગમને ભારતીય અર્થશાસ્ત્રી પ્રભાત પટનાયકે સચોટ શબ્દોમાં 'ગેન્ગસ્ટર સામ્રાજ્યવાદ' તરીકે વર્ણવ્યો છે. તે મૂડીવાદના વસાહતી મૂળની યાદ અપાવે છે, જ્યારે લોકો અને રાજ્યો વચ્ચેના સંબંધો તેમની શક્તિ દ્વારા નક્કી થતા હતા. ઊંડા નૈતિક અને કાનૂની પ્રશ્નોને બાજુ પર રાખીને મૂળભૂત પ્રશ્ન રહે છે : શું આ વ્યૂહરચના ખરેખર કામ કરી શકે છે ? શું વિશ્વને મહાસત્તા વચ્ચે વિભાજિત કરવું મૂડીવાદની સ્થિરતા અને ગતિશીલતા માટે સારું છે, જ્યારે વૈશ્વિક અર્થતંત્ર પહેલાં કરતાં વધુ અસ્થિર અને દિશાહીન દેખાઈ રહ્યું છે ? ઇતિહાસના પાઠ તો આપણને એ જ જણાવે છે કે, તેનો જવાબ સ્પષ્ટપણે 'ના' છે. છેલ્લી બે સદીથી મૂડીવાદ ક્યારેક બે હરીફ દેશો વચ્ચે તીવ્ર સંઘર્ષોના સમયગાળામાં પસાર થયો છે અથવા ક્યારેક એવા સમયગાળામાંથી જેમાં પ્રભુત્વ ધરાવતી માત્ર એક જ મહાસત્તાએ નિયમ-નિર્માતા અને નિયમ-પાલનકર્તા બંનેની ભૂમિકા ભજવી હોય.

ઓગણીસમી સદીમાં આ ભૂમિકા યુકે દ્વારા ભજવવામાં આવી







હતી, જેણે તેના યુરોપિયન હરીફો કરતાં ઘણા મોટા વસાહતી સામ્રાજ્યનું નિર્માણ કર્યું હતું. વીસમી સદીના મધ્યભાગથી આ સ્થાન અમેરિકા પાસે રહ્યું છે. ટ્રમ્પની વિદેશ-નીતિનો પાયો એ માન્યતા પર જ ટકેલો છે કે, અમેરિકાના નેતૃત્વવાળી વિશ્વિકરણની જે પ્રક્રિયાએ એક સમયે અમેરિકાની મૂડીનાં હિત પૂરાં કર્યાં હતાં તેનો લાભ હવે ચીન જેવી મહાસત્તાઓના ઉદય સાથે ઘટી ગયો છે. તેનો ઇલાજ એટલો જ છે કે, સૈનિક વર્ચસ્વ અને આર્થિક તાકાતને આધારે એવાં ક્ષેત્રોમાં સંસાધનો અને બજારો પર નિયંત્રણ મેળવવું, જેને તેઓ અમેરિકાના પ્રભાવક્ષેત્ર સ્વરૂપે જુએ છે. તેનો અર્થ છે કે, આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના દેખાડાનો ત્યાગ કરવો, લોકશાહી અને માનવાધિકારોના નામે ઓઢવામાં આવેલી નૈતિકતાને અભરાઈએ ચઢાવી દેવી તથા જાહેરમાં એ જૂના સિદ્ધાંતને અપનાવવો, જેમાં તાકાત જ સત્તા બની જાય છે અને જ્યાં સંસાધનોની લૂંટને દરેક દૃષ્ટિએ કાયદેસર ઠેરવવામાં આવે છે.

જોકે આ વ્યૂહરચના એક તરફ અમેરિકાના મજૂરો અને નાના વેપારો માટે વિનાશક છે. સાથે જ તે અમેરિકાની મોટી કંપનીઓનાં હિતોને પણ નબળાં પાડે છે. આર્થિક સંસાધન અલગ-અલગ પ્રભાવ-ક્ષેત્રોમાં બંધ રહેતાં નથી. બજાર એકબીજા સાથે સંકળાયેલાં હોય છે. અમેરિકાના કોર્પોરેટના કેટલાક હિસ્સાને ભલે તેનાથી લાભ થાય. જેમ કે સૈનિક-ઔદ્યોગિક કેમ્પ્લેક્સ જેણે યુક્રેન અને મધ્ય પૂર્વનાં યુદ્ધો દ્વારા મોટો નફો રળ્યો છે, પરંતુ બીજાં હિતોને નુકસાન થશે.

એ બહુરાષ્ટ્રીય કંપનીઓ સૌથી વધુ પ્રભાવિત થશે, જે ભૌગોલિક ધોરણે ફેલાયેલી પુરવઠા શ્રૃંખલા (સપ્લાય ચેન) પર આધારિત છે. જે નાણાંસંસ્થાઓ નિર્બાધ મૂડી-પ્રવાહ પર આધારિત છે, તેમની તકો પણ સંકોચાશે. બિગ ટેક કંપનીઓ - જેમનો વેપાર જ દુનિયાભરના ડેટા સુધી પહોંચ પર ટકેલો છે, તે મુખ્ય બજારોમાંથી ફેંકાઈ જશે.




**- જયતી ઘોષ**

મેસાચ્યુસેટ્સ એમહર્સ્ટ યુનિવર્સિટીમાં પ્રોફેસર

(સાભાર - દિવ્યભાસ્કર)




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org


# આ યુદ્ધ પૂરું થશે પછી અપાર પરિવર્તનો આવશે

ઈરાન સામેનું યુદ્ધ હવે કોઈના અંકુશમાં નથી. સામસામાં નિવેદનોના બૌદ્ધિક અખાડા અને સશસ્ત્ર હુમલાઓ એમ બંને દોર ચાલુ છે. આ યુદ્ધ પૂરું થશે પછી દુનિયામાં અનેક ક્ષેત્રોમાં અપાર નવાં પરિવર્તનો આવવાનાં છે એ નક્કી છે. એલ્વિન ટોફલરે 'ધ થર્ડ વેવ' પુસ્તક લખ્યું ત્યારે, એટલે કે ઈ.સ. ૧૯૮૦ના અરસામાં, એમાં પણ એવી જ કલ્પના કરી હતી કે છેક ઔદ્યોગિક ક્રાંતિથી શરૂ થયેલી આ માનવવસાહતોની આગેકૂચ પૃથ્વી ઉપર હજુ પણ વધુ સ્વર્ગાધિક સુખ લાવશે. વેવ એટલે કે મોજું જ્યારે આવે છે ત્યારે અગાઉનું બધું જ બાજુ પર ધકેલીને આગળ વધે છે. ઔદ્યોગિક ક્રાન્તિને ટોફલરે સેકન્ડ વેવ – બીજું મોજું કહ્યું હતું. તેમાં 'સમૂહ' શબ્દ કેન્દ્રમાં હતો. સામૂહિક ઉત્પાદન, સામૂહિક સંહારનાં શસ્ત્રો, સમૂહ માધ્યમો, સમૂહ શિક્ષણ (માસ એજ્યુકેશન). ટોફલરની વિચારધારા પર દુનિયા આફરીન થઈ ગઈ હતી. કદાચ એ એવું પુસ્તક હતું કે જેના પર દુનિયાનાં નાનાં-મોટાં લાખો શહેરોમાં પરિસંવાદો યોજાયા હતા. ત્યારે કોઈને કલ્પના ન હતી કે ટોફલરની થિયરી માનવમનના કેટલાક સંકુલ અને અણઉકેલ પ્રશ્નોને પણ સાથે જ લઈ આવી છે. ટોફલરની થિયરી આગળ જતાં સાવ બદલાઈ જશે એની પણ ત્યારે તો કલ્પના ન હતી. એ સમયે ફિટજોફ કાપ્રાનાં પુસ્તકોએ પણ ધૂમ મચાવી હતી.

**એલ્વિન ટોફલરે ઈ.સ. ૧૯૭૦માં 'ફ્યુચર શૉક' પુસ્તક લખ્યું ત્યારે જ કહ્યું હતું કે આવનારા યુગમાં બહુ જ ઓછા સમયમાં બહુ જ વધારે પડતાં પરિવર્તનો જોવા મળશે.**

મીડિયાની વિદ્યાશાખાઓના જેને માંધાતા માનવામાં આવે છે એવા ભીષ્મ પિતામહ સમા માર્શલ મોકલુહાને પહેલી વાર દુનિયાને ગ્લોબલ વિલેજની વિભાવના આપી હતી. ત્યારે પણ જગત અચંબામાં પડી ગયું હતું કે શું ખરેખર જ એવી ટેકનોલોજિકલ ક્રાંતિ આવશે કે ? માર્શલ મેકલુહાનની ધારણા પ્રમાણે પછીના દાયકાઓમાં ખરેખર જ એવી ક્રાંતિ આવી. ટોફલરે થર્ડ વેવ તરીકે ઇન્ફોર્મેશન એજની વાત કરી. 'ધ થર્ડ વેવ' પુસ્તક આપ્યું એનાં દસ વરસ પહેલાં એટલે કે ઈ.સ. ૧૯૭૦માં ટોફલરે 'ફ્યુચર શૉક' નામનું પુસ્તક આપ્યું હતું. ત્યારે પણ કોઈને કલ્પના ન હતી કે એમની વાત આટલી ઝડપથી સાચી પડશે. ટોફલર મનુષ્યના પ્રવર્તમાન જીવન અને સામુદાયિક વિકાસનું ગહન અધ્યયન કરીને કેટલાંક ચોંકાવનારાં ભવિષ્યગામી વિધાનો કરનારા વિદ્વાન ભવિષ્યવેત્તા છે.




બધાં જ ઉપલબ્ધ સંસાધનો, મનુષ્યનું બદલાતું વર્તન, મનુષ્યની મહત્ત્વાકાંક્ષાઓ, સામાજિક સંદર્ભ વગેરે અને એના સંઘર્ષની ભૂમિકાનો બહુ જ વ્યાપક સ્તરે ગહન અભ્યાસ કર્યા પછી આ કક્ષાના વિદ્વાનો અમુક ચોક્કસ તારણો પર આવતા હોય છે અને એ પ્રકારે તૈયાર થયેલાં પુસ્તકો જગત સમક્ષ મૂકતા હોય છે. જ્યારે તેઓનાં આ પુસ્તકો પ્રગટ થાય છે ત્યારે તો તેમની ભવિષ્યની કલ્પનાનો એક પણ અણસાર આપણને આજુબાજુમાં જોવા મળતો હોતો નથી, પરંતુ જેમ જેમ વરસો પસાર થતાં જાય છે, તેમ તેમ એ પુસ્તકનાં એક પછી એક પાનાં દુનિયાના દરેક પ્રદેશોમાં સાક્ષાત્ થવા લાગે છે. એલવિન ટોફલરે 'ફ્યુચર શોક' પુસ્તક લખ્યું એમાં એક વાક્ય બહુ મહત્ત્વનું છે જે આખા પુસ્તકનો સારાંશ જ છે. ટોફલર કહે છે કે Too much change in too short a period of time... બહુ જ ઓછા સમયમાં બહુ જ વધારે પડતાં પરિવર્તનો જોવા મળશે. આ વાક્યમાં સકારાત્મક પાસાઓ પણ છે અને નકારાત્મક પણ છે. તો પણ ટોફલરનું આ અમર વાક્ય છે અને આજની દુનિયા હજુ પણ ટોફલરના એ ઉદ્ગારના પડછાયામાં જ ઊભી છે. આ બધા અર્વાચીન કાન્તદ્રષ્ટાઓ છે.

ઘોડાની લગામ માણસજાતના હાથમાં આવતાં લગભગ એક લાખથી વધુ વર્ષો લાગ્યાં. આ એક લાખ વર્ષ દરમિયાન મનુષ્ય પણ જંગલમાં હતો અને ઘોડાઓ પણ એ જંગલમાં હતા. સમસ્યાનાં સમાધાનો ચોતરફ વેરાયેલાં પડ્યાં હોય છે, પરંતુ મનુષ્યના મસ્તિષ્કમાં ચમકારો થવો દુર્લભ છે. ત્યાર પછી માત્ર ઘોડાઓની મદદથી માણસજાતે નવખંડ ધરતી ઘૂમી વળવાનો પુરુષાર્થ કર્યો. દિવસ અને રાત ધરતી પર ઘોડાઓ દોડતા રહ્યા, સદીઓ સુધી. આ ક્ષિતિજોથી પેલી દૂરની બીજી ક્ષિતિજ સુધી. અનેક યુદ્ધો થયાં. ઘોડો માણસજાતનો અખંડ સાથીદાર. ઈ.સ. ૧૮૬૦માં ઔદ્યોગિક ક્રાંતિ થઈ. ઈ.સ. ૧૮૮૦ના દાયકામાં કાર્લ બેન્ઝે પોતાની ત્રણ પૈડાંની પ્રથમ મોટરવેગનની પેટન્ટ લીધી ત્યારથી પૃથ્વી પર ઘોડાઓના હણહણાટ આથમવા લાગ્યા. વધુ સારો વિકલ્પ મળે એટલે સદીઓના વફાદારનેય પડતા મૂકે એનું નામ માણસ. વીરતા અને સ્વાભિમાનના પર્યાય જેવા અશ્વો નજરમાં દેખાતા બંધ થવા લાગ્યા ને ઔદ્યોગિક ધમધમાટ આખી દુનિયામાં ચાલુ થયો. ટોફલરે કહેલા આ સેકન્ડ વેવમાં જ પૃથ્વીના સત્ત્વતત્ત્વના નિકંદનનો ખતરનાક પ્રારંભ થયો.

રશિયન સાધક ગુરજિએફ એક રીતે પરબ્રહ્મ તત્ત્વોના ઉપાસક હતા. વહેલી સવારે ખેતરો વચ્ચે ફરવા જતા. મૂળભૂત રીતે તેઓ ભરવાડ પરિવારના હતા અને ઘેટાં-બકરાં ચારતા, પરંતુ તેમની આત્મશક્તિ બહુ પ્રબળ હતી.




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેમની વાણીમાં તબક્કાવાર બ્રહ્માંડનાં અનેક રહસ્યો ખૂલવા લાગ્યાં હતાં. મહાન રશિયન ગણિતશાસ્ત્રી વ્યૂસ્પેન્સ્કી (Ouspensky) જેવા લોકો તેમના શિષ્ય બની ગયા હતા. સમગ્ર માનવજાત માટે એમની પાસે બહુ જ નવા પ્રકારના બોધ હતા. આ ગુરજિએફ સવારના જ્યારે ખેતરે જતા ત્યારે પાછા પગે દોડ લગાવતા. એ જોઈને બીજા ખેડૂતોને બહુ આશ્ચર્ય થતું. એક વાર ખેડૂતોએ એમને પૂછ્યું કે તમે પાછા પગે શા માટે દોડો છો ? ત્યારે એમણે કહ્યું કે આપણે ખોટા રસ્તે ચડી ગયા હોઈએ તો સાચા રસ્તે જવા માટે અગાઉ જ્યાં હતા ત્યાં તો પાછા પહોંચવું પડે ને ? આખી માણસજાત ખોટા રસ્તે ચડી ગઈ છે એટલે હું મૂળભૂત જગ્યાએ પહોંચવા પાછા પગે દોડું છું.

ગુરજિએફની વાત આજે પણ સાચી છે કે માણસજાત અનેક બાબતોમાં ખોટે રસ્તે ચડી ગયેલી છે. એ ખુદ જ્યાં સુધી પાટે ન ચડે ત્યાં સુધી વિનાશક વાયરસો, ઝંઝાવાતો, ભૂકંપો અને અણધાર્યા ઉત્પાતો આવતા જ રહેવાના છે. મનુષ્યનો એક જ અપરાધ મુખ્ય છે કે તેણે માની જ લીધું છે કે આ પૃથ્વી પર જે કંઈ છે તે મારે ભોગવવા માટે છે. આ જ અભિગમ અપનાવીને મનુષ્યે કુદરત સાથે કામ પાડ્યું છે અને માત્ર પોતાના ભોગવાદ ઉપર જ ધ્યાન આપ્યું છે. કુદરત તરફ ધ્યાન આપ્યું જ નથી. એક ટકાથી ઓછા લોકો આ દુનિયામાં પ્રકૃતિનાં ગુણગાન ગાય એનાથી આ વસુંધરા ટકી શકે નહિ. બાકીના જે ૯૯% લોકો છે એ તો આ પૃથ્વી પર કુદરતના ને પોતાના અસ્તિત્વના શત્રુઓ છે. હવે જે અસ્તિત્વ અખિલ વિશ્વમાં અને બ્રહ્માંડમાં છવાયેલું છે એની સાથે સંઘર્ષમાં ઊતરીને મનુષ્ય શું મેળવી શકે ? એનો જવાબ આખી એકવીસમી સદી દરમિયાન આપણને વારંવાર મળતો રહેવાનો છે.

આપણે જે જે સવાલો ઊભા કરેલા છે, એના જવાબોની સજા ભોગવવા તૈયાર રહેવું પડે. જે રીતે આજ સુધી મનુષ્યે પ્રાકૃતિક સંપદાનો સરેઆમ ખાતમો બોલાવ્યો છે એનો જ પ્રત્યાઘાત હવે શરૂ થયો છે. સામાન્ય મનુષ્ય એમ કહી શકે ખરો કે અમે કંઈ હાથમાં કુહાડી લઈને જંગલો કાપવા ગયા નથી. પરંતુ તમે એના ઘરમાં નજર નાખશો તો ઓછામાં ઓછાં ૨૫ વર્ષની વય ધરાવતાં દસ વૃક્ષોને કાપીને ફર્નિચર બનાવવામાં આવેલું હોય છે. આ એક જ ઘરની વાત છે. હવે એ મનુષ્ય માને છે કે હું તો કોઈ અપરાધી નથી. પરંતુ આ ૧૦ વૃક્ષોનાં લોકડાંમાંથી ફર્નિચર તૈયાર થયું તો એ વૃક્ષોને અંજલિ રૂપે ૧૦ની સામે એક વૃક્ષ પણ એ મનુષ્યે વાવ્યું છે ખરું ? અને ધારો કે વાવ્યું છે તો એને ઉછેર્યું છે ખરું?




લેખક : કાન્તિ શાહ
યજ્ઞ પ્રકાશન, વડોદરા

૨૪-૩-૨૬ (અલ્પવિરામ)

**ગુજરાત સમાચાર**

# મધ્ય પૂર્વ (ખાડી દેશો)દેશોમાં ચાલતા યુદ્ધથી ગ્લોબલ વૉર્મિંગમાં વધારો થશે



**આજે** વિશ્વ આખું ખાડીમાં ચાલી રહેલા યુદ્ધ અને તેની થઈ રહેલી અસરો પરત્વે ચિંતિત છે. મહાસત્તા અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર હુમલો કરવામાં આવ્યો તેના બદલામાં ઈરાન દ્વારા પણ ઈઝરાયેલ અને ખાડી દેશો પર રોકેટમારો, ડ્રોન વગેરે દ્વારા હુમલા કરાયા છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ, યુનાઈટેડ નેશન સિક્યુરિટી કાઉન્સિલ, પીસબિલ્ડિંગ કમિશન, માનવ અધિકાર પરિષદ વગેરે જેવી આટલી બધી આંતર રાષ્ટ્રીય સંસ્થાઓ શાંતિ માટે કામ કરતી હોવા છતાંય આજે વિશ્વયુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

એક તરફ GHG(ગ્રીન હાઉસ ગેસીસ)ને લીધે થઈ રહેલા ગ્લોબલ વોર્મિંગની અસરોથી આબોહવા-પરિવર્તનની ગંભીર અસરોનો વિશ્વ સામનો કરી રહ્યું છે. તેને નાથવા માટે પેરિસ કરારો, પ્લાસ્ટિક ટ્રીટી અને SDG ગોલ્સને પાળવા વિશ્વના દેશો કરારબદ્ધ થયા છે. SDG ગોલ - ૧૬ એ શાંતિ, ન્યાય અને મજબૂત સંસ્થાઓનો ઉદ્દેશ શાંતિપૂર્ણ, સમાવિષ્ટ સમાજોને પ્રોત્સાહન આપવાનો તેમજ બધા માટે ન્યાયની પહોંચ પૂરી પાડવાનો અને ૨૦૩૦ સુધીમાં અસરકારક, જવાબદાર સંસ્થાઓનું નિર્માણ કરવાનો છે. તે હિંસા ઘટાડવા, ટ્રાફિકિંગ સામે લડવા, કાયદાના શાસનને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લાં ચાર વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. ઈરાન સામે ઈઝરાયેલ-યુએસ યુદ્ધના વર્તમાન અને ઊભરતાં લશ્કરી વલણો અને લોકો અને પર્યાવરણ પર તેમની સંભવિત અસરોને તપાસવાની જરૂર છે.

હાલમાં ચાલી રહેલા યુદ્ધને લીધે વ્યાપક નુકસાન થયું છે ત્યારે અસરગ્રસ્ત દેશોમાં પર્યાવરણીય મૂલ્યાંકન અને ઉપચાર માટે ભવિષ્યનાં સંસાધનો, તકનીકી ક્ષમતાઓ અને રાજકીય પરિસ્થિતિઓને ધ્યાનમાં લેવી મહત્ત્વપૂર્ણ છે. જેમ જેમ બોમ્બમારો ઝુંબેશ ચાલુ રહે છે તેમ તેમ એવા સંકેતો છે કે તે વધુ નાગરિક અને ઔદ્યોગિક માળખાને આવરી લેવાનું શરૂ કરી રહ્યું છે. ધાતુશાસ્ત્ર પ્લાન્ટ જેવાં ઔદ્યોગિક સ્થળો પર હુમલાઓ નોંધપાત્ર પ્રદૂષણનાં જોખમો પેદા કરી શકે છે, જેમ કે પરિવહન સુવિધાઓને નુકસાન પહોંચાડી શકે છે. તેવી જ રીતે બહુલ વસ્તીવાળા વિસ્તારોમાં અને તેની આસપાસનાં સંખ્યાબંધ ઔદ્યોગિક, ઊર્જા અને લશ્કરી લક્ષ્યો પર હુમલા કરાયા છે. તેને કારણે શહેરી વિસ્તારોમાં લોક ડાઉન જેવી સ્થિતિનું નિર્માણ થયેલું છે. રહેણાક અને વાણિજ્યિક માળખાને વિસ્ફોટથી નુકસાન તેમજ હવા, જમીન



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અને પાણી દૂષિત થઈ શકે છે. પ્રદૂષકો મુક્ત થઈ શકે છે. એસ્બેસ્ટોસ જેવી મકાન-સામગ્રીનો ભૂકો કરી શકે છે અને ઝેરી દાહક ઉત્પાદનો ઉત્પન્ન કરતી આગને ઉત્તેજિત કરી શકે છે. ઊર્જાસભર સામગ્રી, પ્રોપેલન્ટ્સ અને ભારે ધાતુઓ સહિત વિસ્ફોટક શસ્ત્રોના ઘણા ઘટકો પર્યાવરણીય રીતે પણ સમસ્યારૂપ છે.

**પરમાણુ જોખમો** : ઈરાનના નાતાન્ઝ સંવર્ધન સુવિધા પર ઇઝરાયલી હુમલા થયા. બુશેહર રિએક્ટરની નજીક વારંવાર થયેલા હુમલા, નેગેવ રણમાં ઈઝરાયેલના પરમાણુ શસ્ત્ર સુવિધાની નજીકનાં બે શહેરો અને રોટેમ ઔદ્યોગિક ઝોન પર મિસાઇલ હુમલા થયા, જ્યાં ફોસ્ફેટ થાપણોમાંથી યુરેનિયમ કાઢવામાં આવે છે. IAEA અને WHO પરમાણુ કટોકટીનાં જોખમો અને સંઘર્ષ દરમિયાન તેનો સામનો કરવાની સંભાવનાઓ અંગે તેમની ચિંતાઓ કરી રહ્યા છે. વીજપુરવઠો ગુમાવવાથી તેમજ પરમાણુ સામગ્રી ધરાવતી સુવિધાઓને સીધું નુક્સાન થવાથી પરમાણુ સલામતી જોખમાઈ શકે છે.

**પર્સિયન ગલ્ફ** : અત્યારે ઈરાન દ્વારા હુમલા કરાયા, તેમાં મોટાભાગનાં જહાજો તેલ ટેન્કરોને બદલે બલ્ક કાર્ગો જહાજો હતાં. છતાં અમેરિકા અને ઈઝરાયેલ સાથે સીધા સંકળાયેલા ન હોય તેવા દેશોનાં કેટલાંક ભરેલાં ટેન્કરો હજુ પણ અખાતમાંથી પસાર થઈ રહ્યાં છે. તેમની સામે જોખમ ચાલુ છે. બંદર અબ્બાસ જેવાં બંદરો અને દરિયાકાંઠાની તેલ માળખાગત સુવિધાઓ તેમજ ડૂબી ગયેલા ઈરાની નૌકાદળનાં જહાજો પણ સંભવિત પ્રદૂષણ સ્રોત છે. પર્સિયન ગલ્ફ કોરલ અને દરિયાઈ ઘાસ માટે મહત્ત્વ ધરાવે છે. લાલ સમુદ્રની દરિયાઈ ઇકોસિસ્ટમ અને માછીમારી માટે ખતરો ઊભો થયેલો છે. ઈઝરાયેલ અથવા યુએસ દ્વારા બંદર અને ઊર્જા માળખા પર બદલો લેવાના હુમલાઓ પણ દરિયાકાંઠાના પ્રદૂષણનાં જોખમો રજૂ કરે છે.

આ પ્રદેશના સેંકડો ડિસેલિનેશન પ્લાન્ટ્સ (દરિયાનાં ખારાં પાણીને પીવાલાયક બનાવતા પ્લાન્ટ) પર જો સીધા હુમલાઓ કરવામાં આવે તો માનવજીવન પર ઘાતક અસરો થઈ શકે. પરોક્ષ રીતે ઊર્જા પુરવઠામાં વિક્ષેપ અને મોટી તેલ ગળતરની ઘટનાઓથી પણ જોખમ થઈ શકે.

**વૈશ્વિક પરિણામો** : જટિલ પર્યાવરણીય અસરો ખાડી પ્રદેશની બહાર પણ અનુભવાવા લાગી છે. ગેસના ભાવ અને ઉપલબ્ધિને કારણે કેટલાક દેશો કોલસાના બળતણ તરફ પાછા ફર્યા છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે ઉદ્યોગોને ઘન બળતણ વાપરવાની છૂટ આપી છે. ભારત સહિત અન્ય દેશોએ ઈંધણનો ઉપયોગ ઘટાડી દીધો છે. લાંબા ગાળે આ નવીનતમ ભાવ આંચકો કેટલાક દેશોમાં ઊર્જા સંક્રમણને વેગ આપી શકે છે. યુરિયા અને ખાતરની નિકાસનો ઘટાડો ભાવમાં વધારો કરી રહ્યો છે. સુદાન અને સોમાલિયા જેવા આયાત કરતા દેશોમાં કૃષિ ઉત્પાદનને તે નુકસાન પહોંચાડશે. જ્યારે રશિયન નિકાસ આવકને ફાયદો થશે. ઊંચી કિંમતો સાથે જોડાયેલા ઉપયોગમાં વૈશ્વિક ઘટાડાથી GHG ઉત્સર્જન અને નાઈટ્રેટ પ્રદૂષણ પણ અસ્થાયી રૂપે(હંગામી ધોરણે) ઘટાડી શકાય છે.

તેલડેપો પરના હવાઈ હુમલાઓથી ઈમારતોમાંથી સૂક્ષ્મજંતુ, ધુમાડો, તેલના કણો, સલ્ફર સંયોજનો અને સંભવિત ભારે ધાતુઓ અને અકાર્બનિક પદાર્થો બહાર નીકળ્યા. જ્યારે નીચા દબાણવાળી હવામાન પ્રણાલિ, જે સામાન્ય રીતે વર્ષના આ સમયે ઈરાન અને પશ્ચિમ એશિયામાં ફેલાય છે. તેલ સુવિધાઓ,બંદરો અને લશ્કરી લક્ષ્યો પરના હુમલાઓ ઝેરી પ્રદૂષણ ફેલાવે છે, સમગ્ર પ્રદેશમાં પરમાણુ સુરક્ષા ચિંતાઓ ઊભી કરે છે.

એક એવા પણ સમાચાર છે કે ઈરાન અને ઇઝરાયેલ વચ્ચેની યુદ્ધની સ્થિતિની અસર હવે પક્ષીઓના સ્થળાંતર પણ જોવા મળી રહી છે. મીડિયા અહેવાલો અનુસાર ઈરાન તરફથી હજારોની સંખ્યામાં સ્ટેપી ઈગલ (બાજ) રાજસ્થાનના બિકાનેર વિસ્તારમાં પહોંચ્યા છે. યુદ્ધના અવાજ અને વિસ્ફોટોથી ડરીને આ પક્ષીઓએ ભારત તરફ સ્થળાંતર કર્યું છે. બિકાનેરમાં અંદાજે ૨૨૦૦ જેટલા સ્ટેપી ઈગલે (બાજ) પોતાનું ઠેકાણું બનાવ્યું છે. જોકે આટલી મોટી સંખ્યામાં વિદેશી પક્ષીઓના આગમનથી સ્થાનિક સ્તરે બીમારીઓ ફેલાવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

૧૩ માર્ચે UNEP દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં નુકસાનને ટ્રેક કરનારાઓની ચિંતાઓનો પડઘો પડ્યો હતો; યુએન પર્યાવરણ કાર્યક્રમ (UNEP)એ ચેતવણી આપી હતી કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલ સંઘર્ષ વિનાશક પર્યાવરણીય કટોકટીનું નિર્માણ કરી રહ્યો છે. ડિસેલિનેશન પ્લાન્ટ્સ, મહત્ત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ અને રાસાયણિક-ભારે દારૂગોળાના ઉપયોગ પરના હુમલાઓથી લાંબા ગાળાની પાણીની સલામતી, દરિયાઈ ઈકોસિસ્ટમ અને ખાદ્ય શ્રૃંખલાઓને નુકસાન પહોંચે છે, જેના કારણે પુનઃપ્રાપ્તિ શરૂ કરવા માટે દુશ્મનાવટ બંધ કરવા તાત્કાલિક હાકલ કરાઈ છે. માહિતી અભાવને કારણે સાચી માહિતી મેળવવી પડકારજનક બની રહી છે. ઈરાનમાં ઈન્ટરનેટ બ્લેકઆઉટને કારણે ઘટનાઓનું સોશિયલ મીડિયા કવરેજ મર્યાદિત છે. જ્યારે ઘણા સેટેલાઈટ છબી પ્રદાતાઓએ છબી પ્રકાશિત કરવામાં વિલંબ કર્યો છે. સંઘર્ષ પક્ષો અને ઘણા અસરગ્રસ્ત દેશો દ્વારા પ્રકાશિત કરાયેલ તેના કવરેજમાં ખૂબ પસંદગીયુક્ત રહ્યું છે. તે સ્પષ્ટ છે કે નુકસાનની સાચી વિગતો બહાર આવી નથી. એટલે પર્યાવરણ, જીવસૃષ્ટિ, માનવ હતાહતની આંશિક માહિતી જ મળી રહી છે. વધુ વ્યાપક ચિત્ર બહાર આવે તે પહેલાં ઘણો સમય લાગશે.

પર્યાવરણીય માહિતીનું રાજકીયકરણ થવાના સંકેતો વધી રહ્યા છે, જેમાં ઈરાને તેના દૂતાવાસોના નેટવર્ક દ્વારા તેહરાન તેલ આગનું અંગ્રેજીમાં ઝડપી મૂલ્યાંકન પ્રકાશિત કર્યું છે,જ્યારે ઈકોસાઈડની ફરિયાદ યુએન સેક્રેટરી જનરલને સબમિટ કરવામાં આવી છે. સંઘર્ષના બધા પક્ષો પર્યાવરણીય રીતે જોખમી સુવિધાઓને નિશાન બનાવી રહ્યા હોય તેવું લાગે છે.

(સાભાર : નવગુજરાત) **- મહેશ પંડ્યા**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

યુદ્ધમાં દેખાય છે... (પાન ૧૦નું ચાલુ)

માટે કહેવા પૂરતાં children home ખોલ્યાં. જબરજસ્તીથી તેમનાં સંતાનોને જુદાં પાડ્યાં. આવાં બાળગૃહોમાં સંભાળ જેવું કંઈ જ ન હતું. તેમાં દાખલ થતાં ૧૦૦ છોકરાંમાંથી ૮૪ તો મરી જતાં. તેમનાં શરીરે ભાઠાં પડી જતાં, શરીર ભૂરૂં પડી જતું, અંતે મરી જતાં ત્યારે તેમને બોક્સમાં એકસાથે વ્યવસ્થિત પેક કરી દાટવામાં આવતાં.

રવેન્સબ્રુકમાં રીઢી ગુનેગાર સ્ત્રીઓને કેમ્પનો ચાર્જ સોંપાતો. આવી ક્રૂર સ્ત્રી કેદી સ્ત્રીઓ પર અત્યંત ફોર્સથી ઠંડા પાણીનો મારો છોડતી. બેભાન સ્ત્રીઓ ભાનમાં આવતાં જ તેમના પર જંગલી હિંસક કૂતરાઓ છોડાતા. એક લેડી અમલદારને એવો વિચિત્ર શોખ હતો કે કેદી સ્ત્રીઓને સુવરાવી તેમના પર સાઈકલ ચલાવતી. એક એસ.એસ.નો ઑફિસર લોહીની ટશરો ન ફૂટે ત્યાં સુધી નગ્ન શરીર પર ચાબખા મારતો અને લોહી જોયા પછી જ તેનું ઝનૂન શાંત પડતું અને તેને તૃપ્તિ થતી. સખત મજૂરી, અપૂરતો ખોરાક અને ઊંઘ વગર નંખાઈ ગયેલી, અશક્ત અકાળે વૃદ્ધ સ્ત્રીઓને સામૂહિક સંહાર-કતલ માટે બીજા કેમ્પમાં મોકલવામાં આવતી. આવી સ્ત્રીઓને જુદી તારવવા આ નારી કંકાલોની પરેડ યોજવામાં આવતી. દૂબળી આ સ્ત્રીઓના પગ અને વાળ જોવામાં આવતા. જો વાળ ભૂખરા લાગે અને એનીમીયાને લીધે પગ સૂજી ગયા હોય તો તેમને ગુલાબી આઈડેન્ટીટી કાર્ડ મળતું. પહેલાં અશક્ત સ્ત્રીઓને મજૂરીમાંથી મુક્તિ માટે વપરાતું આ કાર્ડ મૉતનો પરવાનો બની ગયું. લડખડાતી સ્ત્રીઓને વિશ્વસુંદરી સ્પર્ધાની જેમ ચલાવવામાં આવતી. તેમના માટે તો આ જીવન-મરણની સ્પર્ધા હતી. જુવાન દેખાવા ચીમનીની મેશ માથા પર લગાવી ટટ્ટાર ચાલવા પ્રયત્ન કરતી.

બુશેનવાલ્ડમાં કેદીઓ પર પથ્થર ફેંકાયા છે, છાણમાં રગદોળ્યા છે, ચાબુકો મારી છે, ભૂખ્યા રાખ્યા છે અને ખસી કરી છે. બેસલેનમાં કેદીઓને ભૂખ્યા રાખી રાખીને તેમના જીવતરને પ્રાણી સહજ ક્ષુધામાં જ પૂરી દીધા છે. માણસને આ આત્યંતિક પરિસ્થિતિમાં સ્વભક્ષી મૃતભોજી બનાવ્યો છે. ભૂખ્યા કેદીઓએ મૃત સાથીદારના માંસની પટ્ટીઓ કાપીને પેટ ભરવાનો પ્રયત્ન કર્યો છે. યાનોવમાં એક જ ઝાટકે દસ વરસના છોકરાના બે કટકા કરવાની સ્પર્ધા થઈ છે તો મનોરંજન માટે માનવ-શિકાર પણ થયો છે. એસ.એસ. ઑફિસર તેના કુટુંબને આ નવી મૃત્યુક્રીડાથી ખુશ કરી રહ્યો છે. દૂર રહેલા કેદીમાંથી કોઈનું પણ નિશાન લે છે. શિકાર ઢળી પડે છે. પત્ની ખુશ થાય છે. ખુશ થયેલી મેડમના હાથમાં બંદૂક અપાય છે. હવે મેડમ પણ શિકારનો શોખ પૂરો કરે છે. નાનાં બાળકોને હવામાં જ ઉછાળી તેનું નિશાન લેવાય છે. અધ્ધર હવામાંથી વીંધાયેલું બાળક નીચે પડે છે. એસ.એસ.વિલ્હેમ્સની આઠ વરસની દીકરી ખુશ થઈ તાળી પાડે છે, 'પાપા ફરી કરો ને !' પાપા ફરી કરે છે.

રશિયન લાલ બોલ્શેવિકોની દાઝ રશિયન યુદ્ધકેદીઓ પર નીકળી છે. ધગધગતા લાલ સળિયાથી તેમની આંખો કાઢી લેવામાં આવી છે, તેમનાં પેટ ચીરવામાં આવ્યાં છે. તેમને થાંભલે ખોડવામાં આવ્યા છે. જીવતા નખ ઉખેડ્યા છે. જમવામાં ૨૦૦ ગ્રામ બ્રેડ અને સડેલા સોયાબીનનો ગંધાતો સૂપ. ભૂખમરાથી શરીરે સોજા ચડી જતા. ઘાયલ રોગી કેદીઓને કોઈ સારવાર ન મળતી. પરુવાળા કચકચતા પાટા ભાગ્યે જ બદલવામાં આવતા. પથારી પરુ અને વિષ્ટાથી ખરડાયેલી રહેતી. સૂવા માટેની કોટડીમાં અંધારું જ રહેતું. જાળિયું હતું પણ બારી ન હતી. જંતુની જેમ કેદીઓ મરતા. નબળા કેદીઓને મારી નાખવા સ્ક્રીનિંગ કરવામાં આવતું ત્યારે નબળા કેદીઓ પણ છાતી ફુલાવી ટટ્ટાર ચાલવા પ્રયત્ન કરતા. મજૂરોની જ્યારે જરૂર હતી કે તંગી પડતી ત્યારે જ આવા યુદ્ધકેદીઓને જિવાડવા પ્રયત્ન થતા. તેમના વૃષણમાં ભયંકર પીડાકારી સોય ઘોંચવામાં આવી છે તો સ્ત્રીઓને યોનિમાં રસાયણ ભરેલી દઝાડતી કેપ્સ્યુલ દાખલ કરવામાં આવી છે.

હિટલરે વ્યક્તિગત હિંસા, અપમાન, અવહેલનાની સાથોસાથ રાષ્ટ્રોને પણ નામોશી, નાલેશી, અપમાન અને અવહેલનાનો અનુભવ કરાવ્યો. વિશ્વ વિજેતા નેપોલિયનના કબર સ્મારક પર હિટલર તેનો સમોવડિયો થઈ હુંકાર કરી ઊભો રહ્યો. પહેલા વિશ્વયુદ્ધમાં જે નામોશીભરી હાર જર્મનીએ અનુભવી તેનો ક્રૂર બદલો હિટલરે ફ્રાંસ પર આ રીતે વાળ્યો. પેરિસના પતન અને એફિલ ટાવર પર નાઝી વાવટો ફરકાવ્યા પછી થાકેલા હારેલા ફ્રાંસ સાથે શસ્ત્રવિરામની સંધિ માટે સ્થળ પસંદ કર્યું કોમ્પેનિયેના જંગલનું- જ્યાં ૧૯૧૮માં ૧૧મી નવેમ્બરે જર્મનીને નીચી મૂંડીએ આકરી શરતોથી શસ્ત્રવિરામ સંધિ પર સહી કરવી પડેલી. એ સહીસિક્કા જે ટ્રેઈનના ડબ્બામાં થયેલા તેને મ્યુઝિયમની દીવાલો તોડી કોમ્પેનિયે લાવવામાં આવ્યો. ઓક, પાઈન, સાયપ્રસના મનોહર પડછાયા અને શાંતિમય વાતાવરણમાં હિટલરની મોટી મર્સીડીઝનાં બારણાં ખૂલ્યાં. હિટલર વિજેતાની અદાથી ઊતર્યો. ફ્રેન્ચ પ્રજાના વિજયને અહીં મહાકાય ગ્રેનાઈટ બ્લોકથી વિજયલેખ રૂપે લખેલો હતો. કડવી નજરે તેણે વાંચ્યું "Here on the eleventh of November 1918 Succumbed the criminal Pride of the German empire Vanquished by the live people which it tried to enslave" એ લેખના શબ્દો વાંચી હિટલર સળગી ઊઠ્યો. તેનો ચહેરો ક્રોધ, ધિક્કાર અને બદલાની ચાડી ખાતો હતો.

ગ્રેનાઈટ બ્લોકથી લખેલા તે શબ્દોને બૂટની એડીથી કચરી શકાય તેમ ન હતા. ત્વરિત ગતિથી તેનું આખું શરીર તેણે ઝકઝોર્યું. સાથળે ફટાક હાથ પછાડ્યા, ખભા નમાવ્યા અને બે પગ પહોળા કરી ટટ્ટાર ઊભો રહ્યો. પ્રતીકારનું આ એક પ્રતીક હતું. ફ્રેન્ચ અધિકારીઓને આ સ્થળે લાવવામાં આવ્યા. જે ડબ્બામાં જર્મન માર્શલ ફોશ બેઠો હતો તે જગ્યાએ હિટલર બેઠો અને એક વખત જે સીટ પર વિજેતા ફ્રાંસ બેઠું હતું તે સીટ પર પરાજિત ફ્રાંસના અધિકારીને બેસાડી શસ્ત્રવિરામની સંધિ પર જર્મન શરતો અનુસાર સહી કરાવી. આ જગ્યાએ ઇતિહાસનું ચક્ર ઊંધું ફર્યું. પડતાને પાટુ મારી હિટલરે દાઝ્યા પર ડામ દીધો. પરાજિત ફ્રાંસના ગૌરવ અને અસ્મિતાનું આ ગણતરીપૂર્વકનું નિર્લજ્જ અપમાન હતું. ફ્રેન્ચ વિજયના પ્રતીકરૂપ એ ટ્રેઈનનો ડબ્બો જર્મનીના વિજય અને ફ્રેન્ચ પ્રજાની હાંસીનું પ્રતીક બન્યો. તે ડબ્બાને વિજય રથની જેમ જર્મનીમાં ફેરવી બર્લીનમાં પ્રદર્શિત કરવામાં આવ્યો !

આ યુદ્ધમાં બે હજાર વરસથી તવાતી યહુદી પ્રજાની આકરી તાવણી થઈ. માણસની ઉત્ક્રાંતિના હજારો વરસના ઇતિહાસમાં યહુદીઓ પર આચરવામાં આવેલી આ હિંસા સહુથી અધમ, નિર્લજ્જ અને નિઘૃણ હતી.

(સાભાર - 'પીડ પરાઈ') **- યજ્ઞેશ દવે**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અણુ શસ્ત્રોના ઓળા... (પાન ૧૩નું ચાલુ)
છે. ન નૂર ન શહૂર. જોઈને રોવાનું મન થાય, ને કાળા માથાના માનવી ઉપરથી ઈતબાર નામે ઊઠી જાય.

ચાર ચાર વરસના અરસા પછી આજે એની રાખમાંથી એના જૂના દેહની ક્રૂર મશ્કરી સમું એક નવું વામણું શહેર કોઈ અપંગની લાચારીથી ધીમે ધીમે સળવળી રહ્યું છે. આભઊંચાં મકાનો, બંદરના ડક્કા-ઓવારા અને દરિયા-ખાડીઓ વચ્ચે લાખોની વસ્તી અને થોકચોક કામકાજની સમણાસમણથી ધીકતા શહેરની જગાએ રોતાં ખંડેરો વચ્ચે નાનાં નીચાં એકઢાળિયાં કે ઘોલકા ઘાટના વામણા ઇમલા આજે ઊભા થઈ રહ્યા છે. કંઈક લોક રસ્તાની ધારે ફાટ્યાંતૂટ્યાં ગુણપાટની કનાતો બાંધીને કે કાઠી-લાકડીને ટેકે લૂગડાંનાં છાજ કરીને પડ્યાં છે. વેંત લાંબી ને તસુ પહોળી કહીએ એવી રાવટી-ઘોલકીઓમાં બે, ચાર, પાંચ, છ માનવી વસતાં પણ જોવા મળે છે !

બીજું એક અનોખું દૃશ્ય એ છે કે ઘરોમાં બહાર જ્યાં જુઓ ત્યાં માણસોનાં અંગેઅંગ ભૂંસાઈ ચીમળાઈ કરમાઈને કાળાં ઠીકરાં થઈ ગએલાં. જેને જુઓ તેને હાથે, પગે, કોટે, કપાળે, ખભે, બાવડે, ગાલે કે હડપચી નીચે મસ મોટાં લાખાં. દરેક જણને ડીલે જ્યાં ત્યાં રૂઝાઈને ઘટ્ટ બની ગએલ કાળા માંસની ગૂથો કે લચીલબડીને થીજી ગએલ માંસના લોચા. લૂલાં લંગડાં, ખોડાં ને અપંગ અપાહિજ માનવીઓની જ બધી દુનિયા.

આ જુઓ એક ઇસ્પિતાલ છે. જૂની ઇસ્પિતાલો તો બધી ભસમ થઈ ચૂકી. આ નવી ઊભી થએલ છે. દારુણ દૃશ્ય છે. મળ્યાં તે લાકડાં-અછોલાં જેમતેમ જોડીને ખાટલા ઊભા કર્યા છે. ચાદર તકિયાનું નામ નહીં. મેલાઘાણ ગંધાતા લીરા ને ચીંદરડીઓ પાટાને નામે ભોંય પર જ્યાં ત્યાં પડેલી. બાથરૂમ કહેવાય એવડી માંદાંની ખોલીઓ ને તેવી એકેકમાં ચચ્ચાર પાંચ-પાંચ માંદાં ઈયળ અળશિયાંની જેમ ટળવળે ! માંદાં ભેળાં વળી તેનાં કુટુંબીઓ પણ પડ્યાં હોય. ઑપરેશનની ઓરડી તો જાણે ચોખ્ખું બૂચડખાનું. આ ચિતાર ભૂલવા તમે જેટલા મથો તેટલો તે તમારા રોમેરોમને ચિટકીને પોકારી ઊઠશે.

અણુબૉમ્બનો અવતાર જે ધરતી ઉપર પહેલવહેલો થયો તે ધરતીનાં બાળ આ જાપાનવાસીઓ શું બધા લશ્કરી સઇનિકો હતા ? ના. જે બે-અઢી લાખ માનવી અણુના ભડકામાં સપડાઈને ભસમ થયાં તેમાં સઇનિકો તો કદાચ ૩૦-૪૦ હજાર હતા, ને ધડાકાને દિવસે શહેરની ભાગોળે કે એવે ક્યાંક પડ્યા હતા. બે-અઢી લાખનો આંકડો પણ એ સર્વનાશને વરસો વીત્યા બાદ હજુ હવે પ્રગટ થાય છે. તે વખતે તો કુલ્લે નાશનો આંકડો શત્રુમિત્ર સહુએ પોતપોતાનાં કારણસર અરધાથી ઓછો દેખાડ્યો હતો.

આ બે-અઢી લાખ લોકો શહેરવસ્તીનાં હતાં. બુઢ્ઢાં, બાળક, સ્ત્રીઓ, અર્ભકો, માંદાં, પાદરી-પૂજારી, સાધુભિખ્ખુ, અતીતઅભ્યાગત સહુ કોઈ શહેરમાં હતું. ઘર આંગણે, ચઉટે ચકલે, ઇસ્પિતાલોમાં, દેવમંદિરોમાં, શહેર આખું બીજાં શહેરોની જેમ જ રોજિંદા વહેવારોમાં ગૂંથાયેલું હતું. ૧૯૪૫ના ઓગસ્ટની છઠ્ઠી તારીખે ખાસ્સો સવારના સવા આઠનો અમલ.

એકાએક અંતરીક્ષમાં આ પૃથ્વી પર અગાઉ કદી કોઈએ ન સાંભળેલો કડાકો થયો, કદી કોઈ માનવીની આંખે ન જોએલો ઝબકારો થયો. જાણે સૂરજગોળો ફાટ્યો, અને તેનો એક બળતો પલીતો સીધો શહેર ઉપર ઊતર્યો, સૂરજથી દીપ્તિમાન, વીજળીથી ચપળ ને વજ્રથીયે એ કારમો હતો. પાપંણ હાલે એથી ઓછા વખતમાં ને ઘોડદોડનું ઘડિયાળ નોંધે એથી ઓછા અરસામાં, બળબળતા રણના બપોરથી અનેકગણા વધુ અંગાર ઝરતી કટાર કેમ જાણે શહેરની છાતીમાં કોઈએ ખોસી દીધી ! જે કોઈ રડ્યાંખડ્યાં બચેલાંએ આ પળ કે વિપળનો પોતાનો અનુભવ કહી બતાવવાનો પ્રયત્ન કર્યો છે તે એકેએક જણે આ જ વાત લગભગ એક જ સરખી ભાષામાં અને શબ્દોમાં કરી છે.

એ વિપળને વીતેલી જોવા જે જીવ્યું તેણે પોતાનાં અંગેઅંગને ભડકે બળતાં જોયાં. શરીર પરની ચામડી બધી દાઝીને રોટલી વળતી કે લબડી પડતી જોઈ; આગની જ્વાળાઓને પોતાનાં હાડેહાડની અંદર ઊતરીને માંહેલા ગરભ વીંધતી જોઈ. આંગણે, ફળિયે, ચોરે, ચકલે ને ઊભી બજારોએ જેને જોયું તેને નાસતું જોયું. પોતે ક્યાં જાય છે, આ શું થયું ને શું થઈ રહ્યું છે, એની કોઈને કશી ગમ નહોતી. નહોતું ભાન કે નહોતા હોશ. શહેર આખું એક જ હોળીનો ભડકો હતો, અને તેની વચ્ચે આમથી તેમ નાસભાગ કરતાં બેહોશ લોકો ફૂદાં પતંગિયાંની જેમ ભૂંજાઈને ભસમ થતાં હતાં.

બીજે વળી ધુમાડાના ગોટેગોટા વચ્ચે અને માણસ, મકાન, એકેએક ચીજને લાંબી જીભે ચાટતી અગ્નિજ્વાળાઓ વચ્ચે, નાસતાં માણસો ઠોકરો ખાતાં, ઘેરાતાં, અટવાતાં, કાં તૂટી પડતાં મકાનોની ભીંતો કે કાટમાળ નીચે છુંદાઈ ચગદાઈને દટાઈ મરતાં હતાં. મરતાંની ચીસો ને આર્તનાદ પણ ક્યાંક ક્ષણવાર સંભળાતાં ને શમી જતાં. રસ્તે જતાં ગાડીખટારા ને અટારીએ ઊભેલાં માનવીઓના આકાર છબીઘરના પડદા પર ઝલાય તેમ જ્યાં ને ત્યાં હવા જોડે ઝલાઈને ચોંટી ગયા !

કોઈએ ચીસ નાંખી : 'પાણી તરફ, પાણીમાં.' - તેવું જ લોક નદી ભણી વળ્યું. જઈ જઈને પાણીમાં પડ્યું. ખાડીનાં ખારાં પાણીએ એમનાં ભડકે બળતાં અંગોને મીઠે ઝબોળ્યાં. છતાં એ ઠંડી છરીની લ્હાય અગ્નિસ્નાન કરતાં બહેતર હતી. લોકો પડી રહ્યાં. પોતે ક્યાં હતાં, ક્યાંથી આવ્યાં, પોતાનાં માબાપ, ભાઈભાંડુ, ધણીદીકરા, બચ્ચાંકચ્ચાં, કોણ ક્યાં હશે, ને તેમનું શું થયું હશે, એ વાતનું કોઈને ઓસાણ નહોતું. પોતે ને બીજાં સહુ નવસ્ત્રાં છે એના કોઈને હોશ નહોતા. રોવાની પણ કોઈને ગમ નહોતી.

દિવસ બધો ને બધી રાત આ ચાલ્યું, અને અણુની આગે હજારો લાખ્ખોને ભરખ્યા. કંઈક લોક નદી-ખાડીઓમાં પાણીમાં પડી રહ્યું. પણ ત્યાંયે ઓટથી પાણી ઓસર્યાં, ને મૂઆં જીવતાંના ફરક વિનાનાં હજારો લોક કાદવમાં ખૂંચેલાં પડી રહ્યાં.

આમ ને આમ રાત વીતી. પણ સવાર કે સૂર્યોદય કશું ભળાય એમ ન હતું. જ્યાં શહેર જ આખું સળગતી મશાલ બની ગયું હતું,



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ત્યાં સૂરજ દેવ કઈ પેરે દેખાય ?

આવો હતો અણુબૉમ્બનો પ્રતાપ ને મહિમા. વીસમી સદીના માનવીએ માનવી-દુઃખનો પરિહાર કરવા ને લડાઈને દુનિયા પરથી દેશવટો દેવા એને શોધ્યો અને યોજ્યો. 'મૅટર' ઉપર 'માઇન્ડ'નો વિજય સાબિત કરવા સદીઓથી સેવેલા સ્વપ્નાને એણે સાચું કરી બતાવ્યું. પણ આજલગીની એની કાળી કારકિર્દીને કારણે કે કોણ જાણે, પણ પેલી ઘોડો માગનાર ફકીરની વાત છે તેમ અલ્લાએ 'ઊલટી બૂઝી' ! અથવા એમ પણ કાં ન કહીએ, કે સેંકડો ગામડાંઓને અને તેનાં લાખો ગામડીઆઓના કુટુંબજીવનને ધૂળ મેળવીને તેમના શોષણ અને નીતિનાશ ઉપર ઊભનારાં ને નભનારાં આજનાં શહેરો પર એવાં વંચિતોની કકળેલી આંતરડીના સો વરસના નિસાસા આ અણુની શોધરૂપે ઊતર્યા, જેણે શહેર માત્રને આજે શાપ રૂપે સાબિત કર્યાં ? બિહાર ધરતીકંપને આપણાં જ પાપોનું ફળ કહીને ગાંધીજીએ નહોતો ઓળખાવ્યો ?

આમ છતાં આજની ઘડીએ પણ અણુરહસ્ય પર માલિકી ધરાવનારી પ્રજાઓમાં કેટલાયે પ્રામાણિક માણસો પડ્યા છે, જેઓ આ અણુબૉમ્બને જ આજની દુનિયાનો પોલીસદાદો ગણે છે; અને એની જ ધાકે પૃથ્વી ઉપર સુલેહ શાંતિ ટકાવવાનો આગ્રહ રાખે છે !

આવા કેટલાકોએ વળી આજે રાંકડા બની દિવસો ગુજારતા હીરોશીમાવાસીઓને જ મોઢે અણુનાં ગુણગાન કરાવ્યાં છે ? 'ભલે અમે મૂઆ, પણ દુનિયા તો ઊગરી ગઈ. અમારું નહિ તો બીજું કોઈ જાપાની શહેર અણુનું ભક્ષ બનત. તો પછી અમે ભરખાયા તો ભલે ભરખાયા. અમારાં યે પાપ કંઈ ઓછાં નહોતાં.'

બીજા કેટલાક વળી જાપાનીઓને જ મોઢેથી એવા પણ પુરાવા કઢાવે છે કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હીરોશીમા જાપાનનું સહુથી મોટું લશ્કરી મથક હતું, અને ત્યાં જ જાપાનના દારૂગોળા શસ્ત્રસરંજામ સહુથી વધુ પ્રમાણમાં ખડકાયા હતા. કેમ જાણે બધું રજેરજ જાણી ગણી તપાસીને જ અમેરિકનો તેના પર ગોળો ફેંકવા ગયા હોય ! હકીકતમાં ગોળો તો અમેરિકન યુદ્ધપતિએ એવી રીતે પધરાવ્યો કે સીધો એક ઇસ્પિતાલ ઉપર જ ઊતર્યો ! ને તેની લગોલગ હતું અઉદ્યોગિક કળાકારીગરીના પ્રદર્શનનું મકાન !

પણ આ અણુના ધાકે પરાજિતોના જેટલી જ વિજયી પ્રજાઓને પણ ગ્રાસી છે. અણુબોમ્બે નિપજાવેલા તાત્કાલિક નાશ ઉપરાંત તેનાં પાછળથી લાંબે ગાળે નીપજતાં કારમાં પરિણામોનો તાગ મેળવવા એણે વઇજ્ઞાનિક તપાસ-કમિશનો નીમવા માંડ્યાં છે. પાંચ લાખ લોકની એમણે કરેલી વઈજ્ઞાનિક તપાસમાંથી એમ જડતું જાય છે કે ધીમો અંધાપો, લોહીનાં ઝેર, કેન્સર, જનન-અંગોને લગતી વિકૃતિઓ, એવાં એવાં કેટલાં યે દરદો અણુના ભોગ બનેલાંને અને ચચ્ચાર પેઢી લગીને તેમનાં વંશવારસોને પૂણશે. તેમની પેઢીઓ અષ્ટાવક્ર થઈને અવતરશે, ને જાતજાતનાં દરદો વારસામાં મેળવીને જિંદગીઓ વિતાવશે. વળી અણુના પરાક્રમ પ્રસાદીની આટલી આ શોધો તો હજુ પાશેરામાં પહેલી પૂણી છે !

દઇતને શરમાવે એવા દારુણ અને કરપીણ કૃત્યથી દુનિયા આગળ ભોંઠી પડેલી અમેરિકન પ્રજાની આ બધી મથામણ પોતાની ભોંઠપ ભૂલવા તો નહિ હોય ? ડંખતા અંતરને મનાવી પટાવીને ઉંઘાડવાના પ્રયત્નો પ્રમાણિક અને વિવેકી માણસો પણ ન કરે એવું નથી. બાકી દુનિયાના બળિયાઓને તો ખરો પસ્તાવો કેટલો થયો છે એનું માપ હાઈડ્રોજન બૉમ્બની શોધ અને તે સામેની રશિયન જાહેરાતોમાંથી આજની દુનિયાને મળી રહ્યું છે.

વીસમી સદીનો પનોતો પુત્ર આજનો માનવી એક બાજુએ દુનિયા આખીને એક પરિવાર 'વન વર્લ્ડ' ગણવાની વાત કરે, ને સાથે જ આખી પ્રજાની પ્રજાઓને એકબીજાની શત્રુ ગણી બીજાઓ પાસે પણ તેમ કરાવવા પ્રયાસ કરે, લાખ લાખ લશ્કરી, બિન-લશ્કરીઓને, બુઢ્ઢાં માંદાં, ગરભવંતીઓ, ધાવણાં બાળકોને, કોઈ વાતનો ટાળો કર્યા વગર એક હોળીએ હોમે, ને ઉપરથી પાછો પોતે દુનિયા પરથી યુદ્ધની શક્યતાઓને મિટાવી દેવા નીકળેલા તારણહારમાં ખપવા માંગે, - એ પણ આ સદીનું આઠમું અચરજ છે.

પણ એનાં કાળાં કામોનાં ભક્ષ બનનારાંનાં અંતરમાં ડોકિયું કરી જોઈએ તો ? એ ચિતાર કેવો કારમો હશે ? 'સેટરડે રિવ્યુ'ના દિલસોજ, ન્યાયપ્રિય અને નિષ્પક્ષ બનવા મથતા લેખકે એક જગાએ ધણીદીકરાનાં નઈવેદ્ય અણુદેવને ધરાવીને ધાકોર થઈ બેઠેલી એ રાંડીમૂંડી વાળંદ બાઈના બોલ ટાંક્યા છે. તે આંધળાને ય ઊકલે તેવા છે : ''હું જીવીશ ત્યાં સુધી કોઈ અમેરિકનનું મોઢું જોવા નથી ઇચ્છતી. કાં કે આવાં કાળાં કામો કરીને પોતાની ઇજતને કાજળથી લીંપનારી એ પ્રજાને માટે મારા આ હઈયામાં કેટલો ધિક્કાર ભર્યો છે તે એવો એ કળી જાય.''


આ તહોમતનામની અસર કંઈક હળવી કરવા કે પછી કોણ જાણે, પણ લેખકે આ રક્તરંજિત ગાથા સામે આશાનો ચિતાર પણ આલેખ્યો છે. મસાણની રાખનો ઢગ થઈ બેઠેલા આ શહેરનાં ખંડિયેરો વચ્ચે, અને આજઘડી લગી ન ખસેડાએલાં રૂબલરોડાંના ઢોરાટેકરાઓ વચ્ચે-વચ્ચે આજે હરિયાળી ઊગી રહી છે; મસાણમાં મઢૂલીઓ બંધાઈ છે; માથે દુઃખનાં ઝાડ ઊગ્યાં છે તે ખમીને ય જીવતી રહેલી પ્રજા અજે હસી શકે છે; બાળકો દડવડ દડવડ દોડે છે. નાની શી માતાઓ ઠેઠની જાપાની અદાથી પીઠે છોકરાં બાંધીને કામે કાજે જાય છે; બેઝબૉલની રમત ત્યાં આજે લોકપ્રિય થઈ પડી છે, અને તે રમવા બસોમાં બેસીને જતા ગણવેશધારી નવજુવાનો સુરીલાં સંઘગીતો લલકારતા સંભળાય છે... વગેરે.

કાળને દુઃખનું ઓસડ કહ્યો છે. માણસમાત્રમાં પડેલી જિજીવિશા અને આશા માનવીએ કલ્પેલાં કે વિજ્ઞાને સરજેલાં તમામ બળોને હંફાવે છે. દુઃખના કે સુખના કોઈ આવેગ-ઉદ્રેકની એક જ સપાટીએ માણસ કાયમ રહી શકતો નથી એવો ઈશ્વરી સંકેત છે. આમાં એની અપાર કરુણા સમાયેલી છે.

(સાભાર - 'માનવતાના વેરી' પુસ્તકમાંથી ટૂંકાવીને) **- સ્વામી આનંદ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org




# પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ

**પુસ્તક : કટોકટી અને તેમાં 'ભૂમિપુત્ર' – યજ્ઞ પ્રકાશનની ભૂમિકા**

સરમુખત્યારી સામે લોકસંઘર્ષની ગાથા,
લેખન-સંપાદન : રજની દવે ● પૃષ્ઠ : ૪૦૪
● સાઈઝ(ક્રાઉન) 7" x 10" ● કિંમત : ૪૫૦/- (રાહત દરે)

**તારીખ : ૨૬ જૂન ૨૦૨૬, બપોરે ૩.૦૦ થી ૬.૦૦**

**સ્થળ**

સમુદાય શિક્ષણ ભવન, નવજીવન પ્રેસ સામે, આશ્રમ રોડ,
ઈન્કમટેક્ષ ચાર રસ્તા પાસે, અમદાવાદ પીન ૩૮૦૦૦૯.

## ■ આયોજકો

❍ ગુજરાત સર્વોદય મંડળ ❍ ગુજરાતી લેખક મંડળ
❍ યજ્ઞ પ્રકાશન – (વડોદરા) ❍ માનવીય ટેકનોલોજી ફોરમ

## ■ મીઠો આવકાર

આ પુસ્તકને ❍ શ્રી ઘનશ્યામભાઈ શાહ ❍ રોહિતભાઈ શુક્લ ❍ પ્રકાશ ન. શાહ ❍ મનીષીભાઈ જાનીએ મીઠો આવકાર આપીને વધાવ્યું છે.

## ■ પુસ્તકની રચના

પુસ્તક કુલ ૮ વિભાગોમાં વહેંચાયેલું છે.

વિભાગ-૧ : ❍ કટોકટી પૂર્વેની ગુજરાતની સ્થિતિ ❍ બિહાર આંદોલનની વાતો ❍ નવનિર્માણ આંદોલન પછી મતદાતા શિક્ષણ. ❍ કટોકટી હટાવો ❍ ન્યાય મંદિરે 'ભૂમિપુત્ર'નો વિજય.
વિભાગ-૨ : ❍ ગુજરાતમાં જે.પી.નું આગમન અને ૩ પ્રવચનો.
વિભાગ-૩ : ❍ દાદા ધર્માધિકારીનું બિહાર આંદોલનને સમર્થન.
વિભાગ-૪ : ❍ કટોકટીની પૂર્વસંધ્યાએ દિલ્હીમાં જે.પી.નું પ્રવચન.
વિભાગ-૫ : ❍ કટોકટીકાળમાં અપાયેલાં પ્રવચનો તેમજ કેટલાક લેખો.
વિભાગ-૬ : ❍ કટોકટી દરમ્યાન જેલજીવનના અનુભવો.
વિભાગ-૭ : ❍ કટોકટીને સમજવા ૧૭ જેટલાં પુસ્તકોનો લાંબો ટૂંકો પરિચય.
વિભાગ-૮ : ❍ વર્ષ ૨૦૨૫- કટોકટીનાં ૫૦ વર્ષે થોડું ચિંતન.

**લોકાર્પણ પ્રસંગે પુસ્તક ફક્ત રૂા. ૩૪૦/– માં આપવામાં આવશે**

રસ ધરાવતા સૌ કોઈને આ કાર્યક્રમમાં આવવા ભાવભીનું આમંત્રણ છે.
આપના આવવાની જાણ કરશો, તો વ્યવસ્થા સુચારુ રીતે થઈ શકશે.

**સંપર્ક : રજની દવે – મો.: ૭૯૯૦૯૫૬૮૩૦**
**પ્રાપ્તિ સ્થાન : યજ્ઞ પ્રકાશન, વડોદરા. મો. : ૯૦૧૬૪ ૭૯૯૮૨**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# કોસ્ટ ઓફ વોર

ટ્રમ્પ દાવો કરે છે કે ઇરાન સાથેનું યુદ્ધ પૂરું થવામાં છે. ઇરાન કહે છે કે અમે નક્કી કરીશું ક્યારે પૂરું થશે એ. હકીકત એ છે કે યુદ્ધ કાગળ પર પૂરું થાય તો પણ જમીન પર તેની અસર વર્ષો, દાયકાઓ સુધી ચાલતી રહે છે.

અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીએ કોસ્ટ ઓફ વોર (યુદ્ધની કિંમત) નામે અહેવાલ તૈયાર કર્યો છે. અમેરિકા પર ૨૦૦૧માં આતંકી હુમલો થયો એ પછી આખા જગતમાં અમેરિકાના હુમલા વધ્યા છે. ૨૦૦૧થી લઈને ૨૦૨૩ સુધી અમેરિકાએ આતંકવાદીઓને ખતમ કરવા કયા દેશોમાં કેવા હુમલા કર્યા, કેવી તૈયારી કરી, કેવી અસર થઈ એ બધું રિપોર્ટનાં પાનાં પર પથરાયેલું છે અને જમીન પરની હકીકતને બયાં કરે છે.

અફઘાનિસ્તાનમાંથી લાદેનને ખતમ કરવા અમેરિકાએ ધડબડાટી બોલાવી એ જાણીતી વાત છે. ઓછી જાણીતી વાત એ છે કે અફઘાન ધરતી પર ઠેર ઠેર ન ફૂટેલી લેન્ડમાઇન્સ (જમીનમાં છુપાવાયેલી સુરંગો, જેના પર પગ આવે એટલે આપોઆપ ફૂટે) સંતાયેલી છે. તેના પર જાણે અજાણે પગ આવે એટલે પગ દેનારનું શરીર અનેક અંગોમાં વિભાજિત થાય. અફઘાનિસ્તાનમાં આવા સુરંગ વિસ્ફોટથી ૧૪,૬૯૩ નાગરિકો ઘાયલ થયા અને ૫,૪૪૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. યુદ્ધને કારણે એવું તો ઘણુંય થયું છે.

### યુદ્ધ એટલે મૃત્યુ

૨૦૦૧થી ૨૦૨૩ દરમિયાન ઈરાક, અફઘાનિસ્તાન, સીરિયા, યમન અને પાકિસ્તાનમાં સીધી હિંસાને કારણે અંદાજે ૯,૪૦,૦૦૦ લોકો માર્યા ગયાં. જેમાંથી ૪,૩૨,૦૦૦થી વધુ તો માત્ર સામાન્ય નાગરિકો હતા.

અંદાજે ૩૬થી ૩૮ લાખ લોકો યુદ્ધની આડઅસરો અને પાયાની સુવિધાઓ ખોરવાતાં મૃત્યુ પામ્યાં અને કુલ મૃત્યુઆંક ૪૫થી ૪૭ લાખ સુધી પહોંચી ગયો. અંદાજે ૩.૮ કરોડ લોકો પોતાનાં ઘર છોડવા મજબૂર બન્યાં. અફઘાનિસ્તાન અને ઇરાકમાંથી વિસ્થાપિત થયેલા લોકો પાકિસ્તાન, ઇરાન અને તુર્કી જેવા દેશોમાં આશરો લઈ રહ્યા છે. મે ૨૦૨૩ સુધીના આંકડા મુજબ, યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં ૭૬ લાખથી વધુ બાળકો ગંભીર કુપોષણથી પીડાઈ રહ્યાં છે.

### યુદ્ધ એટલે વિસ્થાપન અને ગરીબી

અફઘાનિસ્તાન, ઇરાક, પાકિસ્તાન, યમન, સોમાલિયા અને સીરિયા જેવા યુદ્ધગ્રસ્ત દેશોમાંથી અંદાજે ૩.૮ કરોડ લોકો વિસ્થાપિત થયા છે. આ આંકડો માનવઇતિહાસમાં સૌથી મોટા વિસ્થાપનમાંથી એક છે. એકલા અફઘાનિસ્તાનમાં જ ૫૯ લાખ લોકોએ ક્યાં તો દેશ છોડ્યો અથવા તો દેશની અંદર જ આશ્રય લેવો પડ્યો છે. આપણે એ સમજવું જોઈએ કે વિસ્થાપિત થવું એ માત્ર રહેઠાણ ગુમાવવું જ નથી, પણ તે રોગચાળા અને ગરીબીને કારણે થતા મૃત્યુદરમાં પણ વધારો કરે છે.

### યુદ્ધ એટલે તિજોરીમાં ખાડો

૨૦૨૨ સુધીમાં, અમેરિકાએ અંદાજે ૮ ટ્રિલિયન ડોલર (આશરે ૬૬૦ લાખ કરોડ રૂપિયા) ખર્ચ્યા છે. આ યુદ્ધો સંપૂર્ણપણે દેવું કરીને લડવામાં આવ્યાં હોવાથી, અત્યાર સુધીમાં અમેરિકાએ ૧ ટ્રિલિયન ડોલર (લગભગ ૮૩ લાખ કરોડ રૂપિયા) માત્ર વ્યાજ પેટે જ ચૂકવ્યા છે.

એવો પણ અંદાજ છે કે ૨૦૨૩ સુધીમાં વ્યાજની આ રકમ ૨ ટ્રિલિયન ડોલર (લગભગ ૧૬૬ લાખ કરોડ રૂપિયા) સુધી પહોંચી જશે. આ ઉપરાંત, ૨૦૦૨થી અત્યાર સુધીમાં અમેરિકાની આંતરિક સુરક્ષા માટે પણ ૧.૧ ટ્રિલિયન ડોલર એટલે કે ૯૧.૩ લાખ કરોડ રૂપિયાથી પણ વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે.

### યુદ્ધ એટલે સૈનિકોની શહાદત

૭,૦૫૩થી વધુ અમેરિકી સૈનિકો અને ૮,૧૮૯ કોન્ટ્રાક્ટરોએ આ સંઘર્ષોમાં પોતાનો જીવ ગુમાવ્યો છે, જોકે, સૌથી ચોંકાવનારી વિગત એ છે કે યુદ્ધના મેદાનમાં શહીદ થયેલા સૈનિકો કરતાં ચાર ગણા વધુ સૈનિકો અને નિવૃત્ત સૈનિકોએ યુદ્ધના માનસિક આઘાતને કારણે આત્મહત્યા કરી, જે એક ગંભીર માનસિક સ્વાસ્થ્ય સંકટ તરફ ઈશારો કરે છે. આ ઉપરાંત, ૧૮ લાખથી વધુ નિવૃત્ત સૈનિકો યુદ્ધને કારણે શારીરિક કે માનસિક રીતે વિકલાંગ બન્યા છે.

આ વિકલાંગ સૈનિકોની આજીવન સારવાર અને પેન્શનનો ખર્ચ અમેરિકી સરકાર માટે એક મોટો બોજ બની રહ્યો છે, જે ૨૦૫૦ સુધીમાં ૨.૨ થી ૨.૫ ટ્રિલિયન ડોલર (૧૮૨ લાખ કરોડ રૂપિયાથી ૨૦૭ લાખ કરોડ રૂપિયા) સુધી પહોંચવાની ધારણા છે.

### યુદ્ધ એટલે પર્યાવરણનું નિકંદન

અમેરિકી સંરક્ષણ વિભાગ, એ તેલનો વિશ્વનો સૌથી મોટો ગ્રાહક હોવાને કારણે ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં મોટો ભાગ ભજવે છે, જે આબોહવા પરિવર્તનને વેગ આપે છે. યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં ઝેરી કચરો અને પ્રદૂષણ સ્વાસ્થ્યની ગંભીર સમસ્યાઓ નોતરી રહ્યું છે. જેમ કે, ઇરાકના ફાલુજામાં થયેલા ભારે બોમ્બમારાને કારણે નવજાત બાળકોમાં જન્મજાત ખામીઓના પ્રમાણમાં ૧૭ ગણો વધારો જોવા મળ્યો છે. તો અફઘાનિસ્તાન આજે પણ અસંખ્ય લેન્ડલાઈન્સ અને ન ફૂટેલા બોમ્બથી ભરેલું છે, જે ત્યાંનાં બાળકો અને સામાન્ય જનતા માટે જીવલેણ ખતરો છે. એટલું જ નહિ, સૈનિકો અને સ્થાનિકોમાં કેન્સર અને શ્વાસની બીમારીઓ પણ વધી છે.

### ગાઝાની વર્તમાન સ્થિતિ : એક માનવીય સંકટ

ઑક્ટોબર ૨૦૨૩થી શરૂ થયેલા ઇઝરાયેલ-ગાઝા સંઘર્ષે ૨૧મી સદીની સૌથી ગંભીર માનવીય દુર્ઘટનાઓમાંથી એકને જન્મ આપ્યો છે. હૉસ્પિટલો પરના હુમલા અને પાયાની સુવિધાઓના વિનાશને પરિણામે સીધી હિંસા કરતાં પણ પરોક્ષ કારણોસર થતાં મૃત્યુનું પ્રમાણ ચિંતાજનક

(જુઓ પાન નં. ૨૭)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શસ્ત્રવિહોણો સૈનિક



**હા**લ દુનિયાનાં જેટલાં રાષ્ટ્રો સીધા અને જાહેર થયેલા યુદ્ધમાં લોહી વહાવી રહ્યાં છે એનાથી અનેકગણા દેશો આડકતરી કે વણઘોષિત લડાઈમાં ગળાડૂબ છે. શાંતિના નોબેલ પુરસ્કાર માટે તરફડતા ડોનાલ્ડ ટ્રમ્પે જે ઉપાડો લીધો છે કે ઉધામા મચાવ્યા છે તે કલ્પના બહારના છે.

આજના ટ્રમ્પના અમેરિકાના જ એક અનોખા, સંવેદનશીલ, સહૃદય, ઋજુ અને માનવતાથી સભર ડેસમન્ડ ડોસ નામના સૈનિકને યાદ કરવા જેવા છે. અમેરિકન સેનામાં કોર્પોરલ તરીકે સેવા આપનારા આ સૈનિકે દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન કોમ્બેટ મેડિક તરીકે કામ કર્યું પણ.... દેશ, નોકરી અને ફરજ છતાં ડેસમન્ડ ડોસે યુદ્ધમાં હથિયાર વાપરવાનો ધરાર ઇન્કાર કર્યો હતો. એક સૈનિક થઈને શસ્ત્ર ન વાપરે એ વળી કેટલું વિચિત્ર ગણાય ? આ નિર્ણય નહિ, દુ:સાહસ લાગે ભોટાભાગના ડહ્યાજનોને. ઘણી વાર ડેસમન્ડે મજાક, મશ્કરી અને ઉપહાસ સહન કર્યાં. નિર્ણય બદલવા ભારે દબાણ આવ્યાં. અરે, એમને કોર્ટ-માર્શલની ધમકીઓનો પણ સામનો કરવો પડ્યો.

આ બધાંની લેશમાત્ર પરવા કર્યા વગર ડેસમન્ડ ડોસ ક્યારેય પોતાના નિયમો, આદર્શ કે સિદ્ધાંતો પ્રત્યેની પ્રતિબદ્ધતામાંથી તસુભર ડગ્યા નહોતા. એમના આ અનોખા પગલા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ છે એની પાછળનું કારણ. ડેસમન્ડભાઈ એકદમ ધાર્મિક વૃત્તિવાળા માણસ. તેઓ ગાઢ ધાર્મિક 'સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ' (Seventh-day Adventist) હતા. 'સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ' શું છે એ થોડું સમજીએ. આ એક ખ્રિસ્તી ધાર્મિક પંથ છે જે મુખ્ય શબ્દોના અર્થથી સમજી શકાય. આ પંથના શ્રદ્ધાળુઓ માને છે કે બાઇબલ પ્રમાણે સાબથ (સાતમો દિવસ) શનિવારે મનાવવો જોઈએ. સરળ ભાષામાં 'સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ' એટલે એવા ખ્રિસ્તી જે શનિવારને પવિત્ર દિવસ માને છે અને ઈસુ ખ્રિસ્તના પુનરાગમનનો વિશ્વાસ ધરાવે છે. આ સંપ્રદાયના અનુયાયીઓ સ્વસ્થ જીવનશૈલી પસંદ કરે છે. નોંધપાત્ર સંખ્યામાં લોકો શાકાહારી હોય છે અને દારૂ તથા તમાકુથી દૂર રહેવા ઉપરાંત શિક્ષણ અને આરોગ્યસેવાને મહત્ત્વ આપનારા હોય છે.

આવાં બધાં કારણોસર ડેસમન્ડ ડોસને અહિંસામાં અખૂટ વિશ્વાસ. તેમની કારકિર્દીમાં બેટલ ઓફ ઓકિનાવા બહુ મોટી લડાઈ હતી. આ પેસિફિક યુદ્ધની સૌથી ભયંકર લડાઈઓમાંની એક હતી. ડોસે ભારે ગોળીબાર વચ્ચે વારંવાર જીવના જોખમે દોડી જઈને લગભગ ૭૫ ઘાયલ સૈનિકોને બચાવ્યા. એક પછી એક ઘાયલોને યુદ્ધમેદાનમાંથી ખભે ઉઠાવીને ઊંચા પહાડોની કિનારી પરથી દોરડાની મદદથી નીચે સલામત સ્થળે પહોંચાડતા રહ્યા. ઓકિનાવાની લડાઈમાં ખડકાળ જગ્યાએ ભયંકર ગોળીબાર વચ્ચે અદ્ભુત શૌર્ય બતાવતાં ડોસે એકલા હાથે લગભગ ૧૦૦ ઘાયલ સૈનિકોને બચાવ્યા. દરેક વખત તેઓ પ્રાર્થના કરતા કે, 'ભગવાન, મને એક વધુ માણસ બચાવવા દો.' આ બચાવ કામગીરી વચ્ચે તેઓ ખુદ અનેક વખત ઘાયલ થયા અને શરીરમાં ગ્રેનેડના ટુકડા પણ ઘૂસી ગયા. ઈજા એટલી ગંભીર હતી કે હૉસ્પિટલમાં ખસેડવા પડ્યા હતા. આવા અદમ્ય હિંમત અને નિસ્વાર્થતા માટે તેમને અમેરિકાનું સર્વોચ્ચ સૈનિક સન્માન 'મેડલ ઓફ ઓનર' એનાયત કરાયું હતું. હથિયાર ન ધારણ કરનાર તરીકે આ એવોર્ડ મેળવનારા તેઓ સર્વપ્રથમ વ્યક્તિ હતા. ૧૯૪૪માં પણ ઘાયલ સૈનિકોને બચાવવા બદલ તેમને બે વખત 'બ્રોન્ઝ સ્ટાર મેડલ' મળ્યાં હતાં.

આવા અદ્‌ભુત માનવી ડેસમન્ડ ડોસનો જન્મ ૧૯૧૯ની ૭મી ફેબ્રુઆરીએ અમેરિકાના લિન્ચબર્ગ શહેરમાં થયો હતો. પિતા વિલિયમ થોમસ ડોસ કારપેન્ટર, તો માતા બર્થા એડવર્ડ ડોસ ગૃહિણી ધર્મ બજાવવાની સાથે જૂતાના કારખાનામાં નોકરી કરતાં હતાં. માતાએ દીકરાને સેવન્થ-ડે એડવેન્ટિસ્ટ ચર્ચના સિદ્ધાંતો મુજબ ઉછેર્યો. જેમાંથી અહિંસાના વિચારો મન-મગજમાં જડબેસલાક જડાઈ ગયા. મહામંદીમાં તેમણે લાકડાંની કંપનીમાં કામ કર્યું. પછી શિપયાર્ડમાં સુથાર તરીકે કામ કર્યું. દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થયું. દેશપ્રેમના કારણે ૧ એપ્રિલ, ૧૯૪૨ના રોજ સેનામાં જોડાયા. સૈનિક હોવા છતાં બંદૂક કે કોઈ હથિયાર હાથમાં લીધું નહીં.

યુદ્ધ પછી હાથમાં ગંભીર ઈજાને કારણે તેઓ ફરી સુથારી કામ કરી શક્યા નહીં. ૧૯૪૬માં વળગેલા ક્ષય રોગની સારવાર ખૂબ લાંબી ચાલી. ૧૯૭૬માં દવાના ઓવરડોઝે સાંભળવાની શક્તિ આંચકી લીધી. ૧૯૮૮માં સાંભળવાની શક્તિ પાછી આવી. ૨૩ માર્ચ ૨૦૦૬ના રોજ તેમણે પોતાના ઘરે આખરી શ્વાસ લીધા. તેમનું નામ આજે પણ બહાદુરી અને માનવતાનું પ્રતીક માનવામાં આવે છે.

સારભાર : દિ.ભા. — **પ્રફૂલ શાહ**

---

**કોસ્ટ ઓફ વોર...** (પાન ૨૬નું ચાલુ)

રીતે વધ્યું છે. ઑક્ટોબર ૨૦૨૪ સુધીના અહેવાલો મુજબ, ગાઝાની અંદાજે ૯૬% વસ્તી (૨૧.૫ લાખ લોકો) ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહી છે. જેમાં હજારો નિર્દોષ લોકો માત્ર ભૂખમરાને કારણે જીવ ગુમાવી રહ્યા છે.

**- દિવ્ય ભાસ્કર**

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં૰ મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# કોઈ લૌટા દે

''**વિ**ભા, ટી.વી. ચાલુ નહીં કરતી. મારાથી આ બધું સહન નથી થતું.'' વિભા હાથમાં રિમોટ લઈને હજી ટી.વી. ચાલુ કરવા જ જતી હતી ત્યાં અજિતે કહ્યું. ''સહન તો મારાથી પણ નથી થતું, પણ પેપર વાંચીએ, ન્યુઝ જોઈએ તો ખબર તો પડે કે દુનિયામાં શું ચાલી રહ્યું છે?''

''ચાલવામાં તો હિંસા, તારાજી, મોંઘવારી, અત્યાચાર- એ સિવાય બીજું શું છે? આ યુદ્ધ શરૂ થયાને બે-અઢી મહિના થયા પણ હજી અંત નજીકમાં દેખાતો નથી. કોણ જાણે શું થશે દુનિયા આખીનું?'' અત્યંત ઉદાસ થઈને અજિત બોલ્યો.

વિભા અને અજિત બંને રચનાત્મક કામો સાથે જોડાયેલાં. સ્વાશ્રય સંસ્થા દ્વારા બાળકોને જીવનોપયોગી તાલીમ આપતાં. આમ તો એમની સંસ્થા કે ગામ સુધી હજી યુદ્ધની અસર ખાસ પહોંચી નહોતી, પણ એ બંને તો સમષ્ટિની ચિંતા કરનારાં હતાં. અજિતને ખભે હાથ મૂકતાં વિભા બોલી, ''આજના સંજોગોમાં આપણા હાથમાં પરમાત્માને પ્રાર્થના કરવા સિવાય બીજું કશું નથી. હું તો રોજ પ્રભુને વિશ્વમાં શાંતિ સ્થાપવાની પ્રાર્થના કરું છું.''

''પણ સાચું કહું તો હમણાં રોજેરોજ જે વિનાશ, અને બરબાદીના કિસ્સા સંભળાય છે એનાથી પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા પણ ડગી જાય છે. એમાંય આ બધાની જે ભયંકર અસર બાળકો પર પડે છે એ જાણીને કોળિયો ગળે ઊતરતો નથી. વારંવાર વિચાર આવે છે કે, એ કુમળાં બાળકોનો શો વાંક કે એમણે જીવતાં નરકમાં રહેવું પડે?''

બંનેની આ વાતો ચાલી રહી હતી ત્યાં ભીખાભાઈ આવ્યા. રોજ સાંજ પડે ને એમનો એક આંટો તો હોય જ. આ યુગલ પાસે કંઈક સારું જાણવા-સમજવાની એમને ભૂખ રહેતી. આવતાંની સાથે એમણે પૂછ્યું, ''અજિતભૈ, આજે મેં ક્યાંક વાંચ્યું કે, 'યુદ્ધસ્ય કથા રમ્યા'. એમાં ઝાઝી સમજ તો ન પડી પણ થયું કે, તમને પૂછું કે, લડાઈની વાતો સારી કઈ રીતે હોય, એ તો ભયંકર જ હોય ને?''

''તમારી વાત સાવ સાચી છે ભીખાભાઈ, પણ એક સંસ્કૃત શ્લોકનું એ અડધું જ વાક્ય છે. એમાં આગળ કહ્યું છે કે, આ વાતો સાંભળવામાં જ સારી છે, યુદ્ધમાં ઝંપલાવવા માટે નહીં. એટલે કે, મહાભારત જેવા યુદ્ધની વાતો આજે સાંભળીએ તો આપણને વીરતા, બહાદુરી, સમર્પણ જેવા ગુણોની વાતમાંથી શીખવા મળે પણ એનો અર્થ એવો નહીં કે આપણે પણ યુદ્ધમાં જોડાવું.''

હા... માળું આ તમે બરાબર કીધું હોં! હમણાં મારો પાડોશી ચંપક પણ આવવાનો છે. આજુબાજુમાંથી થોડા લોકો ભેગા થાય પછી તમે ને બહેન અમને હમણાં જે લડાઈ ચાલી રહી છે ને એની થોડી વાત કરો.

થોડીવારમાં તો ફળિયું દસ-પંદર જણાથી ભરાઈ ગયું. વાતની શરૂઆત કરતાં વિભાએ કહ્યું, ''આપણને સૌને આપણાં બાળકો જીવથીય વધારે વહાલાં છે એમ દુનિયામાં બધાંયને હોય ને? આ યુદ્ધમાં ઈઝરાયેલ નામના દેશે ઈરાનમાં છોકરીઓની એક નિશાળ પર બોંબ ફેંક્યો ને, તે ૧૬૦ નાનકડી દીકરીઓનો ભોગ લેવાઈ ગયો. આપણે વિચારીએ કે, એમનાં મા-બાપ પર શું વીતી હશે? હજી સવારે તો એ દીકરીઓને તૈયાર કરીને શાળામાં મોકલી હશે ને...'' વિભાની આંખો છલકાઈ આવી. બેઠેલાં બધાંનાં મોંમાંથી હાયકારો નીકળી ગયો.

''એવી જ રીતે થોડાં વર્ષો પહેલાંની વાત કરું તો લગભગ ૭૨ ની સાલમાં અમેરિકાએ વિયેતનામ પર એક ભયંકર બોંબ ફેંકેલો. આમ તો આખું ગામ એની ઝપેટમાં આવી ગયેલું પણ નવ વર્ષની કિમ નામની દીકરીનાં તો આખા શરીરનાં કપડાં બળી ઊઠ્યાં ને સાથે શરીરની ચામડી પણ ઉતરડાઈ ગઈ. નાનકડી કિમ ચીસો પાડતી પાડતી નગ્નાવસ્થામાં શેરીમાં દોડવા લાગી. એની સાથે રમતાં હતાં એ બાળકો પણ એની પાછળ દોડ્યાં. કોઈ તસવીરકારે એ ભયાનક દશ્યના ફોટા પાડી લઈને દુનિયા સામે મૂક્યા ત્યારે એ જોઈને સૌ કોઈ હચમચી ઊઠ્યા અને 'યુદ્ધ બંધ કરો'ની માગણી કરવા લાગ્યા.'' અજિતે ભારે હૈયે યુદ્ધનો જૂનો પ્રસંગ યાદ કર્યો.

વાતાવરણ બોઝીલ થઈ ગયું હતું છતાં વિભાને થયું કે, આટલા બધા લોકોને યુદ્ધની નિરર્થકતા વિશે કંઈક કહેવાનો મોકો મળ્યો છે તો મક્કમતાથી વાત કરવી જોઈએ. એ ઊભી થઈ અને અંદરના ઓરડામાંથી એક પુસ્તક લઈ આવી. એનું પહેલું પાનું ખોલીને એણે સમુદ્રકિનારે તરતી એક બાળકની લાશનો ફોટો બતાવ્યો. બધા અંદરોઅંદર 'આ કોણ છે?' એમ પૂછવા લાગ્યા.

''આ બાળકનું નામ હતું એલન. એ માત્ર બે વર્ષનો હતો. ભૂરી આંખો અને સોનેરી વાળવાળો મીઠડો એલન પરાણે વહાલો લાગે એવો હતો. ૨૦૧૫ માં સિરિયામાં અંદરોઅંદર યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યારે એનો આખો પરિવાર બચવાની આશાએ બોટમાં બેસીને યુરોપ જવા ભાગી નીકળ્યો. વચ્ચે બોટ ઊંધી વળી ગઈ ને એલનની લાશ તણાઈને કિનારે ખેંચાઈ આવી ત્યારનો આ ફોટો જોઈને જગત આખું ધ્રુસ્કે ચઢી ગયું હતું. ''પોતાની વાત પૂરી થઈ ગઈ છતાં વિભા પુસ્તકમાંના એલનના ફોટા સામે જોઈ રહી.

''આ બધી વાત સો ટકા હાચી પણ આપણે એમાં હું કરી હકીએ?'' કોઈએ સવાલ પૂછ્યો.

''તમારો સવાલ એકદમ બરાબર છે. અમે પણ સમજીએ છીએ કે, આજે જ્યારે આભ ફાટ્યું છે ત્યારે આપણે થીંગડું મારવા નહીં જઈ શકીએ, પણ આપણે આપણાં બાળકોને, ગામલોકોને આ વાત સમજાવીને શાંતિનો સંદેશ ફેલાવી શકીએ. કદાચ આપણા પ્રયત્નોથી આવનારી પેઢીને યુદ્ધની નિરર્થકતા સમજાય પણ ખરી!'' અજિતે સમાપન કરતાં કહ્યું.

સૌ વિખરાયા પછી વિભાએ પુસ્તકનાં પાનાં ફેરવીને અજિતને બતાવતાં કહ્યું, જુઓ, આપણા કવિશ્રી સુરેશ જોશી 'શાંતિનું આખરી યુદ્ધ' નામના કાવ્યમાં બાળપણ પર થતી યુદ્ધની ભયાનક અસર વિશે લખે છે- 'મરેલ માનાં સ્તન ચાવી થાક્યું, બેઠું બાળક અહીં માર્ગ વચ્ચે શૂન્યે ભાળતું કશું નિર્નિમેષ, થીજેલ એ દૃષ્ટિ તણી સરાણે આવો, જરા શસ્ત્રની ધાર કાઢીએ, ને શાંતિનું આખરી યુદ્ધ ખેલીએ.'

પુસ્તક બંધ કરી રહેલી વિભાના હાથ પર બે ગરમાગરમ અશ્રુ પડ્યાં. દૂર ક્યાંક રેડિયો પર વાગી રહેલા ગીતના શબ્દો સંભળાયા,

'કોઈ લૌટા દે મેરે બીતે હુએ દિન
બીતે હુએ દિન વો મેરે પ્યારે પલ છીન'

**– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું, મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org